RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE ®
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૧૪   સોમવાર, તા.૨૨-૦૪-૨૦૨૪   અંક : ૧૦૨ વર્ષ : ૧૯   email :rajkot@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# લોકસભાની ૨૫ બેઠકોમાં ૨૬૬ ઉમેદવારો મેદાનમાં

## સુરત બેઠક બિન હરીફ થતા હવે ૨૫ બેઠક પર જ ૭મી મેએ મતદાન : ૧૯ મહિલા ઉમેદવારો મેદાનમાં

### અમદાવાદ બેઠક પર સૌથી વધુ ઉમેદવાર : સૌથી ઓછા ત્રણ ઉમેદવારો બારડોલી બેઠક પર



અમદાવાદ,

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકોની ચૂંટણીમાં ૧૯ મહિલાઓ સાથે કુલ ૨૬૬ તેમજ વિધાનસભાની પાંચ બેઠકોમાં ૨૪ ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે. ઉમેદવારી પત્રોની ચકાસણી અને ફોર્મ પાછા ખેંચાયા પછી આખરી ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે.

રાજયના મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના જણાવ્યા પ્રમાણે લોકસભાની ૨૬ બેઠકો માટે ૪૩૩ અને વિધાનસભા માટે ૩૭ ઉમેદવારો મેદાનમાં હતા પરંતુ ઉમેદવારી ફોર્મની ચકાસણી પછી લોકસભામાં ૩૨૮ અને વિધાનસભામાં ૨૭ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. ચૂંટણી પંચે ૧૦૫ ઉમેદવારીપત્રો રિજેક્ટ કર્યા હતા. ૬૨ ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા પછી ઉમેદવારોની ફાઈનલ યાદી તૈયાર કરવામાં આવી હતી, જે પૈકી લોકસભાની અમદાવાદ બેઠક ઉપર સૌથી વધુ ૧૮ ઉમેદવારો સ્પર્ધામાં છે જયારે સૌથી ઓછા ત્રણ ઉમેદવારો બારડોલી બેઠક પર રહ્યાં છે. એવી જ રીતે વિજાપુર વિધાનસભાની બેઠકમાં સૌથી વધુ આઠ ઉમેદવારો અને સૌથી ઓછા બે ઉમેદવારો વાઘોડિયા બેઠક પર ચૂંટણી લડી રહ્યાં છે.

## મતદાન વગર વ્યુહ રચનાથી ભાજપે જીત્યો સુરતનો ગઢ

### સુરતની સીટ ભાજપના ૪૦૦ પારના લક્ષ્યાંકમાં પહેલી જીત સાથેનું કમળ મોદીજીને અર્પણ : સી.આર. પાટીલ



સુરત,

સુરત લોકસભા બેઠક પર કાલે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ હતો ત્યારે સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ થયા છે, કારણ કે સુરત લોકસભા બેઠક પર અપક્ષ સહિત ૮ ઉમેદવાર પૈકી ૭ ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યાં હતાં. બાદમાં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર પ્યારેલાલ ગાયબ થયા બાદ કલેક્ટર કચેરીએ પ્રગટ થયા હતા અને ઉમેદવારીપત્રક પાછું ખેંચી લેતાં ચૂંટણીપંચે વિજેતા જાહેર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે દેશમાં પ્રથમવાર લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે.

ગુજરાત પ્રદેશ ભાજપ-પ્રમુખ સી.આર. પાટીલે જણાવ્યું હતું કે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ હતો. કોંગ્રેસના ઉમેદવારનું અને તેના ડમી ઉમેદવાનું ફોર્મ રદ થયું હતું. ત્યાર પછી ભાજપના ઉમેદવાર અને અન્ય આઠ ઉમેદવાર હરીફાઈમાં હતા. આ આઠેઆઠ ઉમેદવારોએ ફોર્મ પાછાં ખેંચી લેતાં સુરત કલેક્ટર દ્વારા મુકેશભાઈ દલાલને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કર્યા છે. ચૂંટણી પહેલાં જ કોંગ્રેસે જ ડ્રામા કર્યો. પહેલા આક્ષેપ કર્યો કે ઉમેદવારના ટેકેદારોનું અપહરણ થયું છે, ઉમેદવારે પોતે આ વાતનું ખંડન કર્યું, ગેરસમજો ઊભી કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ આજે પરિણામ સામે આવ્યું છે. સુરતની સીટ ભારતનો ૪૦૦ પારનો લક્ષ્યાંક છે, એની આ પહેલી જીત છે. આ જીત નરેન્દ્રભાઈ મોદી સાહેબને અપર્ણ કરીએ છીએ, સાથેસાથે અમે અન્ય ૨૫ સીટ છે એ અમે જીતીને ૨૬એ ૨૬ કમળ મોદીસાહેબને અર્પણ કરવાનાં છે.

## તાઈવાનમાં ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ : ૬ કલાકમાં ૮૦ ઝટકા

### ચીન-જાપાન અને ફિલિપાઈન્સમાં પણ ધરતી ધ્રુજી




તાઈવાન,

તાઈવાનમાં ફરીથી ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. તાઈવાનમાં સોમવાર સાંજે ૫ વાગ્યાથી ૧૨ વાગ્યા દરમિયાન ૮૦થી વધુ વખત ભૂકંપના ઝટકા અનુભવાયા હતા જેમાં સૌથી વધુ તીવ્રતા ૬.૩ અને ૬ નોંધવામાં આવી છે. ભારતીય સમય અનુસાર, આ બન્ને ઝટકા રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ કેટલીક મિનિટના સમયમાં આવ્યા હતા. તાઈવાનમાં ત્યારે રાતના ૨.૨૬ અને ૨.૩૨ વાગ્યા હતા.

ભૂકંપનું કેન્દ્ર પૂર્વ કાઉન્ટી હુલિએનમાં ૫.૫ કિલોમીટર નીચે હતું. ભૂકંપને કારણ હુલિએનમાં બે બિલ્ડિંગને નુકસાન થયું છે જેમાં એક બિલ્ડિંગ પડી ગઈ હતી તો બીજી રોડ તરફ આડી થઈ ગઈ હતી. જાપાન, ચીન અને ફિલિપાઈન્સમાં પણ સામાન્ય ઝટકા અનુભવાયા હતા. જોકે, કોઈ નુકસાનના સમાચાર નથી.

## મલેશિયન નેવીનાં ૨ હેલિકોપ્ટર હવામાં ટકરાયાં: ૧૦નાં મોત

### મલેશિયન નેવી પરેડ માટે રિહર્સલ થઈ રહ્યું હતું : આકાશમાં બંને હેલિકોપ્ટર ક્રેશ થયા

મલેશિયા,

આજે મલેશિયન નેવીના ૨ હેલિકોપ્ટર આકાશમાં ટકરાયા હતા. અકસ્માતમાં ૧૦ના મોત થયા છે. મલેશિયન નેવીએ જણાવ્યું કે રોયલ મલેશિયન નેવી પરેડના રિહર્સલ દરમિયાન આ અકસ્માત થયો હતો.આજે સવારે ૯.૩૦ વાગ્યે પેરાકમાં લુમુટ નેવલ બેઝ પર આ અકસ્માત થયો હતો. તમામ મૃતદેહોને લુમુત આર્મી બેઝની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની ઓળખ કરવામાં આવશે.

હેલિકોપ્ટરની ટક્કરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. મલેશિયન ફ્રી પ્રેસના રિપોર્ટ અનુસાર, નેવીની ૯૦મી એનિવર્સરી પરેડ માટે રિહર્સલ ચાલી રહ્યું હતું.

## બળવાખોર ઈશ્વરપ્પા ભાજપમાંથી સસ્પેન્ડ

### યેદિયુરપ્પાના પુત્ર સામે લડી રહ્યા છે ચૂંટણી

નવીદિલ્હી,

ઈશ્વરપ્પાએ રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી અને હાવેરીથી તેમના પુત્રને ટિકિટ આપવાની માંગ કરી હતી. પરંતુ આવું ન થતાં તેઓ બળવાખોર બન્યા અને અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનું નક્કી કર્યું. તેમણે ભાજપના નેતા અને પૂર્વ સીએમ બીએસ યેદિયુરપ્પા સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેઓ લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં યેદિયુરપ્પાના પુત્ર બીવાય રાઘવેન્દ્ર સામે ચૂંટણી લડશે.

કર્ણાટકના બળવાખોર નેતા કેએસ ઈશ્વરપ્પા સામે ભાજપે કાર્યવાહી કરી છે. કર્ણાટક ભાજપે પાર્ટીના વરિષ્ઠ નેતા બળવાખોર બનેલા કેએસ ઈશ્વરપ્પાને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી હાંકી કાઢ્યા છે. પોતાના પુત્રને હાવેરીથી લોકસભાની ટિકિટ ન આપવાથી નારાજ ઈશ્વરપ્પાએ શિવમોગાથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.

## કોંગ્રસે પીએમ મોદી સામે ચૂંટણી પંચમાં નોંધાવી આચારસંહિતા ભંગની ફરિયાદ

### અમારા તરફથી ૧૭ ફરિયાદો છે, ચૂંટણી પંચે તાત્કાલિક પગલાં લેવા જોઈએ - કોંગ્રેસ નેતા અભિષેક મનુ સિંઘવી

નવીદિલ્હી,

દેશભરમાં લોકસભા ચૂંટણીને લઈને રાજકીય પક્ષો દ્વારા જોરશોરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન પક્ષ અને વિપક્ષ એકબીજા પર શાબ્દિક પ્રહારો કરી રહ્યા છે. ૨૧મી એપ્રિલે રાજસ્થાનમાં જનસભાને સંબોધતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલા એક નિવેદનનો દેશભરમાં વિપક્ષી પાર્ટીઓ વિરોધ કરી રહી છે. ત્યારે કોંગ્રેસના નેતાઓ અભિષેક મનુ સિંઘવી અને ગુરદીપ સિંહ સપ્પલે ૨૨મી એપ્રિલે આ મામલે ચૂંટણી પંચને ફરિયાદ કરી છે. ચૂંટણી પંચને ફરિયાદ કર્યા બાદ કોંગ્રેસ નેતા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું, “અમે આભારી છીએ કે ચૂંટણી પંચે અમારી વાત સાંભળી. અમારા તરફથી ૧૭ ફરિયાદો છે, ચૂંટણી પંચે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. અમે દેશના વડાપ્રધાનનું સન્માન કરીએ છીએ. રાજસ્થાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં નિવેદનમાં એક સમુદાય અને ધર્મનું નામ લેવામાં આવ્યું છે. જેમાં ઘૂસણખોરો સાથે સમુદાય અથવા ધર્મને જોડવામાં આવ્યો છે.”

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૧મી એપ્રિલ રવિવારે રાજસ્થાનના બાંસવાડામાં જનસભાને સંબોધી હતી. તેમણે કહ્યું હતું, “કોંગ્રેસનો આ ઢંઢેરો કહી રહ્યો છે કે તેઓ માતાઓ અને બહેનોના સોનાની ગણતરી કરશે.

## અનંત-રાધિકાનાં લગ્ન લંડનમાં તેમના સ્ટોક પાર્ક એસ્ટેટમાં થશે

### સ્ટોક પાર્ક એસ્ટેટમાં ૩ દિવસ ચાલશે ઉજવણી

મુંબઈ,

મુકેશ અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી જુલાઈમાં તેમની પ્રેમિકા રાધિકા મર્ચન્ટ સાથે લગ્ન કરવા જઈ રહ્યા છે. લગ્ન પહેલા, અનંત અને રાધિકાએ માર્ચમાં એક ભવ્ય પ્રી-વેડિંગ ફંક્શન કર્યું હતું. યુગલના પ્રિ-વેડિંગમાં હોલીવુડ, બોલિવૂડ અને બિઝનેસ જગતની ઘણી જાણીતી હસ્તીઓએ હાજરી આપી હતી. હવે મળતી માહિતી મુજબ અનંત-રાધિકાના લગ્નની ઉજવણી પ્રી-વેડિંગ સેલિબ્રેશન કરતાં પણ વધુ ભવ્ય અને ધમાકેદાર બનવા જઈ રહી છે. જાણવા મળ્યું છે કે અનંત-રાધિકાના લગ્નનું ફંક્શન જુલાઈમાં લંડનમાં તેમના સ્ટોક પાર્ક એસ્ટેટમાં યોજાવા જઈ રહ્યું છે.સમારોહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. નીતા અંબાણી પોતે દરેક બાબત પર ખાસ ધ્યાન આપી રહ્યા છે.



## સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે દાદાને સુવર્ણ વાઘાનો શણગાર

સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે હનુમાનજી જયંતી નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે મંગળા આરતી, શણગાર આરતી તેમજ દાદાને સુવર્ણના વાઘાનો શણગાર કરવામાં આવ્યો છે. મંદિર પરીસરમા સંતો દ્વારા ૨૫૦ કિલોની કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી. સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે હજારોની સંખ્યામાં ભક્તોએ જય શ્રીરામના નારા લગાવી મંદિર પરીસર ગુંજી ઉઠ્યું હતું.

## કાલથી ફરી આકરી ગરમીનો રાઉન્ડ શરૂ

### તાપમાન ક્રમશ: ૪૦થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી જશે

અમદાવાદ,

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભેજવાળા પવનોનાં કારણે કાળઝાળ ગરમીમાં રાહત રહી હતી. જો કે હવે કાલથી ફરી સર્વત્ર ગરમીમાં ક્રમશઃ વધારો થશે. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આવતી તા.૩૦ સુધી ગરમી વધશે અને ક્રમશઃ ૪૦થી ૪૪ ડિગ્રી સુધી તાપમાનનો પારો પહોંચી જશે.

ગઈકાલે પણ રાજયમાં ગરમીમાં આંશિક રાહત રહેવા પામી હતી. ગઈકાલે અમદાવાદમાં ૩૯, અમરેલીમાં ૩૯, વડોદરામાં ૩૭.૮, ભાવનગરમાં ૩૮.૨, ભૂજમાં ૩૭.૬, છોટા ઉદેપુરમાં ૩૬.૯, ડિસામાં ૩૭.૮, દિવમાં ૩૫.૬ અને દ્વારકા ખાતે ૩૦.૬, ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

## રાજૌરીમાં ટાર્ગેટ કિલિંગ : આતંકીઓએ સરકારી કર્મચારીની ગોળી મારી હત્યા કરી

### એક મહિનામાં ટાર્ગેટ કિલીંગની ત્રીજી ઘટના બની

રાજૌરી,

જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં આતંકીઓએ ફરી એકવાર ટાર્ગેટ કિલિંગને અંજામ આપ્યો છે. આતંકવાદીઓએ સોમવારે એક સ્થાનિક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરી હતી. પીડિતાની ઓળખ કુંડા ટોપે શાહદરા શરીફના રહેવાસી મોહમ્મદ રઝાક તરીકે થઈ છે.

૪૦ વર્ષીય રઝાક સમાજ કલ્યાણ વિભાગમાં કામ કરતો હતો. તેનો ભાઈ સેનામાં સૈનિક છે. આતંકીઓએ મોહમ્મદ રઝાકના ઘર પર ગોળીબાર કર્યો હતો. આ દરમિયાન રઝાકને ગોળી વાગી હતી. હુમલામાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં તેનું મૃત્યુ થયું. પોલીસે આરોપીને પકડવા માટે સમગ્ર વિસ્તારને સીલ કરી દીધો છે. પોલીસ અને સેનાની સંયુક્ત ટીમે હુમલાખોરોને પકડવા માટે વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

## વેંકૈયા નાયડુ સહિત ૩ને પદ્મ વિભૂષણ

### ડો. તેજસ પટેલ, મિથુન ચક્રવર્તી સહિત ૧૭ને પદ્મ ભૂષણ : ૧૧૦ને પદ્મશ્રી મળ્યા



નવીદિલ્હી,

રાષ્ટ્રપતિ ભવન ખાતે સોમવારે સાંજે પદ્મ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા. આ સન્માનોની જાહેરાત ૨૫ જાન્યુઆરીએ કરવામાં આવી હતી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પહેલા પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ, બિંદેશ્વર પાઠક (મરણોત્તર) અને પદ્મ સુબ્રહ્મણ્યમને પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા. બિંદેશ્વર પાઠકનાં પત્ની અમોલા પાઠકે એવોર્ડ મેળવ્યો હતો.આ પછી ગુજરાતના જાણીતા તબીબ ડો. તેજસ પટેલ, અભિનેતા મિથુન ચક્રવર્તી, ગાયક ઉષા ઉથુપ અને સીતારામ જિંદાલ સહિત કેટલાક લોકોને પદ્મ ભૂષણ આપવામાં આવ્યો હતો. આ સિવાય મનોહર કૃષ્ણ ડોલે અને રામચેત ચૌધરી સહિતની કેટલીક હસ્તીઓને પદ્મશ્રી આપવામાં આવ્યો હતો.આ વખતે ૨૦૨૪ માટે ૫ લોકોને પદ્મ વિભૂષણ, ૧૭ લોકોને પદ્મ ભૂષણ અને ૧૧૦ લોકોને પદ્મ શ્રીથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આજના સમારોહમાં આમાંથી કેટલીક હસ્તીઓનું સન્માન થઈ શક્યું નથી, તેમનું આગામી સપ્તાહે સન્માન કરવામાં આવશે.૨૦૨૪ માટે પદ્મશ્રી એવોર્ડ એવા લોકોને આપવામાં આવી રહ્યો છે, જેઓ અત્યારસુધી અનામી હતા. આમાં દેશની પ્રથમ મહિલા મહાવત પાર્વતી બરુઆ અને જગેશ્વર યાદવનાં નામનો સમાવેશ થાય છે, બંને આસામનાં રહેવાસી છે. આ સિવાય લિસ્ટમાં ચાર્મી મુર્મુ, સોમન્ના, સર્વેશ્વર, સંગમ સહિત ઘણાં મોટાં નામ છે. પદ્મ પુરસ્કાર વિજેતાઓમાં ૩૦ મહિલા છે. આમાં વિદેશી/NRI/PIO/OCI શ્રેણીના ૮ લોકો પણ છે. ૯ સેલિબ્રિટી છે જેમને મરણોત્તર એવોર્ડ આપવામાં આવી રહ્યા છે. પદ્મ ભૂષણ મળવા પર એક્ટર મિથુન ચક્રવર્તીએ કહ્યું, 'હું ખૂબ જ ખુશ છું. મેં મારા જીવનમાં ક્યારેય કોઈ પાસેથી મારા માટે કંઈ માગ્યું નથી. જ્યારે મને ફોન આવ્યો કે તમને પદ્મ ભૂષણ આપવામાં આવી રહ્યો છે, ત્યારે હું એક મિનિટ માટે મૌન બની ગયો, કારણ કે મને તેની અપેક્ષા નહોતી.

# લોકસભા ચૂંટણી : ૮ મહિલા ઉમેદવારોના નામે ૪.૮૮ કરોડનું ૭૪૪ તોલા સોનું

## મુખ્ય પક્ષોના ૫૨ ઉમેદવારો પાસે કુલ ૩૩૨૯ તોલા સોનું

અમદાવાદ,

લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાં ફોર્મ ભરાઇ ગયા છે. ભાજપ અને કોંગ્રેસ-આપ દ્વારા ૨૬ બેઠકો પર ફોર્મ ભરાઇ ગયા છે. ભાજપ-કોંગ્રેસે ૫૨માંથી માત્ર ૮ મહિલાઓને જ ટિકિટ આપી છે. આ મહિલા ઉમેદવારોની એફિડેવિટમાંથી કેટલીક રસપ્રદ વિગતો બહાર આવી છે. આ ૮ મહિલા ઉમેદવારો પાસે પોતાના નામે ૭૪૪ તોલા સોનું છે જેની કુલ કિંમત ૪.૮૮ કરોડ આંકવામાં આવી છે. બીજી તરફ, ૪૪ પુરુષ ઉમેદવારોની પત્નીઓના નામે ૧૯૬૫ તોલા (૧૯૬૫૧ ગ્રામ) સોનું છે જેનું મૂલ્ય અંદાજે ૧૩.૬૨ કરોડ છે.

આ ૪૪ પુરુષ ઉમેદવારોના પોતાના નામે ૪.૨૧ કરોડનું ૬૨૦ તોલા સોનું, છે. આ આંકડા પ્રમાણે, ૫૨ ઉમેદવારોના પોતાના નામે અને સાથીદારના નામે મળીને કુલ સોનું ૩૩૨૯ તોલા થાય છે જેની કિંમત ૨૨.૭૧ કરોડ છે. ભાજપનાં મહિલા ઉમેદવારમાં માડમ પાસે સૌથી વધારે ૫૫૦ તોલા, કોંગ્રેસમાં જેની ઠુમ્મર પાસે ૫૦ તોલા સોનું છે.

કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલનાં પત્ની પાસે ૨૦૦ તોલા સોનું અમદાવાદ પૂર્વના કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલની પત્ની પાસે ૨૦૦ તોલા સોનું છે જેની કિંમત ૧.૨૮ કરોડ રૂપિયા થાય છે. જૂનાગઢના કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઇ જોટવાની પત્નીના નામે ૨૧૦ તોલા સોનું છે જેની કિંમત તેમણે રૂપિયા ૧.૨૭ કરોડ દર્શાવી છે. નવસારીના ભાજપના ઉમેદવાર સી.આર.પાટિલના પત્નીના નામે ૧૨૦ તોલા સોનું છે જેનું મૂલ્ય રૂ. ૭૯ લાખથી વધુ છે.

# પૂર્વ IAS પ્રદીપ શર્માની જામીન અરજી પર ગુજરાત સરકારને નોટિસ

## સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને નોટિસ પાઠવી ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો



અમદાવાદ,

સુપ્રીમ કોર્ટે ૨૨ એપ્રિલે સોમવારે પૈસા માટે સરકારી જમીનની કથિત ગેરકાયદેસર ફાળવણીના કેસમાં નિવૃત્ત IAS અધિકારી પ્રદીપ શર્માની જામીન અરજી પર ગુજરાત સરકારનો જવાબ માંગ્યો હતો. પ્રદીપ શર્મા પર કચ્છ જિલ્લાના કલેક્ટર તરીકેના કાર્યકાળ દરમિયાન ગેરકાયદેસર રીતે સરકારી જમીન ફાળવવાનો આરોપ છે. જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જવલ ભુઈયાની બેન્ચે ગુજરાત સરકારને નોટિસ પાઠવી ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

પ્રદીપ શર્મા વતી વરિષ્ઠ વકીલ દેવદત્ત કામતે દલીલો રજૂ કરી હતી. તેમણે કહ્યું કે હું રાજ્યના સામાન્ય માણસના દ્દષ્ટિકોણથી આ મામલે રાહત માંગી રહ્યો છું. તેના પર કોર્ટે કહ્યું- ઠીક છે, અમે નોટિસ જાહેર કરી રહ્યા છીએ. પ્રદીપ શર્માએ ૨૦ માર્ચના ગુજરાત હાઈકોર્ટના જામીન અરજી ફગાવી દેવાના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.


# વાઘોડિયા બેઠક પર મધુ શ્રીવાસ્તવે પોતાનું ફોર્મ પરત ખેંચ્યું : કોંગ્રેસને ટેકો જાહેર કર્યો



વડોદરા,

વડોદરાની વાઘોડિયા વિધાનસભા બેઠક પર મોટા ઉલટફેર જોવા મળ્યો હતો, અપક્ષ ઉમેદવારી કરવાળા નેતા મધુ શ્રીવાસ્તવે પોતાનું ફોર્મ પરત ખેંચ્યું છે. મધુ શ્રીવાસ્તવના દીકરી નીલમે પણ પોતાનું ઉમેદવારી પરત ખેંચી લીધું છે. મધુ શ્રીવાસ્તવ કોંગ્રેસને ટેકો જાહેર કર્યો છે. મધુ શ્રીવાસ્તવ પહલે થઈ પોતાની વાણી ના લીધે વિવાદોમાં રહ્યા છે, હવે જોવાનું રહ્યું કે મધુ શ્રીવાસ્તવ ના ટેકા ના કારણે કોંગ્રેસને કેટલો ફાયદો થાય છે કે પછી વધુ નુકસાન ભોગવવું પડે છે, અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે ગત વિધાનસભાની ચૂંટણીમાં મધુ શ્રીવાસ્તવે અપક્ષ ઉમેદવારી કરી હતી અને તેમની પર જનતાને વિશ્વાસ ના બેસતા મધુ શ્રીવાસ્તવે ડિપોઝીટ પણ ગુમાવી હતી.

# અમદાવાદમાં એસિડ ફેંકનારને ફટકારવામાં આવી આજીવન કેદ



અમદાવાદ

અમદાવાદમાં એસિડ ફેંકનારને આજીવન કેદ ફટકારવામાં આવી છે. મહિલા સહિત ત્રણ લોકો પર તેણે એસિડ ફેંક્યુ હતુ. માધુપુરામાં મકાનને લઈને થયેલી બબાલનો કિસ્સો એસિડ એટેકમાં પરિવર્તીત થયો હતો. આના પગલે એસિડ વેચનાર સામે પણ કાર્યવાહીનો આદેશ આપવામાં આવ્યો છે.

અમદાવાદની સેશન્સ કોર્ટે એસિડ ફેંકનાર સામે આકરી કાર્યવાહી કરીને સંદેશ આપ્યો છે કે આ પ્રકારનો ગુનો આચરનારને જરા પણ હળવાશથી નહીં લેવામાં આવે. આ પ્રકારના ગુનેગારોને સમાજમાં કોઈ સ્થાન નથી. કોઈપણ પ્રકારનો હુમલો કે કાયદાકીય નિયમોના ભંગની કાર્યવાહી ચલાવી નહી લેવાય.

# વકફ ટ્રિબ્યુનલમાં ગુનાહિત ઈતિહાસવાળા સભ્યની નિમણૂંક સામે હાઈકોર્ટે ઉઠાવ્યાં સવાલ

## સરકાર પાસે માંગ્યો જવાબ : નિમણૂંક સામે ત્રણ અરજદારો દ્વારા PIL દાખલ કરવામાં આવી હતી

અમદાવાદ

ગુનાહિત ઈતિહાસ ધરાવતા વકફ ટ્રિબ્યુનલના ત્રીજા સભ્યની નિમણૂંકને પડકારતી જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરતા ગુજરાત હાઈકોર્ટે અનવર હુસૈન શેખની નિમણૂંક અંગે રાજ્ય પાસે જવાબ માંગ્યો છે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ પી માઈની ડિવિઝન બેન્ચે રાજ્ય સરકાર અને અનવર હુસૈન શેખને પદ પરથી હટાવવા માટે કરવામાં આવેલી દલીલોનો જવાબ આપવા માટે નિર્દેશ આપ્યો હતો.

આ વર્ષની શરૂઆતમાં અનવર હુસૈન શેખને ઈસ્લામિક કાયદા અને ન્યાયશાસ્ત્રમાં તેમની કુશળતા માટે વકફ ટ્રિબ્યુનલના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જો કે, આ નિમણૂંક સામે ત્રણ અરજદારો દ્વારા PIL દાખલ કરવામાં આવી હતી. PIL દાખલ કરનારાઓએ પોતે ઉછઊિહ્નના મુતવલ્લી/ટ્રસ્ટી હોવાનો દાવો કર્યો હતો.

# ગાંધીનગરના ચિલોડા પાસેથી દારૂના જથ્થા સાથે ૨૨ લાખનો મુદ્દામાલ કબજે

ગાંધીનગર,

સ્ટેટ મોનિટરીંગ સેલ (એસએમસી) ના અધિકારીઓએ અમદાવાદ હિંમતનગર હાઈવે પરના ચિલોડા નજીકથી ટ્રકમાંથી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે દારૂ, રોકડ રકમ, મોબાઈલ અને ટ્રક મળીને કુલ રૂ. ૨૨,૦૪,૫૬૦ નો મુદ્દામાલ કબજે કરીને હરિયાણાના બે શખ્સોની ધરપકડ કરી હતી. જ્યારે ચાર ફરાર આરોપીની શોધ હાથ ધરી છે. તપાસમાં દારૂનો આ જથ્થો વોટ્સએપ દ્વારા મંગાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું.

એસએમસીના અધિકારીઓ માહિતીને આધારે અમદાવાદ હિંમતનગર હાઈવે પરના ધાનપ પાટીયા બ્રિજ પાસેથી દારૂ લઈને જતો ટ્રક અટકાવ્યો હતો. જેમાંથી પોલીસને રૂ, ૧,૮૩,૧૬૦ ની કિંમતનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ ઉપરાંત રોકડ રકમ, બે મોબાઈલ અને ટ્રક મળીને કુલ રૂ. ૨૨,૦૪,૫૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# સાબરમતી સેન્ટ્રલ જેલ સંકુલમાં કોન્સ્ટેબલથી લઈને DySP કક્ષાના કર્મચારીઓને ટ્રેનિંગ મળે તેવી વ્યવસ્થા ઊભી કરાશે

અમદાવાદ,

અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલ સંકુલમાં ૪૫ એકરમાં અત્યાધુનિક ટ્રેનિંગ સેન્ટર બનવા જઈ રહ્યું છે. જેમાં કોન્સ્ટેબલથી લઈને DySP કક્ષાના કર્મચારીઓને ટ્રેનિંગ મળે તેવી વ્યવસ્થા ઊભી કરાશે. ૩૪ જેટલી સુવિધાઓથી સભર આ ટ્રેનિંગ એકેડમીમાં સ્પોર્ટ્સની તમામ એક્ટિવિટી ઓલિમ્પિકની કક્ષાની રહેશે. સાથોસાથ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ તથા પરેડ ગ્રાઉન્ડ પણ ઓલિમ્પિક લેવલના બનાવવામાં આવશે.

ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્રિઝન્સ એન્ડ કરેક્શનલ એડમિનિસ્ટ્રેશન – GIPCA તરીકે ઓળખાય છે. ગૃહ વિભાગના અલગ અલગ પ્રભાગો જેવા કે પોલીસ પ્રભાગ, જેલ પ્રભાગ અને હોમગાર્ડસ સહિતના બીજા યુનિફોર્મ પોલીસ ફોર્સના અધિકારીઓ અને કર્મચારીઓ રિફ્રેશર ટ્રેનિંગ કોર્સથી લઈને નવા તાલીમ લેનારાને બેઝિક ટ્રેનિંગ આ સેન્ટરમાં મળી રહે તે હેતુથી ટ્રેનિંગ એકેડમી આગામી બે વર્ષમાં શરૂ કરવામાં આવશે. આ ટ્રેનિંગ સેન્ટરનું બાંધકામથી લઈને ટ્રેનિંગના સંસાધનો નેશનલ લેવલના હોય તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે. GIPCAમાં ટ્રેનિંગ સેન્ટર બાંધકામની કામગીરી બે ફેઝમાં કરવામાં આવશે. હાલ પ્રથમ ફેઝ માટે રાજ્ય સરકારના ગૃહ વિભાગમાંથી રૂપિયા ૧૩૮ કરોડ ફાળવવામાં આવ્યા છે. ૪૫ એકરમાં બનવા જઈ રહેલા આ ટ્રેનિંગ સેન્ટરમાં મહિલા અને પુરુષ તાલીમાર્થીઓ માટે રહેવા માટેના રૂમ પણ અત્યાધુનિક બનાવવાના છે. દરેક રૂમમાં એસી, ફ્રીઝ તથા ટીવીની સુવિધા પણ રહેશે.

સાબરમતી સેન્ટ્રલ જેલ સંકુલમાં બનવા જઈ રહેલી ટ્રેનિંગ એકેડમી નેશનલ લેવલની ટ્રેનિંગ એકેડમીનું રૂપ ધારણ કરી લેશે.


# સુરતમાં ટેક્સટાઇલ માર્કેટમાં તસ્કરોએ રૂા. ૧૧ લાખની ચોરીને અંજામ આપ્યો

સુરત,

રિંગ રોડની સુરત ટેક્સટાઇલ માર્કેટમાં પાંચમાં માળે ઓડિટોરીયમ હોલમાં સાઇ ડ્રેસ નામની દુકાનમાં શુક્રવારે મોડીરાત્રે બે તસ્કરોએ ૩ કલાક અને ૩૩ મિનિટમાં ૧૧ લાખની રોકડ અને મોબાઇલની ચોરી કરી સ્પાઇડરમેનની જેમ ફાયરની પાઇપથી ઉતરી ફરાર થયા હતા.આખી ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, સિક્યુરિટી ગાર્ડની હાજરી વચ્ચે ચોરીને અંજામ આપ્યો હતો.સલાબતપુરા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથધરી છે. રિંગરોડ મિલેનિયમ ટેક્સટાઇલ માર્કેટના ગેટ પાસે ટેમ્પોમાંથી ૭૮ હજારની સાડી ચોરાઇ હતી. વરાછા ખોડીયાર નગરમાં રહેતા મુકેશ ભલાણી કેના ફેશનના નામે સાડી પર જોબવર્ક કરવાના વ્યવસાય કરે છે. તા.૮મી માર્ચના રોજ તેમણે જોબવર્ક કરેલી સાડીઓના પાર્સલની ડિલીવરી કરવા માટે તેમનો ટેમ્પો માર્કેટમાં મોકલ્યો હતો. ડ્રાઇવર રાજુ પાટીલ ટેમ્પોમાં ૭ પાર્સલ ભરીને માર્કેટમાં આવ્યો હતો.જ્યારે મુકેશ પોતાના બાઇક પર ત્યાં આવ્યો હતો અને ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

# સલમાનના ઘર પાસેના ફાયરિંગમાં વપરાયેલી પિસ્તોલ તાપીમાંથી મળી

## બંને આરોપીએ બ્રિજ પરથી ચાલતા જઈ હથિયાર ફેંક્યાં છતાં RPF અજાણ !



મુંબઈ,

મુંબઈમાં બોલિવુડ સ્ટાર સલમાન ખાનના ઘરની બહાર થયેલા ફાયરિંગ પ્રકરણમાં મુંબઈ ક્રાઇમ બ્રાંચના એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ ઓફિસર દયા નાયક પોતાની ટીમ સાથે બંને હુમલાખોરોને લઈને સોમવારે સવારે સુરત આવી પહોંચ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. ઉત્રાણ રેલવે બ્રિજ પરથી ફાયરિંગ કરનારા આરોપીઓએ તાપી નદીમાં બંને હથિયાર ફેંકી દીધાં હતાં.

આ હથિયારો શોધવા માટે મુંબઈના ૬ તરવૈયા, ઉત્રાણના ૮ તરવૈયા ઉપરાંત ૨ સ્પેશિયલ બોટ લઈને તાપી નદીમાં હથિયારની શોધખોળ શરૂ કરી હતી, જેમાં એક હથિયાર મળી આવ્યું હતું, જ્યારે મંગળવારે ફરી તાપી નદીમાં મુંબઈ ક્રાઇમ બ્રાંચ સ્થાનિક અને મુંબઈથી આવેલા તરવૈયાઓને પાણીમાં ઉતારીને બીજી પિસ્તોલ શોધવાનો પ્રયાસ કરશે. ઉત્રાણ રેલવે બ્રિજ પર આરોપીઓ ચાલતા ચાલતા જતા હોવા છતાં તો આરપીએફની નજર કેમ ન પડી તે એક મોટો પશ્ન છે. જવાનોના પેટ્રોલિંગ સામે પણ પ્રશ્નાર્થ ઊભો થયો છે.

# પાટણમાં ત્રણ વ્યક્તિઓ ડૂબ્યા એક મહિલાને બચાવી લેવાઈ

પાટણ,

પાટણમાં ત્રણ વ્યક્તિઓ તળાવમાં ડૂબ્યા છે. પાટણમાં મણંદ નજીક તળાવમાં ત્રણ વ્યક્તિઓ ડૂબી ગયા છે. તેમા એક મહિલા અને બે પુરુષ તળાવમાં ડૂબ્યા છે. ફાયર બ્રિગેડની ટીમે મહિલાને તો બચાવી લીધી છે, પરંતુ એક પુરુષની શોધખોળ જારી છે. એક પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. હવે આ ત્રણ જનારા એક જ કુટુંબના છે કે આત્મહત્યાનો મામલો છે અથવા અકસ્માત છે તેની તપાસ કરવામાં આવી રહી છે.

ઘટનાના સમાચાર મળવાના પગલે સ્થાનિક પોલીસ દોડી આવી હતી. તેણે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે અને મહિલાને સારવાર માટે મોકલી આપી છે. પોલીસનું કહેવું છે કે તેણે ઘટનાસ્થળની સાથે તેમના સગાસંબંધીઓની સુધ લઈ તથા મૃતકોના મોબાઈલ ફોનના આધારે તેમની વિગતો મેળવીને તેમને જાણ કરી છે.

# કરોડોની લોન લઈ ઠગાઈ આચરી ફરાર થયેલો આરોપી ઝડપાયો

## લોન વાંચ્છુક ગ્રાહકો ઉભા કરી ખોટા તૈયાર કરેલ રીપોર્ટ આધારે કંપની સાથે ઉચાપત કરતા ફરિયાદ નોંધાઈ હતી

વડોદરા

વડોદરા શહેર ક્રાઇમબ્રાન્ચે લોન વાંચ્છુક ગ્રાહકો ઉભા કરી ખોટા તૈયાર કરેલ રીપોર્ટ આધારે કરોડો રૂપીયાની લોન લઇ ફાયનાન્સ કંપની સાથે ઠગાઇ કરવાના ગુનામાં સંડોવાયેલ અને બે વર્ષથી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડ્યો છે.

આ આરોપી કમલેશ ગુપ્તા સામે ગોત્રી પો.સ્ટે.માં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ આ આરોપીઓએ ભેગા મળી ૩૪ થી વધારે લોન વાંચ્છુક ગ્રાહકો ઉભા કરી તેઓને પર્સનલ લોન અપાવવાનું કહી તેઓના ડોક્યુમેન્ટ મેળવી જે આધારે હોમ લોન માટે પ્રોસેસ કરી એડીશનલ વર્ક કોન્ટ્રાક્ટના ખોટા રીપોર્ટ બનાવી અલકાપુરી ખાતેની ચોલામંડલમ્ ફાયનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની લી.ની ઓફીસમાં સાચા તરીકે ઉપયોગ કરી ફરીયાદી કંપની પાસેથી રૂપિયા ૭,૭૦,૬૬૮૦૦ની માતબર રકમની લોન લઇ ફરિયાદી કંપની સાથે ગુનાહીત કાવત્રુ રચી ફરિયાદી કંપની સાથે ઉચાપત કરતા ફરિયાદ નોંધાઇ હતી. આ આરોપી બે વર્ષથી ફરાર હતો જેનું નામ કમલેશ રાજકુમાર ગુપ્તા (ઉ.વ. ૩૩ રહે.સવાદ કવાર્ટર્સ હરણી રોડ વડોદરા)ને ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# અમદાવાદમાં યોજાયો ઐતિહાસિક જૈન દીક્ષાનો મહામહોત્સવ

## ૩૫ મુમુક્ષુઓએ સંસારી વેશ ત્યજીને નિષ્પાપ જીવનના પંથે કર્યું પ્રયાણ



અમદાવાદ તા. ૨૨

અમદાવાદ શહેરના પાંચસો વર્ષના ઈતિહાસમાં પહેલી વખત એક જ મંડપ હેઠળ ૩૫ જૈન દીક્ષાનો મહોત્સવ દીક્ષાના મહાનાયક પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના પવિત્ર હાથે સંપન્ન થયો હતો. સાબરમતી રિવર ફ્રન્ટ ઉપર આશરે ત્રણ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં નિર્માણ કરવામાં આવેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં વહેલી સવારે ૫.૩૦ કલાકે દીક્ષાની મંગળ વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે ૩૦,૦૦૦ની ક્ષમતા ધરાવતો મુખ્ય મંડપ હકડેઠઠ ભરાઈ ગયો હતો.

૧૫ આચાર્ય ભગવંતો તેમ જ આશરે ૪૦૦ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોની છત્રછાયામાં સવારે ૭.૩૫ કલાકે ૩૫ મુમુક્ષુઓને સાધુજીવનના પ્રતિક સમાન ઓઘો અર્પણ કરવાની વિધિ શરૂ કરવામાં આવી હતી. ૨૫ મિનિટમાં પૂજ્ય આચાર્ય ભગવંતોના હસ્તે ૩૫ મુમુક્ષુઓને ઓઘો અર્પણ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૫ ભાઈઓ હતા અને ૨૦ બહેનો હતાં. દીક્ષાર્થીઓના હાથમાં ઓઘો આવ્યા પછી તેમણે પરમાત્માને વંદન કર્યા હતા અને ત્રણ પ્રદક્ષિણા દઈને મન મૂકીને આનંદ વ્યક્ત કર્યો હતો.

ઓઘો અર્પણ થયા પછી મુમુક્ષુઓ તેમના જીવનનું અંતિમ સ્નાન કરવા અને સાધુ-સાધ્વીજી વેશ અંગિકાર કરવા ગયા હતા. ટૂંક સમયમાં તેઓ સંસારી વાઘાં ઊતારીને સાધુજીવનનાં શુભ્ર-શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને સ્ટેજ પર આવ્યા તે પછી શુભ મૂહુર્તે લોચની વિધિ કરવામાં આવી હતી અને ૩૫ મુમુક્ષુઓનાં સંસારી નામો રદ્દ કરીને સાધુજીવનનાં નૂતન નામો આપવામાં આવ્યાં હતાં.

# દંતાલી કેનાલ પાસે વાગદત્તા સાથે ફોટો શૂટ કરતા મંગેતરને લૂંટી લેવાયો

## ૨ લૂંટારું છરી બતાવી ૭.૪૦ લાખની માલમત્તા લઈ ગયા

અમદાવાદ

નર્મદા કેનાલ ઉપર એકલ દોકલ બેઠેલા કપલને લુંટી લેવામાં આવતા હતા. અગાઉ આ પ્રકારના અનેક બનાવ સામે આવ્યા છે. ત્યારે વધુ એક બનાવ દંતાલી કેનાલ પાસે બન્યો છે. નર્મદા કેનાલ આવતા ફોટો શુટ કરવા ઉભો રહ્યો હતો. જ્યારે કપલ ઉભુ હતુ. તે સમયે એક બાઇક ઉપર બે લુંટારા આવ્યા હતા અને છરી બતાવી ૭.૪૦ લાખની માલમત્તાની લુંટ કરી ફરાર થઇ ગયા હતા. આ બનાવને લઇ અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

સુજલ મનસુખભાઇ દેવાણી (રહે, બોપલ, અમદાવાદ) કન્ટ્રક્ટશન કંપની ધરાવે છે. ત્યારે બે મહિના પહેલા યુવકની અંકલેશ્વરમાં રહેતી યુવતી સાથે સગાઇ થઇ છે. યુવક તેની વાગદત્તા સાથે કીયા કારમાં ફરવા નિકળ્યો હતો. જ્યારે અદાણી શાંતિગ્રામ થઇને કેનાલ ઉપર રેલવે બ્રીજ પાસેથી આવતા કેનાલની પાળ ઉપર બેસીને વાતચીત કર્યા પછી ફોટોશુટ કરી રહ્યા હતા. બિલકુલ તે સમય દરમિયાન એક બાઇક ઉપર બે લુંટારા પહોંચ્યા હતા અને કપલને કહેલા લાગ્યા હતા કે, ક્યા રહો છો ? જેથી યુવકે પ્રતિકાર કરતા તારે શુ કામ છે કહેતા બાઇક ઉપર પાછળ બેઠેલો લુંટારૂ નજીક આવ્યો હતો અને છરી બતાવી હતી. છરી કાઢી યુવકે ગળામાં પહેરેલી ચેઇન, હાલમાં પહેરેલુ સોનાનુ કડા ઉપર નજીક કરતા આપી દે કહ્યુ હતુ. જેથી યુવકે મોતની બીકમાં તમામ વસ્તુ આપી દીધી હતી.

# ૧૪-અમરેલી લોકસભાના જનરલ નિરીક્ષક એમ.કે. દ્રાબુ, પોલીસ નિરીક્ષક નાઝનીન ભસીન અને ખર્ચ નિરીક્ષક શ્રીનિવાસુ કોલ્લીપકા સાથે ચૂંટણી કામગીરી સમીક્ષા બેઠક યોજાઈ

## મુક્ત, ન્યાયી અને પારદર્શી ચૂંટણી કરાવવા માટે જિલ્લા ચૂંટણી તંત્રને માર્ગદર્શન આપતા ચૂંટણી નિરીક્ષકો

અમરેલી:

૧૪-અમરેલી લોકસભા બેઠકની ચૂંટણી અંતર્ગત જિલ્લા ચૂંટણી તંત્રના નોડલ અધિકારીશ્રીઓ સાથે આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવાના હેતુથી અમરેલી લોકસભા બેઠકના નિરીક્ષકશ્રીઓ સાથે અમરેલી જિલ્લા સેવા સદન ખાતે બેઠક યોજાઇ હતી. ચૂંટણી કામગીરીને લગતી સમીક્ષા બેઠકમાં ૧૪-અમરેલી લોકસભા ચૂંટણી જનરલ નિરીક્ષકશ્રી એમ.કે. દ્રાબુ, પોલીસ નિરીક્ષકશ્રી નાઝનીન ભસીન, ખર્ચ નિરીક્ષકશ્રી શ્રીનિવાસુ કોલ્લીપકા અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અજય દહિયાએ સ્વાગત કર્યુ હતુ. ચૂંટણી ફરજ પરના નિરીક્ષકશ્રીઓએ, વિવિધ નોડલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ દરમિયાન અમરેલી ખાતે ચૂંટણી ફરજ પર છે તેવા જનરલ નિરીક્ષકશ્રી એમ.કે. દ્રાબુએ અમરેલી જિલ્લાની ચૂંટણી પ્રક્રિયાને સરળતા અને સુચારું રીતે સંપન્ન કરવા તાલીમ અગત્યનો ભાગ હોય જરુરી તાલીમ કાર્યક્રમ યોગ્ય રીતે પૂર્ણ કરવામાં આવે તે બાબત પર તેમણે ભાર આપવા જણાવ્યુ હતુ. ચૂંટણી પ્રક્રિયા સુચારુ રીતે અનુસરવા માટે તમામ અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓને જરુરી તાલીમ નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા તેમણે સૂચના આપી હતી. આ તકે તેમણે ઈવીએમ રેન્ડમાઈઝેશન, મતદાન મથકો, થીમ બેઈઝડ સહિતના વિશેષ મતદાન મથકો, ઈ.વી.એમ. વ્યવસ્થાપન સહિતના મુદ્દે વિગતવારે માર્ગદર્શન આપ્યું હતું.

પોલીસ નિરીક્ષકશ્રી નાઝનીન ભસીને અમરેલી લોકસભા મતવિસ્તારની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી. વિવિધ વિસ્તારોમાં આવેલા મતદાન મથકો અને તે મતદાન પર કરવામાં આવનાર



વ્યવસ્થા, ચૂંટણીલક્ષી કામગીરી માટે હાથ ધરવામાં આવેલા પગલાઓ અને મતદાન પૂર્વેની તૈયારીઓની સમીક્ષા કરી હતી. શ્રી ભસીને ઉમેર્યુ કે, મજબૂત લોકશાહીના નિર્માણ અર્થે પ્રત્યેક મત મહત્વનો છે. મુક્ત, ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા થાય તે અગત્યનું છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અજય દહિયાએ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તેમજ નોડલ અધિકારીશ્રીઓની લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તૈયારી અને કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે મતદાન મથકોની વ્યવસ્થા, પ્રિસાઈડીંગ અધિકારીશ્રી તેમજ ચૂંટણી ફરજ પરના અન્ય કર્મયોગીઓની ભોજન, રહેવાની, આવાગમન સહિતની વ્યવસ્થાઓ અંગે જરુરી વ્યવસ્થાઓ જળવાઈ અને ચૂંટણીલક્ષી કામગીરી-પ્રક્રિયા યોગ્ય રીતે અનુસરવામાં આવે તે માટે સૂચનો કર્યા હતા. મતદારોને અગવડ ન પડે તે માટે સ્વચ્છતા જળવાઈ રહે, ગરમી અને હિટવેવની આગાહીને ધ્યાને લેતા અન્ય જરુરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા તેમણે જણાવ્યુ હતુ. વરિષ્ઠ નાગરિકોને ઘરબેઠા મતદાન માટેની વ્યવસ્થા, ચૂંટણી ફરજ પરના કર્મચારીઓના મતદાન માટેની વ્યવસ્થાઓ અંગે વિગતો જણાવી હતી.

લોકસભાની ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃત્તિ અર્થે કરવામાં આવેલી ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન પ્રવૃત્તિઓ અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને નોડલ અધિકારીશ્રી (TIP) પરિમલ પંડ્યાએ વિગતો જણાવી હતી. અમરેલી જિલ્લામાં મતદાન જાગૃત્તિ અર્થે કરવામાં આવેલી પ્રવૃત્તિઓ અને કામગીરીઓને નિરીક્ષકશ્રીઓએ બિરદાવી હતી.

અમરેલી જિલ્લામાં વર્ષ-૨૦૨૪ની લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે હાથ ધરવામાં આવેલા પગલાઓ અને પોલીસ બંદોબસ્ત માટે અધિકારી-કર્મચારીશ્રીઓને સોંપવામાં આવેલી ફરજ અંગેના આયોજન વિશે જિલ્લા પોલીસ વડાશ્રી હિમકર સિંઘે વિગતો જણાવી હતી.

અમરેલી લોકસભા બેઠકના નાયબ ચૂંટણી અધિકારીશ્રી સક્સેનાએ બેઠકની સમગ્રતયા તૈયારીઓ અને આંકડાકીય વિગતો રજૂ કરી હતી. અમરેલી લોકસભા બેઠક અંતર્ગત તૈયાર કરવામાં આવનાર આદર્શ મતદાન મથકો, યુવા મતદાન મથકો, મહિલા કર્મચારી સંચાલિત મતદાન મથકો, પી.ડબલ્યુ.ડી.સહિતના ચૂંટણી પંચના નિર્દેશ મુજબ તૈયાર થનાર થીમ બેઈઝડ મતદાન મથકો, યુવા મતદાન મથક, વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ ધરાવતા મતદાન મથક અંગે નિરીક્ષકશ્રીઓને વિગતો આપી હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી ફરજ પરના વિવિધ નોડલ અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, વિવિધ સમિતિઓના સબ નોડલ અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# શાંતિ કુંજ હરિદ્વાર પ્રેરિત ગાયત્રી સંસ્કારધામ ચલાલા ખાતે ગાયત્રી પરિવારની મીટીંગ યોજાઈ

અમરેલી:

ગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ખાતે અમરેલી, બોટાદ અને ભાવનગર ત્રણ જીલ્લાની ઉપઝોનની મીટીંગ યોજાઈ હતી. જેમાં સર્વપ્રથમ સંસ્થાના વડા પૂ.શ્રી ડો. રતિદાદા, પ્રફુલભાઈ સેંજળીયા, ગોવિંદભાઈ ગોંડલિયા, અતુલભાઈ પંડયા, ભરતભાઈ ત્રિવેદી, હરિશંકરભાઈ પંડ્યા, ભટ્ટસાહેબ (ટી.ડી.ઓ.), બીપીનભાઈ ભરાડ, બાબભાઈ રાજયગુરૂ, મેહુલભાઈ પટેલ સહીત મહાનુભાવોના વરદ હસ્તે દીપપ્રાગટ્યથી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ અમરેલી, બોટાદ અને ભાવનગર ત્રણ જીલ્લાના પ્રમુખ શ્રી ભારત ભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા આવનારા સમયમાં ગાયત્રી પરિવારનું મોટું આયોજન જ્યોતિ કળશયાત્રા આવી રહી છે. તેના આયોજન માટે ચર્ચા વિચારણા કરી હતી.

ત્યારબાદ ભાવનગર જીલ્લાનો વાર્ષિક અહેવાલ દીનેશભાઈ ત્રિવેદીએ આપ્યો હતો અને બોટાદ જીલ્લાનો વાર્ષિક અહેવાલ મેહુલભાઈ પટેલે આપ્યો હતો, અમરેલી જીલ્લાનો વાર્ષિક



અહેવાલ અતુલભાઈ પંડયાએ આપ્યો હતો. સાથે સાથે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા તેમજ ત્રણેય જિલ્લાઓનું સંગઠન વધુ મજબુત માટે વિશેષ ચર્ચા થઈ હતી. ચલાલા ગાયત્રી સંસ્કાર ધામના વડા પૂ. શ્રી ડો. રતિદાદા ને ડોકટર (પી.એચ.ડી.)ની પદવી મળતા ત્રણેય જીલ્લાના વરિષ્ઠ પરિજનોએ સન્માન કર્યું હતું. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા ડાયરેકટર શ્રી ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તેમજ સ્કાઉટ ગાઈડ સન્માનિત શીતલબેન મહેતાએ કરી હતી તેમજ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી. અને મીટીંગ બાદ ત્રણેય જીલ્લાના પ્રતિનિધિઓ સાથે ભોજન પ્રસાદ લીધો હતો.

# મારો મત - મારો અવાજ:પોતાની પ્રથમ મતદાનની સ્મૃતીઓને વાગોળીને નાગરીકોને મતદાન માટે પ્રેરણા આપતા ભારતના ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડ

અમરેલી: ભારતના ચીફ જસ્ટિસ શ્રી ધનંજય યશવંત ચંદ્રચૂડે તાજેતરમાં પ્રસાર ભારતી સાથે કરેલા એક સંવાદમાં મતદારોને મતદાન અવશ્ય કરવા માટે અપીલ કરી હતી અને પોતાની મતદાનને લગતી યાદો તાજા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે,

'એક ભારતીય તરીકે આપણે સૌ વિશ્વની સૌથી મોટી લોકશાહીના નાગરિકો છીએ. ભારતનું સંવિધાન એક નાગરિક તરીકે આપણને ઘણાબધાં અધિકારો આપે છે. પરતું એ એવી પણ અપેક્ષા રાખે છે કે આપણે દરેક આપણને સોંપાયેલ ફરજોને પણ નિભાવીએ. નાગરિકત્વની સૌપ્રથમ ફરજ એ છે કે આપણે મત આપીએ. સંવૈધાનિક લોકશાહીમાં સરકાર એ લોકોની, લોકો દ્વારા અને લોકો માટે હોય છે. આપણે એવું એટલા માટે કહી શકીએ છીએ કારણ કે સરકારને ચૂંટવામાં આપણા દરેકની ભાગીદારીરૂપ ભૂમિકા હોય છે.'

'મને યાદ છે કે હું જ્યારે યુવાન હતો અને જ્યારે મેં મતદાન માટેની લાયકાતની ઉંમર વટાવી ત્યારે મારા હૃદયમાં પ્રથમ વખત હું મતદાન મથકે લાઇનમાં ઊભો રહીશ અને મતાધિકારનો પ્રયોગ કરીશ તેનો ઉત્સાહ હતો. જ્યારે મેં મત આપ્યો ત્યારે આંગળી પર શાહીનું નિશાન લાગ્યું. આ નિશાને મારામાં દેશભક્તિની અને મારા દેશ સાથે સંબંધ સ્થપાયાની જબરદસ્ત લાગણીઓ જન્માવી. ઘણીવાર આપણાં હાથ પર શાહીનું નિશાન પડે તો આપણે વિચારતા હોઈએ કે આ ક્યારે જશે? પણ આ એક એવું શાહીનું નિશાન છે કે જે ક્યારેય ન જાય તેવું હું ઈચ્છતો હતો. કારણકે હું મારી જાતને એક ગૌરવવંતા પ્રદર્શક તરીકે જોતો જે એક ભારતીય નાગરિક તરીકે લાયકાતની ઉંમરને પાર કરેલો પોતાનો મત આપી શકે છે અને ખરેખર તેણે મત આપ્યો છે. મતદાનનો દિવસ હંમેશા મારા માટે અનેક લાગણીઓ જન્માવનારો બની રહે છે.'

'વોટ કરવા આવેલા લોકોની મોટી લાઇનમાંનો હું ભલે એક જ વ્યક્તી છું, પણ અમારામાંનો દરેક વ્યક્તિ એક સમાન નાગરિક છે અને દરેકનો મત એકસમાન મહત્વ ધરાવે છે. આપણું સંવિધાન અને કાયદો 'એક વોટ, એક નાગરિક અને એક મહત્વ' સુનિશ્ચિત કરે છે. મારા મતે





આ મક્કમતા એક સંવૈધાનિક લોકશાહી તરીકે આપણાં રાષ્ટ્રની શક્તિ છે.'

'જ્યારે હું વકીલ બન્યો, અને મારે મુંબઈ અને બાહર અલગ અલગ જગ્યાએ કામ માટે દોડધામ રહેતી, ત્યારે મને હંમેશા એ ચિંતા રહેતી કે હું એ મહત્વનો દિવસ કે જ્યારે મારે મત આપવાનો હોય તે ચૂકુ નહીં. અને મે ક્યારેય ભારતીય નાગરિક તરીકે મારાથી અપેક્ષિત એ ફરજ ચૂકી નથી. એવી જ રીતે હું આપ તમામને વિનંતી કરું છુ કે આપણી મહાન માતૃભૂમીના નાગરીકો તરીકે આપણી જવાબદારીપૂર્વક મત આપવાની આ તક ન ચુકીએ. આપણાં દેશ માટે પાંચ મિનિટ, દર પાંચ વર્ષે અવશ્ય કાઢી શકાય તેમ છે. આથી, આપણે તમામ ગૌરવપૂર્ણ રીતે અચૂક મતદાન કરીએ.'

(સૌજન્ય: પ્રસાર ભારતી)

# ૨૩ એપ્રિલ, "વિશ્વ પુસ્તક દિવસ"

પુસ્તક. બે પૂંઠા વચ્ચેનાં કાગળ ફેરવતાં ફેરવતાં થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. જ્ઞાનનો ભંડાર એટલે પુસ્તક. પ્રગતિ અને એક અનેરી સમજનો મગજ સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. માત્ર એટલો વિચાર કરીએ કે પુસ્તક વિનાની દુનિયા કેવી લાગતી હોત ? કોઈ પણ વાતની કોઈ દિશા, દશા કે પ્રમાણ હોત જ નહીં ! જ્ઞાન મેળવવા માટે હંમેશા પુસ્તકની જરૂર રહી જ છે. બે વર્ષના બાળકથી લઈને ઉંમરલાયક વ્યક્તિ પણ પોતાના જીવનમાં પુસ્તકોનો ઉપયોગ કરતા જ હોય છે પછી એ પુસ્તક ગમે તે વિષયનું હોય એમાં અતિશયોક્તિ ને સ્થાન નથી. શાસ્ત્રોની વાત કરીએ તો જો પ્રાચીનકાળમાં પુસ્તકો ન લખાયા હોત તો આજે રામાયણ, મહાભારત, શિવ પુરાણ, ભગવતગીતા, ભાગવદ જેવા ગ્રંથોનું દર્શન અને એમાં વસેલા જ્ઞાનને જાણીને લોકો તેનો અમલ કરી જ ન શક્યા હોત આથી પણ વિશેષ આપણા પ્રાચીન વેદો થકી આપણે જીવન કઈ




રીતે જીવવું એ જાણી શક્યા ન હોત.

વર્તમાન સમયમાં દુનિયામાં કેટલાંક સંશોધનો થયા છે કે દરેક ઉગતા દિવસ સાથે લોકોની વાંચન ક્ષમતા ઘટતી જાય છે. લોકો આજે વાંચન બહુ ઓછું અથવા જરા પણ પસંદ નથી કરતાં. તેનું કારણ કદાચ ઈન્ટરનેટના માધ્યમથી વિવિધ માહિતીઓ માટેના જે ઓડિયો વિઝ્યુઅલ મટિરિયલ મળી રહે છે તે હોય શકે. ડિજિટલ મીડિયા આવવાથી અખબારોના વેંચાણમાં જે ઘટાડો જોવા મળ્યો છે તે આ બાબતનું એક ચોક્કસ ઉદાહરણ થઈ શકે. પરંતુ બીજી બાજુ એ પણ છે કે આખી દુનિયામાં અગણિત સંખ્યામાં લાઈબ્રેરીઓ જોવા મળી રહી છે, સમય સાથે ઘણા નવા પુસ્તકાલય પણ સ્થપાય છે ઉપરાંત એક અંદાજ મુજબ દુનિયામાં દરરોજ હજારોની સંખ્યામાં વધુ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જો લોકોની વાંચન ક્ષમતા ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો પ્રકાશિત થઈને ક્યાં જાય છે ? કોણ વાંચે છે? જો લોકોની વાંચન ક્ષમતા એટલી જ ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો બહાર પાડવાની શું જરૂર ? તે દર્શાવે છે કે લોકો હજુ પણ વાંચનમાં રસ લઈ રહ્યા છે. સોશિયલ મીડિયામાં ઘણું કન્ટેન્ટ ઉપલબ્ધ છે, પરંતુ કોઈ પણ કન્સેપ્ટને સારી રીતે સમજવો હોય તો જે તે વિષયના પુસ્તકમાંથી જ તે સરળતાથી સમજી શકાય છે. દુનિયાના અગણિત પુસ્તકાલયો, થોકબંધ પુસ્તકો, પ્રસિદ્ધ લેખકો સાથે ઉભરતા લેખકો દ્વારા લખાયેલા વિવિધ પ્રકારના કન્ટેન્ટ જેવા કે વાર્તા, નવલિકા, નાટક, કવિતા, હાસ્યરસ કે વિવેચનવાળા પુસ્તકો હજુ પણ વિશ્વમાં રહેલા પુસ્તકપ્રેમી લોકો દ્વારા વંચાય રહ્યા છે.

# અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા ધ્યાનમાં રાખવા જેવી બાબતો અનુસરીએ

અમરેલી: ઉનાળામાં અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા (લુ લાગવાથી) માટે તકેદારીના પગલા ભરવા આવશ્યક છે. હાલમાં રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો હોય છે જે વધુ પડતી ગરમી મનુષ્યના આરોગ્ય માટે હાનિકારક છે. લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન વધે છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક)થી બચવા યોગ્ય પગલાઓ ભરવા આવશ્યક છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી વધુ માત્રામાં પરસેવો થાય છે, તેના લીધે શરીરનું તાપમાન ઘટી શકતું નથી. શરીર અને હાથ પગમાં અસહ્ય દુ:ખાવો થવો, ખૂબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હૃદયના ધબકારા વધી જવા સહિતની અસરો વ્યક્તિને અનુભવાઇ છે. આરોગ્ય પર થતી આ વિપરીત અસરોથી બચવા યોગ્ય પગલાઓ લેવાના રહે છે.

ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ બને ત્યાં સુધી તડકામાં ફરવું નહી. દિવસ દરમ્યાન પુષ્કળ માત્રામાં પાણી અને લીંબુ શરબત સહિતનું પ્રવાહી પીતા રહેવું. ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને આવશ્યકતા જણાય ત્યારે ભીના કપડાથી શરીરને અવાર-નવાર લુછતું રહેવું. ગરમીની ઋતુ દરમિયાન બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું. માથાનો દુ:ખાવો થવો, બેચેની થવી, ચક્કર આવવા, ઉબકો કે તાવ આવે તો નજીકના દવાખાના કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોક્ટરની સલાહ અને સારવાર વિના વિલંબે તરત લેવી. હિટવેવને લગતા એલર્ટની વખતોવખતની સૂચનાઓને અનુસરવાની અને ગરમીથી બચવા સાવધ રહેવું. શ્રમકાર્યમાં જોડાયેલા હોય તેવા શ્રમિકવર્ગને સન સ્ટ્રોક (લુ) ની અસરોથી બચવા માટે ખાસ ધ્યાન રાખવાનું રહે છે. તેમણે ગરમીથી બચવાના ઉપાયો અનુસરવાના રહે છે, તેમ અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જોખમી એલ.ઈ.ડી. લાઈટો ધરાવતા વાહન ધારકોને હવે પેનલ્ટી ફટકારાશે

## રાજયભરમાં ઝુંબેશ શરૂ કરવા વાહન વ્યવહાર કમિશ્નરનો આદેશ

અમરેલી :

રાજકોટ સહિત રાજયભરમાં અનેક મોંઘી કારનાં ધારકો અને હેવી વ્હીકલ ધારકો સામેના વાહન ધારકની આંખો અંજાઈ જાય તેવી જોરદાર પ્રકાશ ફેંકતી એલઈડી લાઈટો ફીટ કરાવે છે. અને આવી લાઈટોનાં કારણે ઘણીવાર ગંભીર અકસ્માતો પણ સર્જાઈ રહ્યા છે. ત્યારે હવે રાજયના વાહન વ્યવહાર, વિભાગે આવા વાહનો સામે રાજયવ્યાપી દંડાત્મક પગલાની ઝુંબેશ રૂ કરવાનું નકકી કર્યુ છે. અને આવી ઝુંબેશ અમદાવાદ આરટીઓ અને ટ્રાફિક



પોલીસે શરૂ પણ કરી દીધાનું જાણવા મળી રહ્યું છે.અમદાવાદમાં આવી એલઈડી લાઈટો ધરાવતી અનેક એસયુવી કારો અને હેવી વ્હીકલ ધારકોને તંત્રએ પકડી દંડ પણ ફટકાર્યો છે. રાજયભરમાં જયાં જયાં આવી લાઈટો વાળા વાહનો ફરતા હોય તેને પકડી અને પેનલ્ટી ફટકારવા માટે વાહન વ્યવહાર કમિશ્નરે રાજયના તમામ આરટીઓ અધિકારીઓને ખાસ પરિપત્ર પાઠવ્યો છે.ઉલ્લેખનિય બાબત એ છે કે, એલઈડી ધરાવતા વાહન માલિકો ઉપરાંત આવી લાઈટો વેંચતા અને ફીટ કરી દેતા દુકાનદારો સામે પણ આરટીઓ અને ટ્રાફિક પોલીસ પગલા લેશે અને આવા દુકાનદારોને પણ દંડ ફટકારવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે.અમરેલી આરટીઓ તંત્ર પણ એલઈડી લાઈટો ધરાવતા વાહન ધારકો સામે ઝુંબેશ શરૂ કરનાર હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સના આંગણે સ્નેહમિલનનું આયોજન કરવામા આવ્યું



સાવરકુંડલા:

સાવરકુંડલા તાલુકાની નામાંકિત એવી શૈક્ષણિક સંસ્થા સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સના આંગણે તા.૨૦-૪-૨૪ ને શનિવારના રોજ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં સાવરકુંડલા તાલુકાની સરકારી શાળાના આચાર્યો, મુખ્ય વિષય શિક્ષકો અને શિક્ષણ સાથે જોડાયેલ તજજ્ઞો સાથે નવી શિક્ષણ નીતિને લઈને ચર્ચા- વિચારણા કરવામાં આવી હતી. દરેક મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમન્ટો દ્વારા શાળાના ટ્રસ્ટીઓએ સ્વાગત કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યકમને સફળ બનાવવા માટે ટ્રસ્ટીઓ, આચાર્યો, શિક્ષક ભાઈઓ ◦ બહેનો અને શાળા પરિવારના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવવી હતી.એમ મનીષભાઈ વિંઝુડા દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# અધિકૃત લાયસન્સ ધારક પાસેથી બિયારણ ખરીદવું:ખેતી નિયામક

## બિયારણના ધારાધોરણો દર્શાવ્યા હોય અને માન્ય હોય તેવા પ્રકારના બિયારણની ખરીદી કરીએ

(અતુલ કારિયા) અમરેલી: જિલ્લાના તમામ ખેડૂતોએ આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણ ખરીદી કરતી વખતે બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાઈસન્સ-પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો, જેથી છેતરપીંડીથી બચી શકાય છે. લાયસન્સ-પરવાના ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ,પેઢીઓ કે ફેરિયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કોઈપણ સંજોગોમાં કરવી નહીં. બિયારણ ખરીદ્યું હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદ્દત પૂરી થવાની વિગત દર્શાવતું હોય તેવું સહી સાથેનું બિલ અવશ્ય લેવું. બિયારણની થેલી ખૂલ્લી ન હોય અને બંધ હોય તેવી સ્થિતિમાં છે કે કેમ તેમ જ તેની મુદ્દત પૂરી થઈ કે વીતી ગઇ નથી તે બાબતની ખાસ ચકાસણી કરવી. મુદત મુદ્દત પૂરી થઈ કે વીતી ગઇ હોય તેવા બિયારણની ખરીદી કરવી નહીં. વાવણી બાદ ખરીદવામાં આવેલા બિયારણનું પેકેટ, થેલી તથા તેનું બિલ સાચવી રાખવું જરુરી છે. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો ન દર્શાવ્યા હોય તો તેવા વિવિધ નામથી વેચવામાં આવતા અમાન્ય બિયારણ ખરીદવા નહિ. બિયારણના ધારાધોરણો ન દર્શાવ્યા હોય અને અમાન્ય હોય તેવા પ્રકારના બિયારણનું વેચાણ થતું હોવાનું ધ્યાનમાં આવે તો તાત્કાલિક સંબંધિત એગ્રિકલ્ચર ઈન્સપેક્ટર અથવા જિલ્લા નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ને તુરંત જાણ કરવા તેમ નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) એ એક યાદીમાં અનુરોધ કરતા જણાવ્યુ છે.

# આદર્શ આચાર સંહિતાને લગતી ફરિયાદ માટે ટોલ ફ્રી નં.પર સંપર્ક કરવા અનુરોધ

અમરેલી:આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ આદર્શ આચાર સંહિતા અંગે, ઉમેદવાર કે રાજકીય પક્ષના ચૂંટણી ખર્ચ અંગે, ચૂંટણીને લગતી ગેરરીતિઓ અંગેની વિગતો આપવા જાહેર જનતા માટે અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષાએ ફરિયાદ પર દેખરેખ-નિયંત્રણ રાખવા ફરિયાદ પર દેખરેખ-નિયંત્રણ કક્ષ અને કોલ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. આ માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૨૮૯૨ (૨૪૭) કાર્યરત છે.

# ખેડૂતોએ અગમચેતીના ભાગરુપે પગલા લેવા ખેતીવાડી અધિકારીનો અનુરોધ

અમરેલી : જિલ્લામાં પવન સાથે ઉષ્ણ લહેરની સંભાવના છે. અતિશય ગરમી, હિટવેવ હોય તેવી સ્થિતિમાં જિલ્લાના ખેડૂતોએ અગમચેતીના ભાગરુપે બપોરના સમયે બહાર નીકળવાનું ટાળવું, જ્યારે પણ શક્ય હોય ત્યારે પુષ્કળ પ્રમાણમાં ઠંડુ પાણી તથા લીંબુ શરબત જેવા અન્ય પ્રવાહી લેતા રહેવા. પાણીનું પ્રમાણ વધારે હોય તેવા મોસંબી, તરબુચ, ટેટી, નારંગી, દ્રાક્ષ, અનાનસ, કાકડી જેવા ફળ અને શાકભાજી લેવા. શરીર મહત્તમ રીતે ઢંકાય તેવા પાતળા અને ઢીલા તેમજ વજનમાં હળવા સુતરાઉ વસ્ત્રો પહેરવા. ખાસ કરીને હળવા રંગના વસ્ત્રો પહેરવા, માથું ઢંકાયેલું રાખવું. તડકામાં બહાર જતી વખતે પગમાં બુટ્ટ-ચંપલ પહેરવા, પશુઓને છાંયડે રાખવા, ઉભા પાકને સવારે અથવા સાંજે પિયત આપવું, ગરમીના લક્ષણો મુજબ તાવ આવવો, ગરમ અને સુકી ત્વચા, નાડીના ધબકારા વધવા, ઝાડા ઉલટી જેવું થવું, ચક્કર આવવા વગેરે જણાય તો ૧૦૮ પર કોલ કરી તરત જાણ કરવી કે નજીકના આરોગ્ય સેન્ટર પર સંપર્ક કરવો. ગરમી સામે રક્ષણ મેળવવા ઉચિત પગલા લેવાં અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ એક યાદીમાં અનુરોધ કરતા જણાવ્યુ છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# સુરતના બનાવટી હીરાનો ઝળહળાટ

સુરતના લેબ્રોન નામે ઓળખાતા બનાવટી હીરાનો ઝળહળાટ વધતો જાય છે વિશ્વના ૧૬ દેશોમાંથી સુરતના કૃત્રિમ હીરા ખરીદવા માટે ગ્રાહકો ની ભીડ જામી હતી સુરતના અત્યંત આધુનિક ડાયમંડ બુર્સ ખાતે એક સેમીનાર યોજાયો હતો. જેમાં સુરત ડાયમંડ બોરસના ચેરમેન અને સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા તથા વાઇસ ચેરમેન લાલજીભાઈ પટેલ સહિતના સુરતના ટોપ લેવલના ૧૫ લેબ્રોન ડાયમંડ ગ્રોવર્સ લુઝ એલજીડી કટ એન્ડ પોલીસ સપ્લાયર્સ તેમજ લેબ્રોન્ડ ડાયમંડ જ્વેલરી ઉત્પાદકોએ ભાગ લીધો હતો આ હીરા તથા તેની જ્વેલરી ખરીદવા માટે અમેરિકા બ્રિટન લેબનોન રસિયા ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાંથી ૪૩ ઇન્ટરનેશનલ બાયર્સ આવ્યા હતા આમ સુરતનું નામ બનાવટી હીરાના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની અંદર અગ્રસ્થાને આવી જાય તેવી શક્યતાઓ વધતી જાય છે આ માટે સુરતમાં જી જે ઈ પી સી સંસ્થા અગ્ર ભૂમિકા ભજવે છે આના કારણે સુરત બનાવટી હીરાના ઉત્પાદનનું મોટું કેન્દ્ર બની જશે આ ઉપરાંત ડાયમંડ ટ્રેડિંગ ડેસ્ટિનેશન પણ સુરત બની જશે જેથી સુરતથી બનાવટી હીરાની સીધી વિકાસ થઈ શકશે.

સુરતથી નિકાસ વધારવા માટે દક્ષિણ ગુજરાત ચેમ્બરનું મિશન- ૮૪ હેઠળ ભારે પ્રયાસો થઈ રહ્યા છે. વિયેટનામ ખાતે નિકાસ વધારવા માટે દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સે પાંચ સંગઠનો સાથે સમજૂતી કરાર કર્યા છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે વિયેતનામ ખાતે એસજીસીસીઆઈ ગ્લોબલ. કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત કરાર કર્યા છે.મુંબઈના ભારત ડાયમંડ બુર્સ ખાતે સુરત ડાયમંડ બુર્સની નવી મેનેજમેન્ટ કમિટીમી મળેલી બેઠકમાં ૩૦૦થી વધુ વેપારીઓ સુરત ડાયમંડ બુર્સમાં ઓફિસો શરૂ કરવા ઉત્સુક છે અને ૩૦૦ વેપારીઓ ૭મી જુલાઈએ એસડીબીમાં ઓફિસ શરૂ કરશે તેમ એસડીબીના વાઈસ ચેરમેન લાલજી પટેલે કહ્યું હતું. સુરત ડાયમંડ બુર્સની નવી મેનેજમેન્ટ કમિટીની મુંબઈ ખાતે ભારત ડાયમંડ બુર્સમાં કમિટીના સભ્યોની બેઠક મળી હતી. જેમાં એક હજારથી વધુ વેપારી હાજર રહ્યાં હતા. તેમાં લેબ્રોન ડાયમંડની પણ ચર્ચા થઈ હતી.દુનિયાભરમાં કટ અને પોલિશ્ડ હીરા માટે જાણીતું સુરત ધીમે પગલે લેબગ્રોન ડાયમંડનું પણ હબ બની રહ્યું છે. સુરતમાં જીજેઈપીસીએ લેબગ્રોન ડાયમંડ માટે બાયર્સ-સેલર્સ મીટ યોજી હતી. જેમાં બે દિવસમાં અમેરિકા સહિતના ૧૬ દેશોના ખરીદદારો લેબગ્રોન હીરા ખરીદવા માટે આવ્યા હતા. વિશ્વના ૯૦ ટકાથી વધારે હીરા સુરતમાં કટીંગ અને પોલિશિંગ થાય છે. હવે લેબગ્રોન ડાયમંડ ગ્રોવિંગ(એલજીડી) અને તેની જવેલરીનુ પણ હબ બનશે. એના સંકેતો મળી રહ્યા છે. માત્ર થોડા જ વર્ષોમાં એલજીડીના નિકાસમાં લગભગ ૪૦૦ ટકાની વૃદ્ધિ થઈ છે.સુરતમાં નેચરલ ડાયમંડનુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર છે એનો લાભ મળશે.

કેન્દ્રીય બજેટમાં પણ સરકારે લેબગ્રોન ડાયમંડને વિકસતા ક્ષેત્રે તરીકે નોંધ લીધી છે. અને બેઝિક કાચા માલ ગણાતા સીડસ પર ઈમ્પોર્ટ ડયૂટી ઘટાડીને શૂન્ય કરી છે. એલજીડી પર રિસર્ચ માટે પણ મોટી જાહેરાતો કરવામાં આવી છે.

# સહાનુભૂતિની સંવેદના

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

## બારેક વર્ષની એક માનસિક વિકલાંગ દીકરીને મળવાં જોઈએ તેવાં પ્રેમ, કરુણા, સહાનુભૂતિ, કદર અને સહકાર નથી મળતાં ત્યારે ગામની બજારના ઓટલે પોતે લાચાર બનીને બેસી રહે છે ગામના માસ્તર દરરોજ તેની સામે હાથ ઊંચો કરીને મોં મલકાવી તેને રાજી રાખે છે

બારેક હજારની વસ્તીવાળા ગામમાં અઢારે આલમની વસ્તી છે .ગામમાં મોટાભાગે ખેડૂત વસાહતીઓ છે. થોડાં ઘણાં વ્યવસાયિકોનાં ખોરડાં ખરાં. વળી, ગામના શિક્ષકો અને ગામના તલાટી પણ અહીં રહેણાંક કરીને રહેતા હતા.. ગામમાં એક ખોરડું મંદિરના પૂજારીનું પણ હતું. પૂજારીની એક દીકરી, જેની ઉંમર બારેક વર્ષની હશે પણ એને થોડી માનસિક વિકલાંગતા હતી. એટલે તે હરેફરે, ખાયપીવે, બહુ ઓછી વાતો કરે પણ મરક મરક હસ્યા કરે ખરી. પોતે ચાલવામાં તકલીફ અનુભવતી એટલે બંને પગે શરીરનું સંતુલન જાળવવા માટે કાખઘોડી રાખે.

ઘરેથી નીકળીને ગામની બજારે ઓટલે ચડીને પોતે બેસી રહેતી. બજારે થી પસાર થતું કોઈ એની સાથે વાતચીત નહોતું કરતું. બજારમાંથી જે કોઈ નીકળે એને પોતે તાકી તાકીને જોયા કરતી. લોકોના મનમાં એ અસ્થિર મગજની હોવાનો ખ્યાલ એટલે કોઈ એને બોલાવતું નહીં. આમ તો આ દીકરીનો કોઈ ઉપદ્રવ નહોતો. એ શાંતિથી જ્યાં બેઠી હોય ત્યાં બેસી રહેતી. તેની માનસિક વિકલાંગતાને કારણે એની અવગણના થતી હોય એવું લાગતું. એની સાથે વાતચીત કરવા કોઈ બેસે નહીં એને કોઈ બોલાવે નહીં. બધાં છોકરાંઓ શેરીમાં રમતાં હોય ત્યારે એ ઓટલે બેસીને જોયા કરતી. સાંજ પડે ત્યારે સૌ રમીને ઘર ભેળાં થાય ત્યારે પોતે પોતાની બંને કાખઘોડી વડે ધીમે ધીમે ઘર ભણી ચાલતી થતી.

પોતાના ઘરે પણ ખાવુંપીવું, બેસવુંઊઠવું, એમ પોતાનું બધું જ કામ જાતે જ કર્યા કરતી. એનાં મા-બાપને એના વિશેની કોઈ કામગીરીમાં સાથ આપવાની જરૂર રહેતી નહીં. પોતે ત્રણ ટાઈમ જમે. જાતે પથારી કરીને સૂઈ જાય. ઘરમાં કોઈ પણ પ્રકારનું કામ એને સોંપવામાં આવતું નહીં. એવી કોઈ તાલીમ પણ તેને આપવામાં આવતી નહીં. ઘરમાં પણ તેની સાથે વાતો કરવાની કોઈને ફુરસદ નહોતી. પોતે બધી રીતે સ્વસ્થ હતી. એને કોઈ બીજી શારીરિક બીમારી પણ નહીં. થોડી માનસિક અસમતુલા એટલે પોતાનું જીવતર એમનામ જીવ્યે જતી હતી. ગામમાં એ જ્યારે ઓટલે બેઠી હોય ત્યારે કોઈ એને બોલાવે નહીં એટલે એ પોતે પણ બિચારી લાચાર થઈને બધાંની સામે ટગર ટગર જોયા કરતી.



ગામની શાળાના આચાર્ય, જે એના ઘર પાસેથી પસાર થાય ત્યારે ઓટલે બેઠેલી આ દીકરીની સામે એ હસતું મોઢું રાખીને એની સામે હાથ ઊંચો કરે. આ દીકરી પણ ભાવપૂર્વક એ સાહેબની સામે હાથ ઊંચો કરે અને એનું મોઢું મલકાવે. આ સાહેબ સિવાય ગામમાં કોઈ એને આવી રીતે કદી બોલાવતું નહીં. આમ એકલવાયું બેસી રહેતી આ દીકરીની ઉંમરનાં છોકરાંઓ પણ એને રમવા ન બોલાવે. માનસિક વિકલાંગતાને કારણે એને અલાયદી રાખવાનો ઈરાદો ગામનાં છોકરાંવનો પણ રહેતો.

સાહેબને ઘરેથી સ્કૂલે જવાનો ટાઈમ થાય ત્યારે એ દીકરી સાહેબની ખડકી ભણી નજર રાખીને ઓટલે બેસી જતી. એને ઇન્તેઝારી રહેતી કે હમણાં મારી સામે હસતું મોં રાખશે અને હાથ ઊંચો કરશે. પોતાના કુટુંબ અને આખા ગામ પૈકી આ સાહેબ જ દિવસમાં ત્રણ વખત ત્યાંથી પસાર થાય ત્યારે એને આદર આપતા હતા. આ રીતનો નિત્યક્રમ જળવાઈ રહ્યો. સાહેબે વિચાર્યું કે એકાદ વખત ઊંચો હાથ ન કરું તો શું થાય ? ત્યારે દીકરીએ પોતે સામેથી સાહેબ સામે ઊંચો હાથ કર્યો અને મોં મુકાવ્યું. સાહેબ પણ રાજી થયા ને હાથ ઊંચો કરીને હસ્યા.

સાહેબ નિવૃત્ત થયા અને ત્યાંથી ગામને પાદર મકાન બનાવીને ત્યાં રહેવા ગયા. અહીં આ દીકરી બજારના ઓટલે બેસીને દરરોજ સાહેબની બંધ ખડકી સામે મોં ફેરવીને જોયા કરતી. એને તો મનમાં થયા કરતું કે હમણાં માનરી સામે હસીને હાથ ઊંચો કરશે. સાહેબ હમણાં નીકળશે એની રાહ જોયા કરતી આ દીકરી આશામાં ને આશામાં ત્યાં બેસી રહેતી. ન એ કોઈને પૂછી શકે કે ન કોઈ એને સામેથી કહેતું કે સાહેબ હવે અહીં રહેતા નથી. કારણ કે કોઈને ખબર નહોતી કે સાહેબ અને આ દીકરીને પરસ્પર કેવો માણસાઈભર્યો સદ્ભાવ હતો.

એક દિવસ સાંજે સાહેબ આ બજારેથી નીકળ્યા. તેમણે આ દીકરીને જોઈ. પોતાની કાખઘોડી લઈને એ ઊભી થતી સાહેબની સામે જઈને ઊભી રહી. માથું નમાવીને સાહેબને સલામ કરી પોતે મોં મુકાવ્યું. સાહેબે પણ મોં મુકાવ્યું ને તેના માથે વહાલસોયો વરદ્ હસ્ત રાખી દીધો. દીકરીને તો માનસિક વિકલાંગતા હતી એટલે એ તો વિશેષ કોઈ લાગણી પ્રગટ કરી શકી નહીં પણ સાહેબની આંખોમાંથી સંવેદનાનાં આંસુ ટપકી પડ્યાં.

કરુણાના સંસ્કાર બધા માણસોમાં એક સરખા હોતા નથી. કારણકે કોઈની લાચારી જોઈને દરેકનું હૈયું ભીંજાતું નથી હોતું. અહીં આ દીકરીની માનસિક વિકલાંગતા ખરી પણ માણસ તરીકે તેને મળવાં જોઈએ તેવાં પ્રેમ, કરુણા, સહાનુભૂતિ, કદર, સલામતી અને સહકાર કોણ આપે છે ? જે ઘરમાં પોતે ઋણાનુબંધે અવતરી છે, ત્યાંથી પણ આ બધું તેને ક્યાં મળે છે ? આવું બધું વિચારીને માસ્તર પોતાનાં આંસુ ખાળી શક્યા નહીં.

# ગુજરાતનો ખેડૂત ગધેડીનું દૂધ ઓનલાઈન વેંચીને મહિને કમાય છે લાખો રૂપિયા!

## ૫,૦૦૦થી ૭,૦૦૦ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાય છે ગધેડીનું દૂધ

દૂધ ૫૦૦૦ રૂપિયા પ્રતિ લિટરના ભાવે વેચાય છે, તે પણ ઓનલાઇન !! સાંભળીને નવાઈ લાગશે પણ આજે ગધેડીનું દૂધ તેના અન્ય ગાય-ભેંસના દૂધ કરતા ૭૦ ગણા વધુ ભાવે વેચાઈ રહ્યું છે. અને આથી જ પાટણનો એક ખેડૂત ગધેડીનું દૂધ વેંચીને ઓનલાઈન વેંચીને મહિને લાખો રૂપિયાની કમાણી કરી રહ્યો છે.

ગુજરાતના પાટણ જિલ્લાના ખેડૂત ધીરેન સોલંકીએ ગામમાં ૪૨ ગધેડી સાથે ફાર્મ ખોલ્યું છે અને દક્ષિણના રાજ્યોમાં ગ્રાહકોને ગધેડીનું દૂધ સપ્લાય કરીને મહિને રૂ. ૨-૩ લાખની કમાણી કરી રહ્યો છે.આ વ્યવસાય શરૂ કરવા અંગે ધીરેન સોલંકીએ કહ્યું કે તે સરકારી નોકરી કરવા માંગતો હતો, પરંતુ સરકારી નોકરી ન મળી, તેના બદલે મને કેટલીક ખાનગી નોકરીઓ મળી. પણ પરિવારનું

કરંટ ટોપિક

ભરણ-પોષણ માંડ માંડ થતું હતું. આ સમય દરમિયાન ધીરેનને દક્ષિણ ભારતમાં ગધેડા ઉછેર વિશે જાણવા મળ્યું. તે કેટલાક લોકોને મળ્યો અને લગભગ ૮ મહિના પહેલા પોતાના જ ગામમાં આ ફાર્મ ખોલ્યું. તેણે ૨૨ લાખ રૂપિયાનું રોકાણ કરીને ૨૦ ગધેડા સાથે શરૂઆત કરી હતી.

ધીરેન સોલંકીએ કહ્યું કે શરૂઆતનો તબક્કો મુશ્કેલ હતો, ગુજરાતમાં ગધેડીના દૂધની કોઈ માંગ ન હતી અને શરૂઆતના પાંચ મહિનામાં કંઈ કમાણી થઈ ન હતી. આ પછી તેણે દક્ષિણ ભારતની કંપનીઓનો સંપર્ક કર્યો, જ્યાં ગધેડીના દૂધની માંગ છે. હવે ધીરેન સોલંકી કર્ણાટક અને કેરળમાં ગધેડીનું દૂધ સપ્લાય કરે છે. તેના ગ્રાહકોમાં કોસ્મેટિક કંપનીઓ છે જેઓ તેમના ઉત્પાદનોમાં ગધેડીનું દૂધ વાપરે છે.

ગધેડીના દૂધના ભાવ વિશે પૂછવામાં આવ્યું ધીરેન સોલંકીએ કહ્યું કે તે ૫,૦૦૦ થી ૭,૦૦૦ રૂપિયા પ્રતિ લીટરના ભાવે ગધેડીનું દૂધ વેચે છે. ૬૫ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાતા ગાયના દૂધ સાથે તેની સરખામણી કરી શકાય નહીં. ગધેડીના દૂધને હંમેશા તાજું રાખવા માટે તેને ફ્રીઝરમાં સ્ટોર કરી રાખવામાં આવે છે. ગધેડીના દૂધને સૂકવીને પાઉડર સ્વરૂપે પણ વેચવામાં આવે છે, જેની કિંમત આશરે રૂ. ૧ લાખ પ્રતિ કિલો છે.

ધીરેન સોલંકીના ફાર્મમાં હવે ૪૨ ગધેડી છે અને તેણે અત્યાર સુધીમાં લગભગ ૩૮ લાખ રૂપિયાનું રોકાણ કર્યું છે. તે કહે છે કે તેણે હજુ સુધી રાજ્ય સરકાર પાસેથી કોઈ મદદ લીધી નથી, પરંતુ તે ઈચ્છે છે કે સરકાર આ ક્ષેત્ર પર પણ ધ્યાન કેન્દ્રિત કરે.

પ્રાચીન કાળથી ગધેડીના દૂધનો ઉપયોગ કરવામાં આવે છે, કેટલાક દાવો કરે છે કે ઇજિપ્તની રાણી ક્લિયોપેટ્રા ગધેડીના દૂધથી સ્નાન કરતી હતી. ગ્રીક ચિકિત્સક હિપ્પોક્રેટ્સે, યકૃતની સમસ્યાઓ, નાકમાંથી રક્તૂાાવ, ઝેર, ચેપી રોગો અને તાવ માટે ગધેડીના દૂધથી સારવાર કરવાનું સૂચવ્યું હોવાનું માનવામાં આવે છે. ગધેડીના દૂધના ઘણા ફાયદા હોવા છતાં, આધુનિક યુગમાં ગધેડીના દૂધના વ્યાપમાં ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ હવે ફરી વૈજ્ઞાનિકોએ તેની ક્ષમતા શોધી કાઢી છે. પરંતુ તેની ઉપલબ્ધતા હજુ પણ મર્યાદિત છે અને ભાવ ખુબ ઊંચા છે.

# અત્યંત ભયાનક પ્રદુષણ એટલે નેનો પ્લાસ્ટિક

## માનવીના વાળની જાડાઈ કરતાં પણ ૪૭૦૦ ગણો સૂક્ષ્મ પ્લાસ્ટિકનો જે કણ છે તેને નેનો પ્લાસ્ટિક કહેવામાં આવે છે જ્યારે તમે પ્લાસ્ટિકની બોટલ માંથી શુદ્ધ ગંગાજળ જેવું પારદર્શક ઠંડુ પાણી પીવો છો ત્યારે તમારા પેટમાં ટાઢક થાય છે પરંતુ તે પહેલા નેનો પ્લાસ્ટિકના અઢી લાખ જેટલા નેનો પાર્ટીકલ્સ તમારી હોજરી માં પહોંચીને તમારા શરીરના આંતરિક અંગોને જે નુકસાન પહોંચાડે છે તે જેવું તેવું નથી !!



અતિશય પારદર્શક બોટલ ની અંદર ભરેલું એકદમ સ્વચ્છ પાણી જાણે શુદ્ધ ગંગાજળ હોય તેવું લોકોને લાગે છે અને શરીર સીધું હિમાલયની ઠંડક આપતું આ પાણી લાખો લોકો પીવે છે. પરંતુ તેમને ખબર નથી કે પ્લાસ્ટિકની આ બોટલ ની અંદર લાખોને કરોડોની સંખ્યામાં પ્લાસ્ટિકના માઇક્રો કણ કે જેને નેનો પ્લાસ્ટિક કહેવામાં આવે છે તે પાણીમાં ભળેલા હોય છે જે આરોગ્યને ભયાનક રીતે નુકસાન પહોંચાડે છે આ વસ્તુ અત્યંત જોખમી હોવા છતાં આજે આપણે સૌ પારદર્શક પાણીની બોટલને પ્રેમથી શુદ્ધ ગંગાજળ માનીને પી રહ્યા છીએ રેલ્વેમાં પણ રેલ જલ નામે આવી બોટલો છૂટથી વેચવામાં આવે છે પણ આ કેટલું નુકસાન કરે છે તેની હકીકત આંખ ઉઘાડી નાખે તેવી છે.

એક લિટર પાણીની બોટલમાં કરોડો નેનો પ્લાસ્ટિકના નેનોકણ હોય છે.

કોલમ્બિયા યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ બે અઠવાડિયા પહેલાં સ્ટિમ્યુલેટેડ રામન સ્કેટરિંગ માઈક્રોસ્કોપી નામનું તદ્દન લેટેસ્ટ માઈક્રોસ્કોપ વાપરીને અમેરિકાની ત્રણ ખ્યાતનામ કંપનીઓની પાણીની બોટલોના પાણીની તપાસ કરી. પરિણામ ચોંકાવનારા હતા. કોઈ બોટલમાં નેનો પ્લાસ્ટિકના ૧.૧૦ લાખ કણ હતા તો કોઈ બોટલમાં ૩.૭૦ લાખ કણ હતા. પાણીની સૌથી સલામત ગણાતી બોટલો જેમાંથી બને છે તે પોલિથિલીન-ટેરેપ્થાલેટ જાતના પ્લાસ્ટિક સહિત ૭ જાતના પ્લાસ્ટિકના નેનો-કણ જોવા મળ્યા. અમેરિકામાં સલામતીના ધોરણો સૌથી કડકાઈથી પાળવામાં આવે છે. ત્યાંના પાણીની જો આ સ્થિતિ હોય તો બાકી દેશોના પાણીનું પૂછવું જ શું? આપ જ્યારે પ્લાસ્ટિકની બોટલ માંથી ઠંડુ પાણી પીવો છો ત્યારે તમને ખબર નથી કે એક લીટર પાણીની બોટલમાં નેનો પ્લાસ્ટિકના ઓછામાં ઓછા લાખ સૂક્ષ્મ કણો પણ તમારા પેટમાં ઉતરી જાય છે અને તે તમારા આરોગ્યને ભયંકર નુકસાન પહોંચાડે છે પાણીમાં

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

પ્લાસ્ટિકના આટલા બધા કણ આવ્યા ક્યાંથી? પ્લાસ્ટિકને લોકપ્રિય અને સલામત બનાવવા તેને ખૂબ ટકાઉ બનાવવામાં આવ્યું. છતાં જ્યાં ત્યાં વેરાયેલા પ્લાસ્ટિકને ગરમીના કારણે, અતિશય ઠંડીના કારણે સૂક્ષ્મ ઘસારો લાગે જ છે.પાણીની બોટલની જ વાત કરીએ તો પાણીની બોટલ જ્યારે તમારા હાથમાં દબાય છે તે કડડડડડ અવાજ કરે છે. ફરી મૂળ આકારમાં આવી જાય છે, પરંતુ કડડડડ અવાજ થાય ત્યારે વાળ કરતાં પચાસ હજારથી એક લાખ ગણા નાના નેનો-કણ તેમાંથી છૂટા પડીને પાણીમાં ભળી જાય છે. તમે બોટલનું ઢાંકણ જેટલી વખત ખોલો-બંધ કરો છો તેટલી વખત પ્લાસ્ટિક ઘસારો પામે છે અને તેના નેનો-કણ પાણીમાં ભળે છે. આપણા ઘરમાં વપરાતી પ્લાસ્ટિકની દરેક બોટલ, પેકેટ, ડબ્બા, કન્ટેનરમાં પણ આ ઘટના બનતી રહે છે. નેનો-કણ સર્જાતા રહે છે અને ડબ્બા, બોટલ, કન્ટેનરમાં સંઘરાયેલા ચા, કોફી, ખાંડ, મીઠા, કાળા મરી, મસાલા સહિત દરેક પદાર્થમાં તે ભળતા રહે છે. ઘરની બહાર પણ આવી રીતે બજાજ કરે છે

જ્યારે તમે ગરમ ગરમ ચા પેપર કપ માં રડો છો ત્યારે તેને જોડવા માટે જે પેરેફીન વેક્સના જે રસાયણો વપરાય છે તે ગરમ ચા ની અંદર ભળે છે અને તમારા પાચનતંત્રને તે ખરાબ કરે છે આવી રીતે કોઈ ઠંડા પીણા જ્યારે તમે પ્લાસ્ટિકના ગ્લાસમાં પીવો છો અને જ્યારે તે પ્લાસ્ટિકનો ગ્લાસ દબાય છે ત્યારે તેના ઘણું આ ઠંડા પીણમાં ભળે તમારા પેટમાં ઉતરી જાય છે અને આરોગ્યને નુકસાન કરે છે. પ્લાસ્ટિકની દરેક વસ્તુના માઈક્રો અને નેનો પ્લાસ્ટિક કણ બનતા રહે છે. હવા, માટી વગેરેમાં ભળતા રહે છે, આપણા શરીરમાં આવતા રહે છે. તે આપણને કેટલા માંદા પાડે છે અને તેનાથી શી રીતે બચી શકાય તેની વાત હવે પછીપ!

પ્લાસ્ટિક રાક્ષસનો જન્મ ૧૮૬૨માં થયો હતો દોઢસો વર્ષ પહેલાં ૧૮૬૨માં એલેક્ઝાન્ડર પાર્કસે પાર્કસાઈન નામના પ્લાસ્ટિકની શોધ કર હતી. ૧૯૦૭માં લિયો બેકેલાઈટે સદંતર રસાયણિક બેકેલાઈટ પ્લાસ્ટિકની શોધ કરી. પછીન વર્ષોમાં પોલિથિલીન, પોલિવિનાઈલ, પોલિસ્ટરીન, પોલિપ્રોપિલીન અને પોલિસ્ટિરીન જેવા પ્લાસ્ટિક શોધાયા. બીજા વિશ્વયુદ્ધ પછી મંદી અને અછતમાંથી વિકાસ કરવા પ્લાસ્ટિકનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં કરવાના સફળ અખતરા થતા રહ્યા. આપણા ફર્નિચર, વાસણો, પેકેજિંગ, વાહનો, કોસ્મેટિક્સ, બેગ્સ, ડિટરજન્ટ, રોગપ્રતિકારક પદાર્થો, સેનિટાઈઝર્સ, ટૂથપેસ્ટ, વેટવાઈપ્સ અને પાણીની બોટલો જેવા તમામ ક્ષેત્રોમાં પ્લાસ્ટિક વપરાવા લાગ્યું. દરેક ક્ષેત્રમાં ઉપયોગ થવા લાગ્યો તો પ્લાસ્ટિકના કચરાના પર્વતો સર્જાયા. પ્લાસ્ટિકનો કચરો ક્યાં ક્યાં પહોંચ્યો છે અને કેવા કેવા નુકસાન કરી રહ્યો છે તેની તપાસ કરવામાં આવી. તેમાં ખબર પડી કે આપણા ખોરાક અને પાણી સાથે સૂક્ષ્મ માઈક્રોપ્લાસ્ટિક દાણા, રેસા અને ટુકડા સ્વરૂપે દરરોજના લાખ્ખોની સંખ્યામાં શરીરમાં ઠલવાઈ રહ્યું છે.પાણીમાં જ નહીં હવા, માટી અને બરફમાં પણ માઈક્રો-નેનોપ્લાસ્ટિક!

પ્લાસ્ટિક આખા જગતની ધરતી, મહાસાગરો અને બરફ પર ફરી વળ્યું છે. દરેક પદાર્થ પર જાતજાતનો ઘસારો પડતો રહેવાથી તેના સૂક્ષ્મ કણ જ્યાં-ત્યાં વેરાતા રહે છે. આ હકીકત જાણતા વિજ્ઞાનીઓએ તર્ક કર્યો કે પ્લાસ્ટિકનો પણ ઘસારો તો થતો જ હશે. તાજેતરમાં જગતની બધી નદી, સરોવર, મહાસાગર, ધ્રુવપ્રદેશ રણ, માટી અને હવાનો અભ્યાસ કર્યો તો ખબર પડી કે હવા, માટી, પાણી અને બરફ બધે જ પ્લાસ્ટિકના માઈક્રો તથા માઈક્રો અને નેનો કણ ફરી વળ્યા છે. હવા, પાણી, ખોરાક વાટે તે રોજેરોજ લાખ્ખો કરોડોની સંખ્યામાં આપણા પાણી અને ભોજનમાં ભળીને શરીરમાં ઠલવાઈ રહ્યા છે. આમાંથી બચવાનો એકમાત્ર ઉપાય એ છે કે ઘરમાં માટલાનું પાણી પીવો. પ્લાસ્ટિકની બોટલને બદલે ત્રાંબાના પતરામાંથી બનેલી બોટલ વાપરો. માટીના બનેલા વાસણમાં પાણી ઠારો અને તે પીવો તેમાં થોડો સુગંધી વાળો અથવા તો તકમરીયા ઉમેરો વરિયાળી ઉમેરો અને આ પાણી પીવો ઉનાળાની અંદર તમારું આરોગ્ય સુધરશે, ગરમી નહિ લાગે, લુ નહીં લાગે. બાકી હવે પ્લાસ્ટિકની બોટલને રામરામ કરશો તો ૧૦૦ વર્ષ આરામથી વગર દવાએ જીવી શકશો તેમાં શંકા ને કોઈ સ્થાન નથી વહેલી સવારે તાંબાના લોટામાં રાખેલું પાણી પીવાથી તમે કોઈ દિવસ બીમાર નહીં પડો તેની ગેરંટી પ્રાચીન ભારતનું આરોગ્ય શાસ્ત્ર આપે છે જેને અનુસરવું હવે જરૂરી બની ગયું છે.

# ૧૭ વર્ષના ડી ગુકેશે રચ્યો ઈતિહાસ ચેસમાં ૪૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

નવીદિલ્હી,તા.૨૨

ભારતના ૧૭ વર્ષના ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશે કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચ્યો છે. તે વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ માટે સૌથી યુવા ચેલેન્જર બન્યો હતો. તેને ગેરી કાસ્પારોવનો ૪૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો.

ગુકેશે ૧૪મા અને છેલ્લા રાઉન્ડમાં અમેરિકાના હિકારુ નાકામુરા સાથે ડ્રો રમ્યો હતો. આ ટૂર્નામેન્ટમાં તેના ૧૪ માંથી ૯ પોઈન્ટ હતા જેથી તે વર્લ્ડ ચેમ્પિયનનો ચેલેન્જર નક્કી કરી શકે.તે વર્ષના અંતમાં



વર્તમાન વિશ્વ ચેમ્પિયન ચીનના ડીંગ લિરેનને પડકાર આપશે. ચેન્નાઈના રહેવાસી ગુકેશે કાસ્પારોવનો રેકોર્ડ પણ તોડ્યો હતો. કાસ્પારોવ ૧૯૮૪માં ૨૨ વર્ષનો હતો, જ્યારે તેને વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ માટે રશિયાના એનાટોલી કાર્પોવને પડકાર આપ્યો હતો.

ગુકેશનો જન્મ ૨૯ મે ૨૦૦૬ના રોજ ચેન્નાઈમાં થયો હતો. અંડર-૯ સ્તરે એશિયન સ્કૂલ ચેસ ચેમ્પિયનશિપ જીત્યા બાદ તે ૨૦૧૫માં ચર્ચામાં આવ્યો હતો. ગુકેશે વર્ષ ૨૦૧૮માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ તેણે એશિયન યુથ ચેસ ચેમ્પિયનશિપમાં કુલ પાંચ ગોલ્ડ મેડલ જીત્યા હતા. ગુકેશ જાન્યુઆરી ૨૦૧૯માં ગ્રાન્ડમાસ્ટર બન્યો હતો. ત્યારે તેની ઉંમર ૧૨ વર્ષ ૭ મહિના અને ૧૭ દિવસની હતી. ગુકેશ ડી ચેસ ઈતિહાસમાં બીજા સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર છે. એમ્ચેસ રેપિડ ટુર્નામેન્ટમાં મેગ્નસ કાર્લસનને હરાવનાર તે સૌથી યુવા ખેલાડી છે. ગુકેશ ચેસ વર્લ્ડ કપ ૨૦૨૩ની ક્વાર્ટર ફાઈનલમાં પણ પહોંચ્યો હતો.

ગુકેશે વિજય બાદ કહ્યું, ‘હું ખૂબ જ રાહત અનુભવી રહ્યો છું. હું ફેબિયાનો કારુઆના અને ઈયાન નેપામ્નિઆચી વચ્ચેની મેચ જોઈ રહ્યો હતો.

# રાજસ્થાને મુંબઈને ૯ વિકેટે હરાવ્યું

## જયસ્વાલે જબરદસ્ત સદી ફટકારી : રાજસ્થાન ક્વોલિફાય થવાથી માત્ર એક જીત દૂર

મુંબઈ

IPL-202૪માં રાજસ્થાન રોયલ્સે બીજી વખત સતત ત્રીજી જીત હાંસલ કરી છે. ટીમે સિઝનની ૩૮મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૯ વિકેટે હરાવ્યું હતું. ૧૭મી સિઝનમાં રાજસ્થાનની આ ૭મી જીત હતી, આ સાથે રોયલ્સ ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગઈ છે. બીજી તરફ મુંબઈ પાંચમી મેચ હારી ગયું હતું.

સોમવારે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં મુંબઈએ ટૉસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ટીમે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા. રાજસ્થાને ૧૮૦ રનનો ટાર્ગેટ ૧૮.૪ ઓવરમાં એક વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો હતો. ઈઈના ઓપનર યશસ્વી જયસ્વાલે



૬૦ બોલમાં અણનમ ૧૦૪ રનની સદી ફટકારી હતી. તેણે ૯ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા. જોસ બટલરે ૩૫ રન અને કેપ્ટન સંજુ સેમસને ૩૮ અણનમ રનનું યોગદાન આપ્યું હતું. MI તરફથી પિયૂષ ચાવલાને એક વિકેટ મળી હતી. મુંબઈ તરફથી તિલક વર્માએ ૪૫ બોલમાં ૩ સિક્સરથી ૬૫ રનની અડધી સદીની ઈનિંગ રમી હતી, જ્યારે નેહલ વાઢેરા ૪૯ રન બનાવીને આઉટ થયો હતો.

# ૨૪મીથી NSE નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ પર ડેરિવેટિવ્ઝ લોન્ચ કરશે

અમદાવાદ

ટ્રેડ થયેલા કોન્ટ્રાક્ટના આધારે વર્ષ ૨૦૨૩માં વિશ્વના નંબર ૧ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ, નેશનલ સ્ટોક એક્સચેન્જને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા તરફથી નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ (NIFTYNXT50) પર ડેરિવેટિવ્ઝ માટે મંજૂરી મળી ગઈ છે, જેના આધારે ૨૪ એપ્રિલ, ૨૦૨૪થી આ કોન્ટ્રાક્ટ લોન્ચ કરવામાં આવશે.

એક્સચેન્જ ૩ સીરિયલ માસિક ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈન્ડેક્સ ઓપ્શન્સ કોન્ટ્રાક્ટ સાયકલ ઓફર કરશે. રોકડમાં સેટલ થનારા ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટ એક્સપાયરી મહિનાના છેલ્લા શુક્રવારે સમાપ્ત થશે.

નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ, નિફ્ટી ૫૦ની કંપનીઓને બાદ કરતાં નિફ્ટી ૧૦૦ની ૫૦ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરે છે. માર્ચ ૨૦૨૪ સુધીમાં, ઈન્ડેક્સમાં નાણાકીય સેવા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ સૌથી વધુ ૨૩.૭૬%, ત્યારબાદ ૧૧.૯૧% સાથે કેપિટલ ગુડ્સ સેક્ટર અને ૧૧.૫૭% પ્રતિનિધિત્વ સાથે કન્ઝ્યુમર સર્વિસીઝ હતું. આ ઈન્ડેક્સ ૧ જાન્યુઆરી , ૧૯૯૭ ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો, જેના બેઝ ડેટ અને બેઝ વેલ્યુ અનુક્રમે ૩ નવેમ્બર ૧૯૯૬ અને ૧૦૦૦ હતા. વિતેલા વર્ષોમાં, ઈન્ડેક્સની પદ્ધતિમાં સુધારો થતો રહ્યો છે. ૪ મે, ૨૦૦૯થી ઈન્ડેક્સ કોમ્પ્યુટેશન પદ્ધતિને ફ્રી ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશન વેઈટેડ મેથડમાં પરિવર્તિત કરવામાં આવી હતી. ત્યારબાદ, ઘટક શેરો માટે વેઈટ કેપિંગની રજૂઆત કરવામાં આવી હતી, જેના પર ડેરિવેટિવ્સ ઉપલબ્ધ ન હતા. ૨૦૨૩માં તેને સુધારીને ૧૦% પર મર્યાદિત નોન-F&O શેરોમાં પરિવર્તિત કરવામાં આવ્યું હતું, જ્યારે ઈન્ડેક્સમાં નોન-ફ્રક્ર્ સ્ટોક વ્યક્તિગત રીતે ત્રિમાસિક રિબેલેન્સ તારીખો પર ૪.૫% પર મર્યાદિત છે.

આ પ્રસંગે, NSEના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર શ્રીરામ કૃષ્ણને જણાવ્યું હતું કે “નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ (NIFTYNXT50) પર ડેરિવેટિવ્ઝની શરૂઆત હાલના ઈન્ડેક્સ ડેરિવેટિવ્ઝ પ્રોડક્ટ માળખા માટે સારી રીતે પૂરક બનશે. નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ, ટોચના લાર્જ અને લિક્વિડ ggv સ્ટોક્સ ધરાવતા નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ અને ટોચના લાર્જ અને લિક્વિડ મિડ કેપિટલાઈઝ્ડ સ્ટોક્સ ધરાવતા નિફ્ટી મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સ વચ્ચેની જગ્યાનું પ્રતિનિધિત્વ કરશે.”

# પુષ્પા - ૨ ફિલ્મે રચ્યો ઈતિહાસ ! રિલીઝ પહેલા જ ૧૦૦૦ કરોડનો બિઝનેસ કર્યો






મુંબઇ,

સાઉથ સિનેમાનો સુપરસ્ટાર અલ્લુ અર્જુન તેની આગામી ફિલ્મ ‘પુષ્પા ૨: ધ રૂલ’ને લઈને ખંબ ચર્ચામાં છે. સુપરસ્ટારના જન્મદિવસના અવસર પર નિર્માતાઓએ ફિલ્મનું ટીઝર બધા સાથે શેર કર્યું હતું. ટીઝરમાં અલ્લુ અર્જુનની ઝલક જોયા પછી બધાને ખાતરી હતી કે આ ફિલ્મ જબરજસ્ત હશે. જોકે, ફિલ્મનું પ્રમોશન હજી શરૂ પણ થયું નથી તે પહેલા પિક્ચરે જોરદાર બિઝનેસ કરી લીધો છે. વર્ષ ૨૦૨૧માં આવેલી ફિલ્મ પુષ્પાઃ ધ રાઈઝે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી. હવે આ ફિલ્મનો બીજો ભાગ ‘પુષ્પા ૨: ધ રૂલ’ રિલીઝ પહેલા જ બિઝનેસ કરવા લાગી છે. એક રિપોર્ટ અનુસાર, અલ્લુ અર્જુનની ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થાય તે પહેલા જ તેની કમાણી ૧૦૦૦ કરોડ રૂપિયાના આંકડાને સ્પર્શી ગઈ છે. પુષ્પા એક મોટી બ્રાન્ડ બની ગઈ છે.

# ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માટે આગામી બે અઠવાડિયામાં ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવશે

નવીદિલ્હી

લગભગ બે અઠવાડિયાની વાત છે, તે પછી જૂનમાં યોજાનારા ટી ૨૦ વર્લ્ડ કપ ( ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪) માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવશે. એવું પણ શક્ય છે કે પસંદગી સમિતિએ નામો પસંદ કરીને સાચવી લીધા હોય અને માત્ર જાહેરાત થવાની બાકી હોય, પરંતુ કેટલાક ખેલાડીઓને લઈને મીડિયા, ભૂતપૂર્વ ક્રિકેટરો અને ચાહકોમાં ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. કારણ એ છે કે અસાધારણ પ્રદર્શનના આધારે અગરકર એન્ડ કંપનીની સામે અચાનક એવા વિકલ્પો ઉભા થઈ ગયા કે સ્થિતિ એવી બની ગઈ કે કોને છોડવામાં આવે અને કોને વર્લ્ડ કપની ટિકિટ આપવામાં આવે. રિયાન પરાગને કેવી રીતે છોડવો, તો પછી શિવમ દુબેને કેવી રીતે અવગણવું? યુઝવેન્દ્ર ચહલને સાથે લેવો જોઈએ કે બિશ્નોઈને. અને તે દરમિયાન, ઝડપી ઉભરતા યુવા ફાસ્ટ બોલર મયંક યાદવે સતત બે મેચમાં બે પ્લેયર ઓફ ધ મેચ જીતીને પસંદગીના ખૂબ જ વ્યાકરણને ફટકો માર્યો છે.

મયંક ઈજાગ્રસ્ત થયા બાદ છેલ્લી ત્રણ મેચમાં રમ્યો નથી. ટીમ દ્વારા તેમના વિશે કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. જાણે કે વર્લ્ડ કપ માટે કોઈ રણનીતિ કામ કરી રહી છે, પરંતુ તેનાથી વિપરીત ભૂતપૂર્વ દિગ્ગજ ટોમ મૂડીએ એક વેબસાઈટ સાથે વાત કરતા મયંકને લઈને ચેતવણી આપી છે. મૂડીએ કહ્યું કે મેં મયંકને જે કેટલીક મેચોમાં જોયો તે એટલી હદે અસાધારણ હતી કે તમે વારંવાર રિપ્લે જોવા માંગો છો, પરંતુ તમે તેના પર વિચાર કર્યા વિના પ્રતિક્રિયા આપી શકતા નથી. ખાસ કરીને જ્યારે તે ટી ૨૦ વર્લ્ડ કપની પસંદગી સાથે સંબંધિત હોય. મયંક માત્ર બે મેચ રમ્યો છે અને તે ઈજાગ્રસ્ત થયો છે.

ભૂતપૂર્વ ક્રિકેટરે કહ્યું કે તમે ખરેખર નથી જાણતા કે તે લાંબા સમય સુધી, દબાણની ક્ષણોમાં અને વિવિધ ભૂમિકાઓમાં શું કરી શકે છે. તેમાં કોઈ શંકા નથી કે તે ભવિષ્યનો સ્ટાર ખેલાડી છે અને તેની કાળજી લેવાની જરૂર છે, પરંતુ મારા મતે તેને આ વર્ષની આવૃત્તિ માટે નહીં પણ ૨૦૨૬ના વર્લ્ડ કપ માટે જોવો જોઈએ.

# જિગરા ફિલ્મ માટે આલિયા બાસ્કેટ બોલની ટ્રેનિંગમાં વ્યસ્ત બની ગઈ

મુંબઈ

આલિયા ભટ્ટ પોતે ’જિગરા’ ફિલ્મનું નિર્માણ કરી રહી છે અને આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા પણ ભજવી રહી છે. ફિલ્મના રોલને ન્યાય આપવા માટે તે હાલ બાસ્કેલ બોલની ઘનિષ્ઠ ટ્રેનિંગ લઈ રહી હોવાનું જાણવા મળે છે. ફિલ્મની વાર્તા બાસ્કેટ બોલની ગેમ આધારિત હોવાથી દિગ્દર્શક વાસન બાલાએ આલિયાને કહ્યું હતું કે પરફેક્શન માટે તેણે બાસ્કેટ બોલની બાકાયદા ટ્રેનિંગ લેવી જોઈએ. તે પછી આલિયા માટે એક ખાસ કોચ નિયુક્ત કરાયા હતા. આલિયાને આ રમતના નિયમો શિખવાડવામાં આવ્યા હતા. બાદમાં તેની પ્રેક્ટિકલ ટ્રેનિંગ શરુ થઈ હતી. આલિયાને બાસ્કેટ બોલના નિપુણ ખેલાડીઓ સાથે રમાડવામાં આવી હતી અને તેને ડ્રબલ તથા ડબલ ડ્રિબલ કઈ રીતે પાસ કરવા, બાસ્કેટમાં બોલ કઈ રીતે નાખવો વગેરે શિખવાડાયું હતું.




# કેનેડામાં આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ વિઝાની મંજૂરી માટેના નિયમોમાં ફેરફાર

**સ્ટુડન્ટ વિઝા મંજૂર થવામાં લાગે છે ત્રણથી ચાર મહિનાનો સમય**

ઑન્ટારિઓ/ટોરોન્ટો,

આ વર્ષ ની શરૂઆતથીજ કેનેડિયન સ્ટુડન્ટ વિઝા મંજૂર થવામાં ત્રણથી ચાર મહિનાનો સમય લાગી રહ્યો છે. કેનેડીયન સરકાર દ્વારા આ વર્ષે આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ વિઝાની મંજૂરી માટેના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કેનેડિયન વિદ્યાર્થી વિઝા સલાહકારો નિર્દેશ કરે છે કે કેનેડિયન સરકારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની




સંખ્યા મર્યાદિત કરવા સહિત વિદ્યાર્થી વિઝામાં ઘણા ફેરફારો લાગુ કર્યા છે. કેનેડિયન પ્રાંત દ્વારા જાહેર કરાયેલ પ્રમાણિત પત્રો હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે વિઝા મેળવવા માટે ફરજિયાત છે. કોલેજ/યુનિવર્સિટી તરફથી દરખાસ્ત પત્રો પણ ફરજિયાત બનાવવામાં આવ્યા છે. સલાહકારોએ એમ પણ કહ્યું કે આ ફેરફારો ૨૨ જાન્યુઆરીથી અમલમાં આવ્યા છે અને ઘણા પ્રાંતો/પ્રદેશોએ હજુ સુધી વેરિફિકેશન લેટર્સ જારી કર્યા નથી, જેના કારણે તેમના વિઝા હજુ સુધી મંજૂર થયા નથી.

# અરે વકાર, ત્યારે મને તું બહુ ઘમંડી લાગ્યો, દોસ્ત : રૂપાલી ગાંગુલી



મુંબઈ

રૂપાલી ગાંગુલીની ટીવી સીરિયલ ’અનુપમા’એ નાના પડદાના તમામ શોને પાછળ છોડી દીધા છે. દરરોજ ચાહકોને આ સિરિયલમાં નવા-નવા ટ્વિસ્ટ અને ટર્ન્સ જોવા મળે છે. લગભગ ત્રણ મહિના પહેલા મેકર્સે ’અનુપમા’માં થોડા વર્ષોની છલાંગ લગાવવાનું નક્કી કર્યું હતું. આ છલાંગને કારણે વાર્તામાં ઘણા નવા પાત્રોનો પ્રવેશ થયો. યશદીપ આ પાત્રોમાંથી એક છે. પ્રખ્યાત અભિનેતા વકાર શેખ યશદીપની ભૂમિકા ભજવી રહ્યો છે, જે અનુજની ગેરહાજરીમાં અનુપમાને સપોર્ટ કરે છે. વકાર શેખે જણાવ્યું કે રૂપાલી ગાંગુલીને લાગ્યું કે તે ખૂબ જ અહંકારી છે.

વકારે કહ્યું, “ખરેખર મેં ઘણા વર્ષો પહેલા રૂપાલી ગાંગુલી સાથે કામ કર્યું હતું. આ ઘટનાને કદાચ ૧૨ થી ૧૩ વર્ષ વીતી ગયા છે. મેં રૂપાલી સાથે એક પ્રોજેક્ટ શૂટ કર્યો હતો. ફરાહ જી, આ તબ્બુની મોટી બહેન ફરાહ નાઝનો પ્રોજેક્ટ હતો, જે એક પ્રખ્યાત અભિનેત્રી પણ રહી ચુકી છે. તે સમયે તેણે એક ટેલિફિલ્મ બનાવી હતી. રૂપાલી અને હું આ ફિલ્મનો ભાગ હતા. અમારી સાથે કેટલાક અન્ય કલાકારો પણ હતા. હવે મને તે બરાબર યાદ નથી કારણ કે તે ખૂબ જૂની વાર્તા છે. ત્યારે અમે બહુ વાત કરી ન હતી. પરંતુ રૂપાલીએ તે સમયે મારા વિશે એક ધારણા બનાવી લીધી હતી.

# ધોનીનું મન હંમેશા અપડેટ રહે છે, પરંતુ કદાચ તેનું શરીર હવે નબળું પડી ગયું છે : ઉથપ્પા



મુંબઈ,

આ ઉંમરે મહેન્દ્ર સિંહ ધોનીની સક્રિયતા બધાને ચોંકાવી દે છે. પૂર્વ બેટ્સમેન રોબિન ઉથપ્પાએ કહ્યું કે ધોનીનું મન હંમેશા અપડેટ રહે છે. જો કોઈ વસ્તુ તેને ક્રિકેટથી દૂર રાખી શકે છે તો તે તેની વધતી ઉંમર છે. કારણ કે અમુક સમયે શરીર સહકાર આપવાનું બંધ કરી દે છે. તેની ટૂંકી પરંતુ અસરકારક ઈનિંગ્સના કારણે ચેન્નાઈની ટીમમાં ઉત્સાહ છવાયેલો છે. ધોનીએ તેની છેલ્લી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સ સામે ૯ બોલમાં ૨૮ રન બનાવ્યા હતા.

ઉથપ્પાએ કહ્યું, "એક જ વસ્તુ જે તેને રોકી રહી છે તે તેનું સ્વાસ્થ્ય છે. તેની ફિટનેસ જ તેને આગળ રમવાથી રોકશે. તે રમતને પસંદ કરે છે અને તેના પ્રત્યે અત્યંત જુસ્સાદાર છે. તે આગળ પણ ચાલુ રાખવા માંગે છે." "જો ત્યાં કંઈપણ છે જે તેને રોકશે, તો તે તેનું પોતાનું શરીર હશે." છેલ્લી મેચમાં ધોનીએ યશ ઠાકુરની બોલ પર બીજી સિક્સર ફટકારતા પહેલા મોહસીન ખાન પર ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો.

# અભિષેકે પત્ની ઐશ્વર્યા પર વરસાવ્યો પ્રેમ, લગ્નના ૧૭ વર્ષ પૂરા, આરાધ્યાની સ્મિતે ચોરી લીધી લાઈમલાઈટ

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન તેના કામની સાથે સાથે તેની અંગત જીવનને કારણે પણ ચર્ચામાં રહે છે. ઐશ્વર્યા અને અભિષેક ફેન્સના ફેવરિટ કપલમાંથી એક છે. ચાહકો બંનેને સાથે જોવાનું પસંદ કરે છે. જો કે, ભૂતકાળમાં તેમના લગ્નને લઈને વિવિધ પ્રકારના સમાચાર પણ સામે આવ્યા હતા. પરંતુ હવે ચારે બાજુથી અફવાઓ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. ઐશ્વર્યા અને અભિષેકે તેમના લગ્નની વર્ષગાંઠ પર એક સુંદર પોસ્ટ શેર કરી છે.

ઐશ્વર્યા અને અભિષેકના લગ્નના ૧૭ વર્ષ પૂર્ણ થયા છે. બંનેએ ૨૦ એપ્રિલ ૨૦૦૭ના રોજ લગ્ન કર્યા હતા. તેમના લગ્નની વર્ષગાંઠના અવસર પર, ઐશ્વર્યા અને અભિષેકે તેમના સંબંધિત ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સમાન તસવીર શેર કરી છે. ઐશ્વર્યા અને અભિષેક સિવાય આ તસવીરમાં જેણે બધાની લાઈમલાઈટ કબજે કરી છે તે છે આરાધ્યા બચ્ચન. આરાધ્યાની તેના માતા-પિતા સાથેની આ તસવીર ખૂબ જ ક્યૂટ છે. ચાહકો આ પોસ્ટ પર ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે. આ તસવીર શેર કરતી વખતે ઐશ્વર્યા અને અભિષેકે કેપ્શનમાં માત્ર એક જ રેડ હાર્ટ ઈમોજી બનાવી છે. તેની આ તસવીર માટે આટલું જ પૂરતું છે. ઐશ્વર્યા અવારનવાર તેના પરિવાર સાથેની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. ખાસ કરીને દીકરી આરાધ્યા સાથે. બોલિવૂડ સ્ટાર્સથી લઈને ફેન્સ સુધી દરેકે આ કપલની પોસ્ટ પર ખૂબ જ પ્રેમ વરસાવ્યો છે. તે જ સમયે, ઘણા વપરાશકર્તાઓ આરાધ્યાની સુંદરતાના વખાણ કરી રહ્યા છે.

ઐશ્વર્યા અને અભિષેકની લવસ્ટોરીની વાત કરીએ તો બંનેએ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. ફિલ્મો દરમિયાન જ બંને વચ્ચે પહેલા મિત્રતા થઈ અને પછી આ મિત્રતા પ્રેમમાં બદલાઈ ગઈ. કહેવાય છે કે અભિષેકે ન્યૂયોર્કની એક હોટલની બાલ્કનીમાં ઉભા રહીને ઐશ્વર્યા સામે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો.



# રાજકોટમાં સરગમ લેડીઝ કલબના ઉપક્રમે ફકત બહેનો માટે સમર ટ્રેનીંગ કલાસીસ યોજાશે



રાજકોટ, સરગમ લેડીઝ કલબના ઉપક્રમે ફકત બહેનો માટે છેલ્લા ૨૫ વર્ષથી સમર ટ્રેનિંગ કલાસીસનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ ટોકન ચાર્જથી રૂપિયા ૧૫૦, ૧૧ દિવસ રાખેલ છે. સમર કેમ્પેની તા. ૯-૫ થી ૧૯-૫, ૧૧ દિવસ માટે સાંજે ૫ થી ૭ કોટક સ્કુ લ મોટી ટાંકી ચોક ખાતે યોજેલ છે. રાજ બેંક, રાધિકા જવેલર્સ, બાન લેબ કંપની અને જાહેર કાર્ડનો સહયોગ મળેલ હોવાનુ ફોર્મ ભરવાના સ્થેળ : (૧) સરગમ મહિલા લાયબ્રેરી-૧૦૧, એવરેસ્ટો બિલ્ડીં ગ શાષી મેદાન સામે, રાજકોટ. (૨) સરગમ ચિલ્ડ્ર ન લાયબ્રેરી-મહિલા કોલેજ ચોક, પોલીસ ચોકી ઉપર રાજકોટ. (૩) સરગમ કલબ -સરગમ કલબ જાગનાથ મંદિર ચોક, રાજકોટ. (૪) સરગમ મહિલા લાયબ્રેરી-આમ્રપાલી રોડ, પોલીસ ચોકી ઉપર, રાજકોટ. (૫) સરગમ ભવન -જામટાવર રોડ જી.ટી. શેઠ હોસ્પીુટલની સામે. (૬) સરગમ આરોગ્યક સેન્ટયર -કેનાલ રોડ, દેનાબેંક પાસે. આ સમર ટ્રેનીંગ કલાસને સફળ બનાવવા માટે ગુણવંતભાઇ ડેલાવાળા, ડો. ચંદાબેન શાહ, નિલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલીયા, અલ્કાબેન કામદાર, ગીતાબેન હીરાણી, સુધાબેન ભાયા, જશુમતિબેન વસાણી, ચેતનાબેન સવજાણી, જયશ્રીબેન મહેતા, અલ્કીબેન ધામેલીયા, મધુરિકાબેન જાડેજા, હેલીબેન ત્રિવેદી, કાશ્મીમરાબેન નથવાણી, જયોતિબેન રાજયગુરૂ, લતાબેન તન્ના, શીલાબેન ચાંદરાણી, કાંતાબેન કથીરીયા, જયશ્રીબેન સેજપાલ, જયોતિબેન ટીલવા તેમજ લેડીઝ કલબના ૬૦ કમિટી મેમ્બડર જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટની સખી મંડળની બહેનોએ "મારો મત કિંમતી મત" સ્લોગનની મહેંદી મુકાવી



રાજકોટ, ભારતીય સંસ્કૃતિના દરેક તહેવારોમાં સ્ત્રીઓ ખુબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. દેશના મહાપર્વ સમા લોકશાહીના અવસરમાં મહિલાઓ આગવું સ્થાન ધરાવે તે માટે મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. આ ઉપક્રમે મિશન મગલમ યોજના હેઠળના રાજકોટ તાલુકાના હલેંડા ગામના ચામુંડા મિશન મંગલમ સખી મંડળની બહેનો, હડાળા ગામની બહેનો અને આણંદપર ગામની બહેનોએ "મારો મત કિંમતી મત" સ્લોગનની હાથમાં મહેંદી મુકાવી હતી. અને સર્વે બહેનોએ ચૂંટણી અને મતદાન પ્રકિયાની વિગતવાર માહિતી મેળવી હતી. આ સાથે ઉપસ્થિત તમામ બહેનોએ અચૂક મતદાનના શપથ પણ ગ્રહણ કર્યા હતા.

# રાજકોટમાં મેટોડા ખાતે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો



રાજકોટ, લોકસભા ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે.મૂછારનાં માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો દ્વારા વધુમાં વધુ નાગરિકો જાગ્રત થઈને અચૂક મતદાન કરે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઉપક્રમે રાજકોટના મેટોડા ખાતે આવેલ આસ્થા સોસાયટી ખાતે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. તાલુકા પ્રાથમિક શિક્ષાધિકારીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં સોસાયટીના રહીશોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ઉપરાંત, આગામી ચૂંટણીમાં તા.૭ મેના રોજ અચૂક મતદાન કરવા શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

# સદભાવના વૃદ્ધાશ્રમ ખાતે ગાય માટેની પાણીની કુંડી નિઃશુલ્ક મળશે

રાજકોટ:સદભાવના વૃદ્ધાશ્રમ ખાતે ગાય માટેની પાણીની કુંડી નિઃશુલ્ક આપવામાં આવે છે. ધોમધખતાં તાપમાં ગૌમાતા પાણીની શોધમાં હોય છે. ગૌમાતાની તરસ છીપાવવા માટે સદભાવના વૃદ્ધાશ્રમ ખાતે ગાય માટેની પાણીની કુંડી વિતરણ કરવામાં આવે છે. કુંડી વ્યક્તિ દીઠ એક અને વહેલા તે પહેલાનાં ધોરણે આપવામાં આવશે. કુંડીની સાઈઝ ૨ ફૂટ ★ ૧.૫ ફૂટની છે અને તેનો વજન ૩૦ કિલોનો છે. કુંડી લેવા માટે સદભાવના વૃદ્ધાશ્રમ, "પીપળીયા ભવન" સ્વામીનારાયણ ગુરુકુળની સામે, ગોંડલ રોડ,ફાટક પાસે,ઓવરબ્રિજની નીચે, ડી.માર્ટ વાળી શેરી, રાજકોટ ખાતે આવવાનું રહેશે. આ અંગે વધુ વિગતો માટે સદભાવના વૃદ્ધાશ્રમ (મો. ૮૦૦૦૨ ૮૮૮૮૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટીની તાલીમ અપાઇ

રાજકોટ: રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૧૯ના રોજ સોનામહોર એલિવેટ, કોઠારીયા ગામ, સી.એન.જી.પમ્પ સામે, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં



અંદાજે ૭ થી ૮ રહેવાસીઓ જોડાયેલ.મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ચીફ ફાયર ઓફીસર આઇ. વી. ખેર, ડે. ચીફ ફાયર બી.જે.ઠેબા, સ્ટેશન ઓફિસર એ.કે.દવે ફાયરમેન સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

# મહિલા સંચાલિત દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ!

રાજકોટ:કુબલીયાપરામાં મહિલા સંચાલીત દેશી દારૂની ભઠ્ઠીમાં થોરાળા પોલીસે દરોડો પાડી ૪૦૦ લીટર આથો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ, થોરાળા પોલીસ મથકના પી.આઈ. એમ.જી.વાઘેલાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઈ આર.એસ.મેરને મળેલ ચોકકસ બાતમીના આધારે કુબલીયાપરા શેરી નં.૫ મહાકાળી પાન સામેની શેરીમાં ચાલતી દેશીદારૂની ભઠ્ઠીમાં દરોડો પાડી ભઠ્ઠી સંચાલક સુનિતા કરશન રાઠોડ (ઉ.૩૦) (રહે. કુબલીયાપરા શેરી નં.૫) ની ધરપકડ કરી દેશી દારૂ ૨૫ લિટર અને આથો ૪૦૦ લીટર મળી રૂ.૧૪૬૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટ જિલ્લામાં મતદાન મથકમાં પ્રવેશ અંગે કલેક્ટરનું જાહેરનામુ

રાજકોટ,ભારતીય ચૂંટણી પંચ, નવી દિલ્હી તરફથી લોકસભાની સામાન્ય ચુંટણીઓ જુદા-જુદા સાત તબક્કાઓમાં તા.૧૬/૦૩/૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ગુજરાત રાજયમાં તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. મતદાન સંપુર્ણ શાંતીપુર્ણ વાતાવરણમાં યોજાય, મતદાન મથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે, મુક્ત અને ન્યાથી વાતાવરણમાં મતદાન થઈ શકે તે માટે મતદાન મથકમાં બિનઅધિકૃત વ્યક્તિઓનો પ્રવેશ થતો અટકાવવા માટે પ્રભવ જોષી, જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ દ્વારા રાજકોટ શહેર સહિત રાજકોટ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં તા.૦૭/૦૫/૨૦૨૪ના મતદાનના દિવસે પ્રત્યેક મતદાન મથકમાં નીચે જણાવેલ વ્યકિતઓ સિવાયના કોઈ પણ વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

મતદાન અધિકારીઓ, હરીફ ઉમેદવાર તેનો ચૂંટણી એજન્ટ અને દરેક ઉમેદવારના એકી વખતે એક મતદાર એજન્ટ કે જેઓ સક્ષમ અધિકારીશ્રીએ આપેલ ઓળખપત્ર ધરાવતા હોવા જોઈએ, ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિઓ કે જેઓ સક્ષમ અધિકારીએ ઈસ્યુ કરેલ પ્રવેશ પાસ ધરાવતા હોય, ચૂંટણી ફરજ પરના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ (આ અર્થમાં પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓનો તેમજ રાજય કે કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓનો સમાવેશ થતો નથી.) ચૂંટણી પંચે નિયુકત કરેલ નિરિક્ષકો, માઈક્રો ઓબ્જવર્સ, વીડીયોગ્રાફર્સ, ફોટોગ્રાફર્સ, અગત્યના સંવેદનશીલ મતદાન મથકોની બાબતમાં વેબકાસ્ટીંગ માટેનો કર્મચારી વર્ગ (મતદાનની ગુપ્તતાનો ભંગ ન થાય તે રીતે વીડીયોગ્રાફી કરવાની રહેશે.), સબંધિત મતદાન મથકે નોંધાયેલ મતદાર ચૂંટણી પંચે ઠરાવેલ ઓળખના પુરાવા સાથે માત્ર મતદાનના હેતુ માટે દાખલ થઈ શકશે, તેમજ મતદારે તેડયું હોય તે બાળક, કોઈની મદદ વગર હરી ફરી શકે તેમ ન હોય તેવા અંધ કે અશકત મતદારની સાથે આવતી વ્યકિત, મતદારોને ઓળખી બતાવવા કે મતદાનના કાર્યમાં તેમને બીજી કોઈ રીતે મદદ કરવા માટે પ્રમુખ મતદાન અધિકારીએ નિયુકત કરેલ વ્યકિત સિવાય અન્ય કોઈ મતદાન મથકમાં પ્રવેશી શકશે નહીં.

ઉપરોક્ત હુકમ તા.૦૭/૦૫/૨૦૨૪ના દિવસ તેમજ કોઈ મતદાન મથકે પુનઃમતદાન લેવાનો પ્રશ્ન પસ્થિત થાય તો તેવા મતદાનની તારીખ માટે અમલમાં રહેશે. આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર થશે.

# રાજકોટની સગીરાના અપહરણ, જાતિય સતામણી કેસમાં આરોપીને પાંચ વર્ષની કેદ

રાજકોટ :રાજકોટ શહેરની આશરે ૧૩ વર્ષની સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અપહરણ કરી અલગ અલગ સ્થરળોએ લઈ જય જાતીય સતામણી કરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે આરોપીને પાંચ વર્ષની સજા અને રૂા. ૨૩,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

કેસની વિગત મુજબ શહેરમાં રેતી કિશોરીને પ્રેમ જાળમાં ફસાવી અપહરણ કરી અલગ અલગ જગ્યોએ લઈ જાય જાતીય હુમલો કર્યા અંગેની બનનારના વાલીએ રૈયાધારમાં રહેતો સુરેશ સુનિલ નામના શખ્સ સામે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વૃક્ષો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી પાંચ શખ્સોની ધરપકડ કરી હતી બાદ તપાસની દ્વારા પાંચ શખ્સોી સામે રજૂ કરેલું. જયારે એક સગીર આરોપી સામે અલગથી કાર્યવાહી કરી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતાં બન્ને પક્ષેની દલીલો ધ્યાને લઈ પોકસો કોર્ટના સ્પેછ. જજ બી. બી. જાદવ આરોપી સુરેશ ઉર્ફે સુનીલને તકસીરવાન ઠેરવી અને આઈ.પી.સી. કલમ-૩૬૩, ૩૬૬, ૩૫૪(એ) તથા પોકસો એકટની કલમમાં અનુક્રમે પાંચ વર્ષની સખત કેદની સજા ફરમાવેલો છે. રૂપીયા ૨૩,૦૦૦નો દંડ પણ ફટકારેલ છે. જી.વી. કમ્પે નસેશન સ્કીડમ ૨૦૧૯ ની જોગવાઈ મુજબ ભોગ બનનારને એક લાખની રકમ ચુકવી આપવાનો હુકમ ફરમાવેલો છે. જે કામમાં સરકારી વકીલ તરીકે મહેશભાઈ જોષી રોકાયેલા હતા.

# રાજકોટ જીલ્લામાં મતદાનના પહેલાના ૪૮ કલાક અને મતગણતરીના દિવસને "ડ્રાય ડે" જાહેર કરાયા

રાજકોટ,લોકસભા સામાન્યા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા.૦૭-૦૫-૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. આ ચૂંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી પ્રભવ જોશી દ્વારા જાહેરનામા થકી મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા એટલે કે તા.૦૫-૦૫-૨૦૨૪ના સાંજના ૦૬:૦૦ કલાક થી તા.૦૭-૦૫-૨૦૨૪ સાંજના ૦૬:૦૦ કલાક સુધી અને મતગણતરીના દિવસને એટલે કે તા.૦૪-૦૬-૨૦૨૪ના દિવસને "ડ્રાય ડે" તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

# રાજકોટ જિલ્લામાં વિવિધ રાજ્યોના શ્રમયોગીઓને મતદાનના દિવસે સવેતન રજા મળશે

રાજકોટ, લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અન્વયે દેશના વિવિધ રાજયોમાંથી આવેલા શ્રમયોગીઓને મતદાનના દિવસે સવેતન રજા આપવામાં આવશે. જેમાં રાજસ્થાન રાજયમાં તા.૨૬/૦૪/૨૦૨૪ શુક્રવારના રોજ, મધ્યપ્રદેશ રાજયમાં તા.૧૩/૦૫/૨૦૨૪ સોમવારના રોજ અને મહારાષ્ટ્ર રાજયમાં તા.૧૩/૦૫/૨૦૨૪ સોમવારના રોજ તથા તા.૨૦/૦૫/૨૦૨૪ સોમવારના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી યોજાશે.

આથી, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજયના વતની હોય અને નોકરી ધંધા માટે ગુજરાત રાજયમાં રહેતા હોય તેવા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજયના મતદારો મતદાનના દિવસે મતદાન કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ એકટ હેઠળ સ્થાનિક સંસ્થાઓ, ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો અને સહકારી બેંકો, રાજય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ, રેલ્વે, ટેલિફોન, તાર અને પોસ્ટ જેવી કેટલીક કચેરીઓ, દુકાનો, વાણિજયક સંસ્થાઓ, હોટલો, ઔધોગિક એકમો, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, કાયર બ્રિગેડ અને આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ/કચેરીઓને ચૂંટણીના સંબંધિત દિવસે અઠવાડિક રજાની બદલીમાં વૈકલ્પિક વ્યવસ્થા કરીને આવા કર્મચારીઓ /શ્રમયોગીઓને મતદાન માટે ખાસ રજા આપવા આવશે. તેમ રાજકોટ નોડલ ઓફિસર ફોર માઈગ્રેટરી ઈલેકટર્સ અને નાયબ શ્રમ આયુક્તશ્રી યાદીમાં જણાવાયું છે.

# જસદણના કોઠી ગામમાં કઠપુતળીના કાર્યક્રમ થકી "મતદાન એ મહાદાન"નો સંદેશ અપાયો

રાજકોટ,સમગ્ર રાષ્ટ્રમા આગામી દિવસોમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ યોજાનાર છે જે અન્વયે રાજકોટ ખાતે તા. ૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન યોજાશે.દેશના પર્વમાં પોતાનું યોગદાન આપવા મતદાન કરવું અનિવાર્ય છે ત્યારે મનોરંજન સાથે જાગૃતિ લાવવા ૭૨- જસદણ વિધાનસભા મતવિસ્તારના કોઠી ગામે કઠપૂતળીના ખેલ દ્વારા ગામલોકોને મતદાન માટે પ્રેરણા આપવામાં આવી હતી.પરંપરાગત માધ્યમ થકી મનોરંજન સાથે લોકશાહીના પર્વમાં જોડાવાનો સંદેશ આપીને સામાન્ય લોકોના દષ્ટિકોણમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે આવા કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યો હતો.

કઠપુતળીના ખેલ દ્વારા રસપ્રદ અને મનોરંજક શૈલીમાં બાળકો અને ગામલોકો સામે મતદાર જાગૃતિ કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. આ પપેટ શોમાં અચૂક મતદાર તેમજ મતદાન પ્રેરક અન્ય સંદેશાઓ વણી લઈને અસરકારક રજુઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત, જસદણ ગામે આંગણવાડી કેન્દ્ર દ્વારા મતદાન જાગૃતિ રેલી યોજી તેમજ આંગણવાડી પર રંગોળી દ્વારા મતદાન માટે લોકો નામને સંદેશ આપી, મતદાન માટે અપીલ કરવામાં આવી હતી. સાથે જ ૬૭- વાંકાનેર વિધાનસભા મતક્ષેત્રમાં આવેલી સ્વપ્નલોક સોસાયટી ખાતે મતદારોએ મતદાન કરવાના શપથ લઈ પવિત્ર ફરજ અદા કરવાનો દ્દઢ નિશ્ચય કર્યો હતો તેમ અધિક કલેકટર તથા સ્વીપના નોડલ અધિકારીશ્રી જિજ્ઞાસાબેન ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# ધોરાજીમાં મામલતદાર કચેરી ખાતે મધ્યાહ્ન ભોજન સંચાલકોને મતદાન માટે પ્રેરિત કરાયા

રાજકોટ, રાજકોટ સંસદીય મત વિસ્તારમાં લોકશાહીના અવસરને દીપાવવા માટે લોકસભાની ચૂંટણીમાં મહત્તમ મતદારોની ભાગીદારી આવશ્યક છે. જે અન્વયે ૭૫ - ધોરાજી વિધાનસભા મતદાર વિભાગમાં આસિસ્ટન્ટ રીટર્નિંગ ઓફિસરશ્રી જયેશભાઈ લીખીયાના માર્ગદર્શન મુજબ સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) પ્રોગ્રામ હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. જેના ભાગરૂપે મધ્યાહ્ન ભોજન સંચાલકોને મતદાન માટે પ્રેરિત કરવામાં આવ્યાં હતાં.

# મતદાતાઓ મતદાન માટે નિયત ૧૨ ફોટો ઓળખ પત્રોમાંથી કોઈપણ ઓળખપત્રનો ઉપયોગ કરી શકશે

રાજકોટ, લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની અન્વયે ચૂંટણીઓમાં મતદાન મથકે આવનારા મતદાતાઓ મતદાન માટે નીચે આપેલા પૈકી કોઈપણ ઓળખપત્રનો ઉપયોગ કરી શકાશે.

૧. પાસપોર્ટ, ૨. આધારકાર્ડ, ૩. પેન કાર્ડ, ૪. ડ્રાઈવિંગ લાઈસન્સ, ૫. ફોટા સહિતની બેંક અથવા પોસ્ટ ઓફીસ દ્વારા આપવામાં આવેલી પાસબુક, ૬. કેન્દ્ર અથવા રાજ્ય સરકાર, જાહેર સાહસ તથા પબ્લિક લિમિટેડ કંપનીઓના સર્વિસ કાર્ડ, ૭. નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર અન્વયે આરજીઆઈ દ્વારા આપાતું સ્માર્ટ કાર્ડ, ૮. શ્રમ મંત્રાલય યોજના અન્વયે અપાતું સ્માર્ટ કાર્ડ, ૯. મનરેગા જોબકાર્ડ, ૧૦. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા અપાતું યુનિક ડિસેબિલિટી આઈ.ડી. (ડ્ડ્રિ) કાર્ડ, ૧૧. ફોટો સાથેનો પેન્શન દસ્તાવેજ ૧૨. સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, વિધાન પરિષદના સભ્યશ્રીને આપવામાં આવેલા અધિકૃત સરકારી ઓળખકાર્ડનો ઉપયોગ મતદાન મથકે કરી શકાશે.

# રાજકોટમાં ૫ મી મેના રોજ 'રન ફોર વોટ'માં કલેકટર સહિતના અધિકારીઓ દોડશે

## મતદાર જાગૃતિ માટે સ્પે .કાર્યક્રમ રેસકોર્સ ખાતે સવારે ૬ વાગ્યે 'દોટ' શરૂ

રાજકોટ :ચૂંટણી પંચના ઈતિહાસમાં પ્રથમ વખત રાજકોટ સહિત રાજયના તમામ જીલ્લામાં 'રન ફોર વોટ' નામનો કાર્યક્રમ મતદાનના આગલા બે દિવસ એટલે કે ૫ મેના રોજ સવારે ૬ વાગ્યેગ યોજાઈ રહ્યો છે, તેમ કલેકટર કચેરીના અધિકારી સુત્રોએ આજે જણાવ્યું હતું.

મતદાર જાગૃતિ માટે રાજયના મુખ્રય્ ચૂંટણી અધિકારીશ્રી પી. ભારથીએ દરેક જીલ્લામાં વહેલી સવારે ૬ વાગ્યે 'રન ઓફ વોટ' યોજવા આદેશો કર્યા છે. અને તે સંદર્ભે રાજકોટમાં આ કાર્યક્રમ રેસકોર્સ ખાતે સવારે પાા થી ૬ વાગ્યેણ ૫ મેના યોજવા સંદર્ભે સ્વીકપના નોડલ ઓફીસર અને એડી. કલેકટરશ્રી જીજ્ઞાસાબેન ગઢવી, તથા રાજકોટના સ્પોર્ટસ ઓથોરીટીના અધિકારી શ્રી રમાબેન ખાસ માર્ગદર્શન આપી રહ્યા છે, તૈયારીઓ કરી રહ્યા છે. તેમ સૂત્રોએ ઉમેર્યુ હતું.

ચૂંટણી પંચના ઈહિતસમાં પ્રથમ વખત યોજાઈ રહેલ 'રન ફોર વોટ' ના કાર્યક્રમમાં રાજકોટ કલેકટર શ્રી પ્રભાવ જોષી, પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ, ડીડીઓ શ્રી નવનાથ ગ્વરહાણે, મ્યુક. કમિશનરશ્રી આનંદ પટેલ, ઉપરાંત તમામ એડી. કલેકટરો-પ્રાંત અધિકારીઓ-મામલતદારો તથા અન્યોણ મતદાર જાગૃતિ માટે રેસકોર્સ રીંગ રોડ ફરતે દોટ લગાવશે, આ ઉપરાંત વોકીંગ- રનીંગ માટે આવનાર નાગરીકોને અચૂક મતદાન કરવા - નિર્ભય બની મત આપવા જવા, અપીલ કરશે, મતદાર જાગૃતિ અંગે સ્વી પ દ્વારા પેમ્પ-લેટ-બોર્ડ-બેનર્સ સહિતની પણ તૈયારીઓ થઈ રહી છે

# રાજકોટ જીલ્લામાં મતદાનના દિવસે મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં ૧૪૪મી કલમ લાગુ: જાહેરનામુ

રાજકોટ, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટેનું મતદાન તા.૭ મેના રોજ યોજાનાર છે. આ ચૂંટણી રાજકોટ જિલ્લામાં મુકત, ન્યારયી અને શાંતીપૂર્ણ વાતાવરણમાં યોજાય, આદર્શ આચાર સંહિતાનું પાલન થાય તથા મતદાન મથકોની આસપાસનાં વિસ્તા૪રોમાં જાહેર શાંતી અને સલામતી તેમજ કાયદો અને વ્યમવસ્થાઆની પરિસ્થિ?તી જળવાઇ રહે તે હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પ્રભવ જોશી દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ રાજકોટ જિલ્લાના શહેર સહીતનાં સમગ્ર વિસ્તારમાં આવેલ લોકસભાની ચુંટણી માટેના મતદાન મથકો તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તાંરમાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓને એકત્રિત થવા, મતદાન મથકમાં પ્રવેશવા કે વાહનો લઈ જવા-લાવવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે

# ૨૭મીથી તાલીમ સાથે સરકારી કર્મચારીઓ બેલેટથી કરશે મતદાન

## રાજકોટમાં જુદા જુદા સ્થળે ચાલનારી ત્રણ દિવસની તાલીમમાં તમામ કર્મચારીઓ પાસે બેલેટ પેપરથી મતદાન કરાવી લેવાશે: પોલીસ કર્મચારીઓ માટે પણ અલગ વ્યવસ્થા ઊભી કરાશે

રાજકોટ

લોકસભાની ચૂંટણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે રાજકોટ સંસદીય ચૂંટણીની ફરજમાં રોકાયેલા ૧૮૦૦૦થી વધુ સરકારી કર્મચારીઓની ૨૭મી એપ્રિલથી ફરી તાલીમ કેમ્પ શરૂ કરવામાં આવી રહ્યો છે. તાલીમ કેમ્પ દ્વારા જ તમામ સરકારી કમર્ચારીઓનો બેલેટ પેપરથી ૧૦૦ ટકા મતદાન કરાવી દેવામાં આવશે. જયારે પોલીસ કર્મચારીઓ માટે હેડ કવાર્ટર અને પ્રાંત કચેરીઓ ખાતે બેલેટ પેપરથી મતદાનની અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

રાજકોટ લોકસભાની ચૂંટણીનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે ત્યારે હવે ચૂંટણી જંગ શરૂ થઈ ગયો છે.જેના પગલે વહીવટી તંત્ર પણ ચૂંટણી



લક્ષી કામગીરીની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યું છે. ગઈકાલે જનરલ ઓબ્ઝર્વર ભવાનીસિંગ દેથાની હાજરીમાં રાજકોટ જિલ્લાના ૧૮૦૦૦થી વધુ સરકારી કર્મચારીઓનું બીજી વખત રેન્ડેમાઈઝેશન કરવામાં આવ્યું હતું.

બીજી બાજુ મતદાન પ્રક્રિયા કેવી રીતે કરાવવી ? તે અંગે આગામી તા.૨૭ એપ્રિલથી રાજકોટ શહેર અને જિલ્લામાં અલગ અલગ સ્થળે તાલીમ કેમ્પ શરૂ થવા જઈ રહ્યો છે જેમાં રાજકોટમાં વિરાણી હાઈસ્કૂલ, પી.ડી.માલવીયા કોલેજ, કોર્પોરેશનના કોમ્યુનિટી હોલ અને આઈટીઆઈ સહિતના સ્થળોએ તાલીમ કેમ્પ રાખવામાં આવ્યા છે. જેમાં તાલીમ લેવા આવતાં કર્મચારીઓનું બેલેટ પેપરથી ૧૦૦ ટકા મતદાન કરાવી લેવામાં આવશે.આ ઉપરાંત પોલીસ કર્મચારીઓનું બેલેટ પેપરથી મતદાન કરાવવા માટે પોલીસ હેડ કવાર્ટર અને રાજકોટ જિલ્લાની પ્રાંત કચેરીઓમાં અલગથી વ્યવસ્થા ઉભી કરી મતકુટીર સહિતની સાધન સામગ્રી સાથે મતદાન કેન્દ્ર શરૂ કરવામાં આશે.

### જનરલ ઓબ્ઝર્વરે તમામ સ્ટ્રોંગરૂમની મુલાકાત લીધી

રાજકોટ લોકસભા ચૂંટણી પર દેખરેખ રાખવા માટે નિમાયેલા જનરલ ઓબ્વર્જર ભવાનીસિંગ દેથાએ આજે ચૂંટણી પ્રક્રિયાની કામગીરીનું નિરીક્ષણ કરવા માટે રાજકોટ શહેરના ચારેય સ્ટોંગરૂમ અને મત ગણતરી કેન્દ્રની મુલાકાત લીધી હતી. રાજકોટ શહેરનાં વિરાણી હાઈસ્કૂલ, પી.ડી.માલવીયા કોલેજ, કોર્પોરેશનના કોમ્યુનિટી હોલ સહિતના સ્થળોએ વિઝીટ કરી હતી. જયારે મતગણતરી કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી.

# શહેર ભાજપ ધ્વારા મહાવીર સ્વામી જન્મ કલ્યાણક રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું

### મહાવીર સ્વામી જન્મ કલ્યાણક રથયાત્રાના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહેતા પરશોતમભાઈ રૂપાલા





રાજકોટ

કરૂણા સાગર ક્ષમા સાગર સ્વામી એટલે શ્રી મહાવીર સ્વામી, અનંત ઉપકારી શ્રવણ ભવગંત મહાવીર સ્વામીનો ૨૬૨૨મો જન્મ કલ્યાણક મહોત્સવ છે. મહાવીર સ્વામી જન્મ જયંતી કલ્યાણક રથયાત્રાનો શહેરના ચૌધરી હાઈસ્કુલ સામે મણીયાર દેરાસરથી શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ રથયાત્રામાં દર્શનાર્થે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ તકે રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, હરેશભાઈ વોરા, જીતુભાઈ કોઠારી ઉપસ્થિત રહયા હતા.મહાવીર સ્વામી જન્મ જયંતી કલ્યાણક રથયાત્રાનું રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની આગેવાનીમાં શહેરના ત્રિકોણ બાગ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવેલ હતું. શહેર ભાજપના હોદેદારો, વોર્ડ સંગઠનમાંથી વિવિધ વોર્ડના પ્રભારી,વોર્ડપ્રમુખ, મહામંત્રી, વોર્ડના કોર્પોરેટરો, વિવિધ મોરચા–સેલના હોદેદારો તેમજ વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.આ તકે જૈન શ્રેષ્ઠીઓ, ભગવંતો વિગેરે ઉપસ્થિત રહયા હતા.

# અમદાવાદ : શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી

### અમદાવાદનાં અમરાઈવાડી ખાતે આવેલ નાગરવેલ હનુમાન મંદિરમાં શ્રી નાગરવેલ હનુમાનદાદાની ૧૧૦૦૦ દિવડાની મહાઆરતી સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો

અમદાવાદ

અમદાવાદનાં અમરાઈવાડી-રખિયાલ રોડ પર આવેલ શ્રી નાગરવેલ હનુમાન મંદિરના મહંત શ્રી ૧૦૦૮ શ્રી રંગનાથાચાર્યજી મહારાજે જણાવ્યું છે કે શ્રી હનુમાન દાદાનો જન્મોત્સવ ઉજવવા હનુમાન ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે હનુમાન જન્મોત્સવ અનેરા ઉત્સાહ અને ધામધૂમથી ઉજવવામાં આવશે. તા.૨૩.૦૪.૨૦૨૪ ચૈત્ર સુદ પૂનમ મંગળવારના રોજ શ્રી હનુમાન જન્મોત્સવ નિમિત્તે શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે સવારથી લઈને સાંજ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સવારે ૬ કલાકે શ્રી હનુમાનદાદાની ઉત્થાપન આરતી અને ત્રિયંજન, સવારે ૮.૩૦ કલાકે ધ્વજારોહણ, સવારે ૯ થી ૧૨ કલાકે શ્રી આલોક પુજારીજી દ્વારા સુંદરકાંડનો પાઠ,બપોરે ૧૨ કલાકે શ્રી હનુમાન



જન્મોત્સવની આરતી સાથે શૃંગાર દર્શન અને છપ્પન ભોગ (અન્નકૂટ) ધરવામાં આવશે.૧૨.૩૦ થી ૧ કલાકે મહાપ્રસાદી વિતરણ,બપોરે ૧ થી ૪ કલાકે ભંડારો,સાંજે ૫ થી ૭ કલાકે મારુતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ રાત્રે ૮.૩૦ કલાકે શ્રી નાગરવેલ હનુમાનદાદાની ૧૧૦૦૦ દિવડાંઓની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

# લગ્નોત્સવમાં ઉપસ્થિત રહીને નવદંપત્તીને આશીર્વાદ આપતા પરશોત્તમભાઈ રૂપાલા



રાજકોટ

રાજકોટના કાલાવાડ રોડ ઉપર આવેલ તો એલીગન્સ પાર્ટી પ્લોટ ખાતે પંચનાથ સાર્વજનિક હોસ્પિટલ ટ્રસ્ટના અગ્રણી અને વોર્ડ નં. ૭ના ભાજપના કોર્પોરેટર દેવાંગભાઈ માંકડની સુપુત્રી ચિ. ઉન્નતિના શુભ લગ્ન ચિ. ધર્મિલ સાથે યોજાયા હતા. આ શુભ પ્રસંગે નવદંપતિને આશીર્વાદ પાઠવવા રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ પ્રપ્રસંગમાં દેવાંગભાઈ માકડ તથા પરિવારના સભ્યોને શુભેચ્છા પાઠવવા રાજકીય અગ્રણીઓ, વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ વિવિધ સામાજિક શ્રેષ્ઠીઓ, અન્ય આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોઢવણીક સમાજના રામનવમીના પારણા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા પરશોતમભાઈ



રાજકોટ

ત્રે બાલભવન ખાતે શ્રી મોઢવણીક સમાજનો શ્રી રામનવમી નિમીતે પારણાનો (નાત જમણ) કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમા ૨૫૦૦થી વધુ મોઢવણીક સમાજના ભાઈ–બહેનોએ ભાગ લીધો હતો આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા–૧૦ બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપી હતી. શ્રી પરશોતમભાઈ રૂપાલાએ સમાજ દ્વારા ભગવાન શ્રીરામનવમી જયંતી પ્રસંગે પ્રતિ વર્ષ યોજાતા પારણા (નાત જમણ) કાર્યક્રમને બિરદાવીને આયોજકોને અભિનંદન આપ્યા હતા. તેમણે આ લોકસભા ચૂંટણીનુ મહત્વ સમજાવીને સર્વે લોકસાહીના આ પર્વમાં નાગરિક ધર્મ બજાવીને તા.૭ મે ના રોજ ૧૦૦ ટકા મતદાન કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે સમાજના અગ્રણી શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ મહેતાએ પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતુ. ઉપરોકત કાર્યક્રમમાં સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સભ્ય શ્રી રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, અગ્રણીઓ રમેશભાઈ જીવાણી, શૈલેષભાઈ શાહ અને અન્ય વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

# સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. દ્વારા ત્રણ દિવસનો સ્ટેટ પેનલ અમ્પાયર્સ સેમિનાર- વર્કશોપનું આયોજન : ૭ મહિલાઓ સહિત ૬૦ સ્પર્ધકો

રાજકોટ

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા આજથી એટલે કે ૨૨મી એપ્રિલ ૨૦૨૪થી નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ત્રણ દિવસીય સ્ટેટ પેનલ અમ્પાયર્સ સેમિનાર-વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાત મહિલાઓ સહિત ૬૦થી વધુ સ્પર્ધકો છે. સેમિનાર કમ વર્કશોપ ફ્રેશર્સ તેમજ સ્ટેટ પેનલ અમ્પાયરો માટે છે.

અમ્પાયરિંગ પર સેમિનાર-વર્કશોપના પ્રથમ બે દિવસ પછી ત્રીજા દિવસે પરીક્ષા લેવામાં આવશે. આ સેમિનારનું સંચાલન BCCIના વરિષ્ઠ અમ્પાયર પિયુષ ખખ્ખર કરી રહ્યા છે. નિરંજન શાહ, ભૂતપૂર્વ પૂ. BCCIના સેક્રેટરી હિમાંશુ શાહની





ઉપસ્થિતિમાં સેમિનારને ખુલ્લો જાહેર કર્યો.

નિરંજન શાહે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સેમિનારમાં આટલા બધા સહભાગીઓ હોવા એ ખરેખર ખૂબ જ આનંદની વાત છે. વધુ આનંદદાયક છે કે મહિલાઓ પણ ભાગ લઈ રહી છે અને મેચ અધિકારીઓ તરીકે સેવાઓમાં સક્રિય રસ લઈ રહી છે. અમારી પાસે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન તેમજ બીસીસીઆઈની ઘણી ડોમેસ્ટિક ટુર્નામેન્ટ છે અને હંમેશા સારા અમ્પાયરોની જરૂર રહે છે.

જો એસોસિએશનમાંથી વધુને વધુ અમ્પાયરો BCCI માટે પસંદ કરવામાં આવે તો મને ખૂબ જ આનંદ થશે. તેથી વધુ, હું નિષ્ઠાપૂર્વક ઈચ્છું છું કે પ્રતિભાશાળી મહિલાઓને ફિલ્ડ અમ્પાયર તરીકે પસંદ કરવામાં આવે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મેચો માટે BCCI દ્વારા પસંદ કરાયેલ પ્રથમ મહિલા સ્કોરર અને ઉક મેનેજર આપણા એસોસિએશનમાંથી છે. ક્રિકેટના કાયદાના સારા જ્ઞાનની સાથે સાથે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર માટે પસંદ થવા માટે સારું અંગ્રેજી પણ એટલું જ મહત્વનું છે.અમ્પાયરિંગ માટે સારી શારીરિક અને માનસિક શક્તિની જરૂર હોય છે કારણ કે રમતની દરેક ક્ષણે અમ્પાયરોને ખૂબ જ સતર્ક અને સજાગ રહેવાની જરૂર હોય છે. ઉપરાંત, ક્રિકેટના નિયમોનો નિયમિતપણે અભ્યાસ કરતા રહેવું પણ એટલું જ મહત્વનું છે. જયારે હું સેમિનાર ખોલવાની ઘોષણા કરૂ છું, ત્યારે દરેક સહભાગીને સફળ અમ્પાયર તરીકે કારકિર્દી બનાવવા માટે મારી શુભેચ્છાઓ છે.

# રાજકોટ કોંગ્રેસના કાર્યકર્તા ભાઈઓ-બહેનો ભાજપમાં જોડાયા

### શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને સુરેશભાઈ ગોધાણીએ ભાજપનો ખેસ પહેરાવીને સૌને આવકાયા

રાજકોટ

રાજકોટ શહેર કોંગ્રેસમાં એક સાંધે ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ છે.ત્યારે રાજકોટ શહેર કોંગ્રેસમાં મોટું ગાબડું પડેલ છે. અત્રે ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના અધ્યક્ષસ્થાને અને રાજકોટ લોકસભા બેઠકના સંયોજક સુરેશભાઈ ગોધાણી તથા શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં યોજાયેલ સંગઠનની બેઠકમાં હળવદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને પ્રદેશ કોંગ્રેસના પૂર્વ મહામંત્રી મનસુખભાઈ એમ. પટેલ અને પ્રદેશ કોંગ્રેસના પૂર્વ મંત્રી યોગેશભાઈ ગોઠી (પટેલ)ના વોર્ડ–૮ અને અન્ય વિસ્તારના ૨૪ જેટલા કોંગ્રેસના કાર્યકર્તા ભાઈઓ–બહેનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને સુરેશભાઈ ગોધાણીએ સૌને કેસરીયો ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા.

આ તકે મુકેશભાઈ દોશીએ જણાવેલ કે રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલી ભારતીય જનતા પાર્ટી વિકાસનો પર્યાય બનેલ છે ત્યારે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ઢગલાબંધ વિકાસના કાર્યો કરેલ છે. જેના પરિણામે દેશોનો મોટો જનસમુદાય ભાજપની



વિચારધારા સાથે જોડાયેલ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી દિવસના ૧૮ થી ૨૦ કલાક કામ કરે છે અને દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્રનો દરજ્જો આપવા માટે તેઓ સંકલ્પબધ્ધ છે.ત્યારે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આતંકવાદ, નકસલવાદથી મુકત થયો છે, ૩૭૦મી કલમ હટાવી, રામ મંદિરનું નિર્માણ થવું, ત્રીપલ તલાક સમાપ્ત કરવા અને ૮૦ કરોડથી વધારે ગરીબોના કલ્યાણ માટે યજ્ઞ થયો છે ત્યારે 'અબ કી બાર ૪૦૦ કે પાર' ના નારાને સમગ્ર દેશવાસીઓ સફળ કરવા ઉત્સાહિત છે. તેમ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા પાર્ટીના કાર્યકર્તાઓના અથાક પરીશ્રમ અને જનતા જનાદર્નના આશિર્વાદથી જંગી લીડથી વિજયી બનશે તેવો નિર્ધાર વ્યકત કરતા અંતમાં મુકેશભાઈ દોશીએ જણાવેલ હતું. આ બેઠકમાં કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા કાર્યકરો ભાઈઓ–બહેનોમાં મનસુખભાઈ પટેલ(પૂર્વ પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી), યોગેશભાઈ ગોઠી(પટેલ)(પૂર્વ પ્રદેશ કોંગ્રેસ મંત્રી), મયુરભાઈ રબારા, કેતનભાઈ સુદાણી, વિપુલભાઈ વાછાણી, વિનુભાઈ બેરા, કિશોરભાઈ મોરી, જગદીશભાઈ સંતોકી, દિપ ડેડાણીયા, જય સવસાણી, વસંતભાઈ કોરીંગા, કરમસીભાઈ પનારા, ભગવાનજીભાઈ પનારા, જીતેન્દ્રભાઈ સરવૈયા, અમીતસિંહ ચૌહાણ, તેજશભાઈ રાઠોડ, દેવ અગ્રાવત, બ્રિજેશભાઈ બડાજિયા, ધર્મેશભાઈ ગુજરાતી, મનદિપભાઈ રાઠોડ, ભાવીનભાઈ પરમાર, મૌલીકભાઈ ગજેરા, પાર્થભાઈ ટોપીયા, હર્ષતિભાઈ બદાણી, પરમીલાબેન ઠુમર, વિજયાબેન દાફડા, હેતલબેન મકવાણા, હંસાબેન પરમાર સહિતના કોંગ્રેસીઓએ ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારાથી પ્રેરાઈને કેસરીયો ખેસ ધારણ કર્યો હતો. આ તકે વોર્ડ–૮ના કોંગ્રેસી કાર્યકર્તાઓને ભારતીય જનતા પાર્ટીમાં જોડાવવા માટે સંકલનકર્તા ભાજપ વોર્ડ–૮ના વોર્ડ સંગઠનના વોર્ડપ્રભારી સંજયભાઈ દવે, પ્રમુખ જયસુખભાઈ મારવીયા, મહામંત્રી દેવકરણભાઈ જોગરાણા સહિતના ઉપસ્થિત રહયા હતા.

# 'સંત પુ.જોધલપીર તપોભૂમિ ટ્રસ્ટના પ્રમુખશ્રી કિશોરભાઈ વૈશણવને ખેસ પહેરાવીને ભાજપમાં આવકારવામા આવ્યા

### સંત શ્રી જોધલપીરના પ્રાગટય દિનના ઉજવણી પ્રસંગે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી અને રાજુભાઈ ધ્રુવને નિમંત્રણ પાઠવતા જોધલપીર તપોભુમિ ટ્રસ્ટના પ્રમુખશ્રી કિશોરભાઈ વૈશણવ અને ટ્રસ્ટીઓ

રાજકોટ

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના પ્રાચીન કેશરડી ગામે સંત શ્રીજોધલપીર ધામની ધાર્મિક જગ્યા આવેલ છે. સંત શ્રી.જોધલપીરની તથા જગ્યાના પ્રાગટય દિનની ઉજવણી તા.૨૨,૨૩ એપ્રિલના રોજ યોજાનાર છે. આ કાર્યક્રમમાં પધારવા માટે સંસ્થાના ચેરમેન શ્રી કિશોરભાઈ વૈશણવ, ટ્રસ્ટીઓ શ્રી હર્ષદભાઈ આચાર્ય અને રવિન્દ્રભાઈ મકવાણા રાજકોટ લોકસભા ચૂંટણી કાર્યાલયે પધાર્યા હતા. તેઓએ શહેર ભાજપ પ્રમુખ શ્રી મુકેશભાઈ દોશી અને ભાજપ પ્રવકતા રાજુભાઈ ધ્રુવને રૂબરૂમાં નિમંત્રણ પત્રિકા આપીને પધારવા હાર્દિક નિમંત્રણ આપ્યુ હતુ. સંત પુ.જોધલપીરની ધાર્મિક જગ્યાના શ્રી કિશોરભાઈ વૈષ્ણવ એ જણાવ્યુ કે આપણી ૫૦૦ વર્ષની આતુરતાનો અંત લાવીને અયોધ્યામાં શ્રી રામલલ્લાના મંદિરની નિર્માણ કાર્ય થકી યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર ધ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી થયેલ. ત્યારે આપણા દેશમાં સનાતન હિંદુ ધર્મ અને સંસ્કૃતિનુ રક્ષણ એકમાત્ર વડાપ્રધાન શ્રી



નરેન્દ્રભાઈ મોદી અને ભાજપ કરશે આથી અમે જગ્યાના હોદેદારો એ જગ્યાની સાથે જોડાયેલા અનુયાયી વર્ગ શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપને સમર્થન જાહેર કરેલ છે. આ તકે પુ. કિશોરભાઈ વૈષ્ણવને ભાજપનો કેસરી ખેસ પહેરાવીને આવકારવામાં આવ્યા હતા.આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી,સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, શહેર ભાજપ પુર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, ભાજપના અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ રતાભાઈ પરમાર, મહામંત્રી સંજયભાઈ બગડા, કોર્પોરેટરો ભારતીબેન મકવાણા, હાર્દિક ગોહેલ, અગ્રણીઓ શ્રી દિનેશભાઈ સોલંકી, ઈશ્વરભાઈ જીતીયા, વજુભાઈ લુણસીયા, પ્રવિણભાઈ ચાવડા, હાર્દિકભાઈ ઉપસ્થિત રહયા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે સંત પુ.જોધલપીર જગ્યાના ૭૬૫ વર્ષ પ્રાચિન છે. આ સંતને વિવિધ જ્ઞાતિ–સમાજના લોકો આસ્થાળુઓ શ્રધ્ધાપૂર્વક માને છે. અમદાવાદ જિલ્લાના આસ–પાસના વિસ્તારો, દક્ષિણ ગુજરાત અને વિદેશમાં સંતશ્રીને માનનારો મોટો અનુયાયી વર્ગ છે. આ જગ્યા સંત પુ.જોધલપીરનો પ્રાગટય દિન તા.૨૩ એપ્રિલના રોજ છે. અને જગ્યાના મહંત પુ. ગોરધનદાસજીનો પ્રાગટય દિન તા.૨૨ એપ્રિલના રોજ છે. આથી જગ્યાના સંતશ્રી અને મહંતના પ્રાગટય દિનની ઉજવણી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમો અને ભવ્ય લોકડાયરો રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં પંચ દશનામ અખાડાના સ્વામી મુકેશગીરી મહારાજ ભાજપના સૌરાષ્ટ્રના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, સુરતના સંત કબીર આશ્રમના મહંત પુ. તુલસીદાસજી અને વિજાપુરડા શકિતધામના પૂ. પ્રવિણ જયમાડી અતિથિ વિશેષ પદે હાજરી આપશે. તા.૨૨ ના રોજ સાંજે ૭ વાગ્યે ભવ્ય લોકડાયરો યોજાશે જેમા કલાકારોમાં જીગ્નેશ કવિરાજ અને પુ. હેમુ બારોટ તેમની લોક સંસ્કૃતિથી કૃતિઓ રજુ કરશે.

# બે વર્ષની ઉંમરના સિંહનું સર્પદંશથી મોત

## આરએફઓ ટીમ દોડી ગઈ, વનવિભાગે મૃતદેહનો કબજે લઇ પોસ્ટમોર્ટમ કર્યુ



અમરેલી:ખાંભા તાલુકાના મુંજીયાસરની સીમમા એક સિંહનો મૃતદેહ પડયો હોવાની જાણ થતા વનવિભાગનો સ્ટાફ અહી દોડી ગયો હતો અને મૃતદેહને કબજે લઇ પીએમની કાર્યવાહી હાથ ધરી હતી. આ સિંહનુ સર્પદંશથી મોત થયાનુ જાણવા મળ્યું હતુ.સર્પદંશથી સિંહના મોતની આ ઘટના ખાંભા તાલુકાના મુંજીયાસરની સીમમા બની હતી. મળતી વિગત મુજબ, અહી જસમતભાઇ મકવાણાની વાડીની ઝુંપડીમા સિંહનો મૃતદેહ પડયો હોવાની જાણ ખેડૂતને થતા તેમણે વનવિભાગને જાણ કરી હતી. ઘટનાને પગલે ડીએફઓ રાજદીપસિંહ ઝાલા અને ઇન્ચાર્જ એસીએફ મનીષ ઓડેદરાના માર્ગદર્શન અને સુચનાથી ખાંભા તુલસીશ્યામ રેંજના આરએફઓ રાજલ પાઠક સહિત ટીમ અહી દોડી ગઇ હતી.વનવિભાગે સિંહનો મૃતદેહ કબજે લીધો હતો અને પીએમ કરાયુ હતુ. આશરે બે વર્ષની ઉંમરના આ સિંહનુ સર્પદંશથી મોત થયાનુ ખુલ્યુ હતુ.

# ચલાલામાં મારામારીના ગુનામાં ફરાર આરોપી ઝબ્બે

સાવરકુંડલા:ચલાલા પોલીસ સ્ટેશનમા નોંધાયેલા ગુનાનો આરોપી નાસતો ફરતો હોય સાવરકુંડલા ડિવીઝન પોલીસની નાસતા ફરતા સ્કવોડની ટીમે આ શખ્સને દબોચી લીધો હતો.જિલ્લા પોલીસવડા દ્વારા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા ડિવીઝન વાઈઝ સ્કવોડની રચના કરી છે. ત્યારે સાવરકુંડલા ડિવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્યની સુચનાથી નાસતા ફરતા સ્કવોડના ઇન્ચાર્જ પીએસઆઇ એમ.ડી.ગોહિલ તથા સ્ટાફ



દ્વારા ચલાલા પોલીસ મથકમા નોંધાયેલ આઇપીસી કલમ ૩૨૩, ૫૦૪,૫૦૬(૨) મુજબના ગુનાના કામનો આરોપી રણજીત ભરતભાઇ વાળા (ઉ.વ.૪૩)ને પોલીસે ઝડપી પાડયો હતો.

# અમરેલીમાં ગેરકાદેસર પ્રવૃત્તિ કરતા ત્રણ ઈસમો હદપાર

અમરેલી:અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ત્રણ લોકોને હદપાર કરવામા આવ્યા હતા.પોલીસે ગુનાહિત પ્રવૃત્તિ કરતા શખ્સો સામે તડીપાર અને પાસાનું શસ્ત્ર ઉગામતા આવારા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો.અમરેલી જિલ્લા પોલીસવડા હિંમકરસિંહની સૂચનાથી ડીવાયએસપી ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પીઆઈ ડી.કે.વાઘેલાની રાહબરી નીચે હનુમાનપરા રોડ સહજાનંદ સોસાયટીમાં રહેતા ધર્મેશ ઉર્ફે ભુરો જયંતિભાઈ



બુધેલીયા, લીલીયા રોડ રેલવે ફાટક નજીક ખોડિયારનગરમાં રહેતા દિપક હસમુખભાઈ શાહ અને બહારપરા ધાનાણી શેરીમાં રહેતા રફીક વલીભાઈ માંડલીયા સામે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ સમક્ષ હદપારી માટે દરખાસ્ત રજુ કરાઈ હતી. અમરેલી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ એમ.જે.નાકિયાએ ધર્મેશ ઉર્ફે ભુરો બુધેલીયા, દિપક શાહ અને રફિક માંડલીયાને એક વર્ષ સુધી અમરેલી જિલ્લામાંથી હદપારીનો હુકમ કર્યો હતો. બીજી તરફ રાજુલાના રામપરા-૨માં રહેતા હરસુર સાર્દુળભાઈ વાઘને રાજુલા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટે અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાંથી હદપારીનો હુકમ કર્યો હતો. સાવરકુંડલાના ડીવાયએસપી વલય વૈદ્યના માર્ગદર્શન હેઠળ હરસુર વાઘને પોલીસે ત્રણ જિલ્લામાંથી તડીપાર કરાયા હતાં.

# ૬.૬ કિ.ગ્રા. ગાંજાના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

## સુરતથી કમિશન પેટે ગાંજાનો જથ્થો લાવ્યાની આરોપીની કબૂલાત

ધોરાજી:ધોરાજીમાં રૂરલ પોલીસ ની એસ.ઓ.જી ટીમે વનસ્પતિજન્ય ગાંજા નો જથ્થો સહિત રૂ ૬૬ હજાર નો મુદ્દામાલ સાથે શખ્સ ને ઝડપી પાડી ને ગૂનો નોંધી ને આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.પૂછપરછમાં સુરતથી કમિશન પેટે લાવ્યા હોવાની આરોપીએ કબૂલાત આપી હતી.બનાવ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ રૂરલ એસ ઓ જી ટીમના પીઆઈ એફ .એ .પારગી પીએસઆઈ બી.સી મિયાત્રા સહિતના પોલીસ સ્ટાફે બાતમીના આધારે આરોપી મહમ્મદ ઉર્ફે ગુલામ હુસેન રહે ધોરાજી વાળો પોતાના કબજા ભોગવટાવાળા રેણાક મકાનમાં ગેરકાયદેસર વનસ્પતિજન્ય માદક પદાર્થનો જથ્થો વેચાણ અર્થે રાખેલ હોવાની બાતમી ના આધારે તે પોલીસ ટીમે રેડ કરતા આરોપી ના કબજા માંથી માદક પદાર્થનો જથ્થો મળી આવતા પોલીસ સ્ટાફે વનસ્પતિજન્ય મદક પદાર્થ ગાંજો ૬,૬૨૮ કિલોગ્રામ તથા મોબાઈલ



સહિત નો રૂપિયા ૬૬,૨૮૦ નો નો મુદ્દા માલ કબ્જે કરી આરોપી મહમ્મદ ઉર્ફે ગુલામ હુસેન ઉંમર વર્ષ ૫૬ રે રસુલપરા વાળા ન ઝડપી પાડી ને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તપાસમાં આરોપીએ પોલીસને આ ગાંજા નો જથ્થો સુરત ખાતેથી કમિશન પેટે લાવેલ હોય તેવું પૂછપરછ માં પોલીસ ને જણાવ્યું છે

# ભવનાથમાં દૂધની થેલી લઈ જવા પર પણ પ્રતિબંધ!

## કોર્ટના આદેશનું ખોટું અર્થઘટન કરીને ભવનાથને યાત્રિકો મુક્ત કરવાનો પેંતરો?

જૂનાગઢ:

જૂનાગઢના મુખ્ય તીર્થક્ષેત્ર ભવનાથમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધના નામે હવે દૂધની થેલી લઈ જવા પર પણ પ્રતિબંધ મૂકી દેવાતા હોબાળો થઈ રહ્યો છે. આ અંગે ગિરનાર સ્થિત અંબાજી મંદિરના મહંત મોટાપીરબાવા તનસુખગીરીબાપુએ પ્લાસ્ટિકમુક્ત ગિરનારનું સૂત્ર લાગુ કરીને ભવનાથને યાત્રીકો મુક્ત કરવાનું કારસ્તાન ચાલી રહ્યું હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, ભવનાથ વિસ્તારને પ્લાસ્ટિકમુક્ત કરવાનું અભિયાન યાત્રિકો માટે દુઃખદ છે. કારણકે આજે કોઈપણ વસ્તુ ખરીદ કરો તેનું પેકીંગ મોટાભાગે પલાસ્ટીકમાંજ આવે છે.ભારત સરકારનું ગેઝેટ જે ૨૦૧૨ માં



જાહેર કરાયું ત્યારે આ વિસ્તારને ઈકો સેન્સેટિવ ઝોન જાહેર કર્યો છે એ સાચું. પરંતુ ગેઝેટને સાચી રીતે સમજવાની જરૂર છે. તેમાં ક્યાંય પ્લાસ્ટિક ઉપરના પ્રતિબંધની વાત નથી માત્ર પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય નિકાલ કરવાની તાકીદ કરવામાં આવી છે. એ ઉપરાંત હાઈકોર્ટનો હુકમ પણ યોગ્ય રીતે સમજવાની જરૂર છે. તેમાં જો આવો આદેશ હોય તો સરકાર વતી હાઈકોર્ટનું માર્ગદર્શન માગવું જોઈએ કે, પ્લાસ્ટિક મુક્ત એટલે કોઈપણ વસ્તુ ન લઈ જવી કે પ્લાસ્ટિકના કચરાનો યોગ્ય નિકાલ કરવો?ભવનાથ તીર્થક્ષેત્રમાં ઈકોસેન્સેટિવ ઝોનના નિયમોને લાગુ કરવાની કાર્યવાહીમાં કઈક કાચું કપાઇ રહ્યું છે. ગેઝેટમાં જે લખાયું છે તેની અમલવારી કરવાની હોય તો એમાં પલાસ્ટીક કચરાનો યોગ્ય નિકાલ થાય તે વ્યવસ્થા કરવાની છે તેવું વાંચી શકાય છે. પરંતુ અહીં પ્લાસ્ટિક પેકીંગ વાળી તમામ વસ્તુઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એ વાસ્તવિકતાથી જોજનો દૂર છે. આ મામલે જરૂર જણાય તો હાઈકોર્ટનું માર્ગદર્શન પણ માગવું જોઈએ. નહીં તો જૂનાગઢમાં પણ તમામ ધંધા રોજગારને માઠી અસર થશે જેની સૌથી વધુ અસર લોકોને પણ થવાની છે.આ મામલે સરકારે યોગ્ય માર્ગદર્શન સાથે અમલવારી કરાવવી જોઈએ. કારણકે, યાત્રિકો ભવનાથ તીર્થની શાન છે. તેને થતી કનડગત એ ધર્મ સાથે છેડછાડ જેવી છે. માટે તંત્ર યોગ્ય નિર્ણય નહીં કરે તો સંત સમાજ મેદાનમાં ઉતરશે અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરતાં પણ અચકાશે નહીં. । મોટાપીરબાવા તનસુખગીરીબાપુ, ગીરનાર અંબાજી મંદિરના મહંત

# ટ્રેડીંગના નામે રૂ. ૧.૪૬ કરોડનો ઘુંબો મારનાર ૨ ના જામીન ફગાવાયા

જૂનાગઢ:જૂનાગઢના યુવાનને અમદાવાદરના જીવરાજ પાર્કમાં રહેતા અને ફૂડ ડિલીવરી બોય તરીકે કામ કરતા ભાવેશ ઉર્ફે બાકડો જશવંતભાઇ શીરકે (ઉ. ૩૮) અને બહાદુરસિંહ ઉર્ફે જીજ્ઞેશ ઉર્ફે ભોલુ ઉર્ફે આદુ ચતુરભાઇ વાણીયા (ઉ. ૩૨) એ ટ્રેડીંગમાં રોકાણ કરી ટૂંકા ગાળામાં વધુ નફો મેળવવાની લાલચ આપી હતી. એ રીતે તેઓએ ઈથેરિયમ કોડ, ક્રૂડ ઓઇલ, ફોરેક્ષ ટ્રેડીંગ, નેચરલ ગેસમાં રૂ. ૧,૪૬,૨૦,૧૪૪ પોતાના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા અને બાદમાં એ રૂપિયા બીજે ટ્રાન્સફર કરી ઉપાડી લીધા હતા. આ અંગે જૂનાગઢના સાયબર પોલીસ મથકમાં બંને સામે સાયબ્રર ક્રાઇમ ઉપરાંત છેત્તરપિંડીની ફરીયાદ નોંધાઇ હતી. જેમાં બંને હાલ જેલ હવાલે છે.તેઓએ પોતાની જામીન અરજીમાં એવી દલીલ કરી હતી કે, તેઓએ ગુનામાં સીધો કે આડકતરો ભાગ ભજવ્યો નથી. તેમને ખોટી રીતે સંડોવી દેવાયા છે. તેઓ પાસેથી મુદ્દામાલ પણ રીકવર થયો નથી. આની સામે જિલ્લા સરકારી વકીલ નિરવ પુરોહિતે એવી દલીલ કરી હતી કે, આવા ગુનામાં આરોપી ભોગ બનનાર લોકોને વધુ નફો મેળવવાની લાલચ આપે છે. ભોગ બનનાર પોતાની જીવનપર્યંતની કમાણી આ લોકોને આપી દે છે. જેના કારણે તેમણે આપઘાત કરવા સુધીની નોબત આવી જતી હોય છે. આવા આરોપીને પકડવામાં ન આવે તો તેઓ હજુ પણ આવા ગુના કરવાનું ચાલુ રાખશે. ગુનાનો વ્યાપ જોતાં તે આંતરરાજ્ય સ્તરનો છે. મોટી ટોળકીએ મળીને આ ગુનો આચરેલ છે. આથી આરોપીની ધરપકડ વગર તેના મૂળ સુધી પહોંચી શકાય એમ નથી. આ આરોપીઓને કેટલો હિસ્સો મળેલ છે એની તપાસ બાકી છે. આથી પાંચમા એડીશનલ સેશન્સ જજ આર. ડી. પાંડેએ બંનેની જામીન અરજી ફગાવી દીધી હતી.આ ગુનામાં જેઓ હજુ ફરાર છે એવા ઠાકોર રણવીરસિંહ ઉમેશસિંહ (ઉ. ૩૦, રે. ભૂદરપુરા ગામ, અમદાવાદ), જીલ ઈલ્યાસ પટેલ (ઉ. ૨૮, રે. સેટેલાઇટ, અમદાવાદ) અને ઠાકોર હિરેન જગદીશભાઇ (રે. ભૂદરપુરા, અમદાવાદ) એ પણ આગોતરા જામીન માટેની અરજી કરી હતી. જેને પણ કોર્ટે ફગાવી દીધી હતી.

# ૫૦થી વધુ સીમ ચોરી કરનાર ટીકરની તસ્કર બેલડી ઝડપાઈ

## દિવસે રેકી કરી રાત્રે અંજામ આપતા'તા, ૨.૨૪ લાખનો મુદ્દામાલ કબજે



કેશોદ:મેંદરડા, કેશોદ પંથકમાં ૫૦થી વધુ સીમ ચોરી કરનાર ટીકરની તસ્કર બેલડીને મેંદરડા પોલીસે ઝડપી લઇ સોયાબીન, મગફળી સહિત ૨.૨૪ લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. મેંદરડા તાલુકાનાં રાજેસર, રાજાવડ, સમઢીયાળા સહિતના ગામોના ખેતર, વાડીમાંથી ૫ અને કેશોદ સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ તસ્કરોએ ખેડુતોને પરેશાન કર્યા હતા. તસ્કરોને ઝડપી લઇ ચોરીનો ભેદ ઉકેલવા, પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા, એસ.પી. હર્ષદ મહેતાની સુચનાથી ડીવાયએસપી હિતેષ ધાંધલ્યાનાં માર્ગદર્શનમાં મેંદરડાનાં મહિલા પીએસઆઈ એસ.એન. સોનારા, અને ટીમનાં અરવિંદ હેરભા, શૈલેષ સોંદરવા, મેરામણભાઈ, કમલેશ પાથર, વગેરેએ તપાસ હાથ ધરી રાત દિવસ એક કરી પેટ્રોલિંગ દરમિયાન વંથલી તાલુકાનાં ટીકર ગામનો ફીરોઝ ઈસ્માઈલ સાંધ અને અબ્દુલ ઉર્ફે અબુ જુમા સાંધને ઈલેકટ્રીક બાઇક, ઘરઘંટી, ગેસનો બાટલો, ઘઉ, સોયાબીન મગફળી, એરંડા, સીલાઇ મશીન સહિત રૂપિયા ૨.૨૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામા આવ્યો હતો. રાત્રીના સમયે અત્યાર સુધીમાં ૫૦ કરતા વધારે ખેતર કે વાડીએ ખુલ્લામાં પડેલ ઘંઉ, સોયાબીન સહિતની નાની વસ્તુઓની ચોરી કરી હોવાની કબુલાત બંને શખ્સે દરમિયાન કરી હતી. અન્યની સંડોવણી છે કે કેમ સહિતના મુદ્દે પીએસઆઈ સોનારાએ વધુ તપાસ, પૂછપરછ હાથ ધરી છે.૫૦ કરતા વધારે ચોરીમાં પકડાયેલ બંને શખ્સે દોઢ વર્ષ અગાઉ જીવન નિર્વાહ માટે મજૂરી કામ કરવું પડે નહીં તે માટે કેરીના બગીચામાંથી ચોરીની શરૂઆત કરી હતી. મોટાભાગે વાડી, ખેતરમાંથી નાની નાની ચીજ વસ્તુઓની ચોરી કરતા હતા. દિવસે રેકી કરી રાત્રે છકડો રિક્ષામાં ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ના મુદ્દામાલની ચોરીને અંજામ આપતા હતા.

# પતિએ ઘરે આવી જોયું તો પત્નીનું માથું પાણીની ડોલમાં ડૂબેલું હતું

## પરિણીત મહિલાનું વિચિત્ર સંજોગોમાં મૃત્યુ, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જામનગર મોકલાયો

જૂનાગઢ:

જૂનાગઢમાં પરિણીત મહિલાનું વિચિત્ર સંજોગોમાં મૃત્યુ થતાં પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જામનગર ખાતે મોકલી તપાસ હાથ ધરી હતી.શહેરનાં મધુરમ વિસ્તારમાં પેટ્રોલ પંપની પાછળ આવેલ પ્રમુખ દર્શન સોસાયટીમાં રહેતા સંજયભાઈ જગદીશભાઈ સીંગડીયાને રવિવારે સવારે પરિવાર સાથે પ્રસંગમાં જવાનું હતું. એટલે ૨૯ વર્ષીય પત્ની નિરાલીબેને ''તમે ગેરેજ જતા આવો હું ન્હાઈ લઉં'' એમ કહેતા સંજયભાઈ ગેરેજ પર ગયા હતા અને બાદમાં પરત આવી પતિએ જોતા પત્ની નિરાલીબેન બેડરૂમના બાથરૂમમાં ઉભડક હાલતમાં નિરાલીબેન બેઠેલા અને બાજુમાં રહેલ પાણી ભરેલ ડોલમાં મોઢું ડૂબેલ હાલતમાં તેમનું મૃત્યુ થયાનું જણાયું હતું. આ અંગેની જાણ થતાં સી ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમે દોડી જઈ પરિણીતાના મૃત્યુ પાછળનું કારણ મેળવવા માટે મૃતદેહને પેનલ પોસ્ટ મોર્ટમ માટે જામનગર ખાતે મોકલી આપી મૃતકના પતિનું નિવેદન લઈ આગળની કાર્યવાહી કરી હતી. મરનાર નિરાલીબેનના ૧૨ વર્ષ અગાઉ લગ્ન થયા હતા. તેમના મોતથી દિકરો, દીકરીએ માતાનું છત્ર ગુમાવતા પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઈ હતી. વધુ તપાસ પીએસઆઈ આર. પી. વણઝારા ચલાવી રહ્યા છે.

# કેશોદની સમર્પણ હોસ્પિટલમાં ચોથા માળેથી લિફ્ટ ધડાકાભેર તૂટી પડી, એકનું મોત

## દર્દી સહિત પાંચ લોકો સવાર હતા, ચાર લોકો સારવાર હેઠળ





જુનાગઢ:જૂનાગઢના કેશોદ શહેરમાં આવેલી સમર્પણ ટ્રસ્ટ હોસ્પિટલની લિફ્ટ આજે ધડાકાભેર તૂટી પડતા લિફ્ટમાં સવાર પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં એક વ્યકિતનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે ચાર લોકોની સારવાર ચાલી રહી છે.જુનાગઢ જિલ્લાના કેશોદ શહેરમાં સમર્પણ ટ્રસ્ટ હોસ્પિટલમાં લિફ્ટ તૂટવાની ઘટના બની હતી. સમર્પણ ટ્રસ્ટની હોસ્પિટલમાં પાંચ લોકો ચોથા માળે જઈ રહ્યા હતા. જેમાં એક દર્દી, બે દર્દીના સગા ,એક લિફ્ટમેન અને એક હોસ્પિટલના સ્ટાફનો વ્યક્તિ ચોથા માળે જઈ રહ્યા હતા. ત્યારે અચાનક જ ચોથા માળેથી લિફ્ટ તૂટતા નીચે પટકાય હતી. લિફ્ટ નીચે પછડાતા લિફ્ટમાં સવાર ૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં ૫૫ વર્ષીય ગોવિંદભાઈ ભેડાનું સિવિલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે રીધમ નિમાવતને સમર્પણ ટ્રસ્ટ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.દિલીપભાઈ ભેડા, રાજેશ કચોટ, નઝીર શેખ નામના ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે જુનાગઢ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.આ મામલે સમર્પણ હોસ્પિટલના ટ્રસ્ટી મુકેશભાઈ સાથે વાત કરતા તેમને જણાવ્યું હતું કે કેશોદમાં આવેલ સમર્પણ ટ્રસ્ટ હોસ્પિટલ છેલ્લા ૧૦ વર્ષ થયા કાર્યરત છે.રોજના ૧૦૦ દર્દીઓ આ હોસ્પિટલમાં અલગ અલગ સારવાર માટે આવે છે. આ હોસ્પિટલમાં ગાયનેક ,ઓર્થોપેડિક ,સર્જન ,એમડી,ડેન્ટિસ્ટ ડોક્ટરો દર્દીઓને છેલ્લા દસ વર્ષથી તપાસે છે. અને લિફ્ટનું મેન્ટેનન્સ દસ દિવસ પહેલાં જ કરવામાં આવ્યું હતુ પરંતુ આ ઘટના કઈ રીતે બની છે તેની હાલ તપાસ શરૂ છે.

# મહિલાને તાવ આવ્યા બાદ કણ ઘટી જતા મોત

અમરેલી:

ધારીના હીમખીમડીપરામાં ૨૫ વર્ષિય મહિલાને તાવ આવ્યા બાદ કણ ઘટી જતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે ધારી પોલીસને જાણ કરવામાં આવી હતી.ધારીના હીમખીમડીપરા આંગણવાડી પાસે રહેતા બાલુભાઈ નકુભાઈ વાઘેલાએ પોલીસને જણાવ્યું હતું કે તેમના પત્ની સંગીતાબેન વાઘેલાને (ઉ.વ.૨૫)ને છેલ્લા પાંચ દિવસથી તાવ આવતો હતો. જેના કારણે શરીરમાં કણના ટકા ઘટી ગયા હતા.સંગીતાબેનને પ્રથમ ધારી બાદમાં અમરેલીની સરકારી દવાખાને બાદમાં વધુ સારવારમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે ધારી પોલીસમાં જાણ કરાઈ હતી.

# સૌરાષ્ટ્ર યુનિ.નો ભગો:બીકોમ સેમ.૪માં બિઝનેસ કોમ્યુનિકેશનને બદલે અંગ્રેજીનું પેપર આપી દેવાયું!

## પેપર સેટરની ભૂલના કારણે પરીક્ષા કેન્દ્રોમાં હોબાળો

રાજકોટ:રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વધુ એક ભગો સામે આવ્યો છે. પરીક્ષા વિભાગ દ્વારા હાલ ચાલી રહેલી પરીક્ષા દરમિયાન બીકોમ સેમેસ્ટર-૪ની વર્ષ ૨૦૧૬ના રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષામાં એકને બદલે બીજું પેપર આપી દેવાતા પરીક્ષા કેન્દ્રો ઉપર હોબાળો મચી ગયો હતો. જોકે બાદમાં પરીક્ષા વિભાગને ભૂલ થયાની ફરિયાદ મળતા અડધો કલાક બાદ નવું પેપર આપવામાં આવ્યું હતું. જોકે તેને કારણે ૨.૩૦ વાગ્યાથી શરૂ થયેલી પરીક્ષામાં વિદ્યાર્થીઓને ૩ વાગ્યે પેપર મળ્યું હતું. જેથી બાદમાં વિદ્યાર્થીઓને પેપર લખવા માટે વધુ સમય આપવામાં આવ્યો હતો.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હાલ સેમેસ્ટર-૨ અને ૪ના ૬૩,૫૫૦



વિદ્યાર્થીની પરીક્ષા ચાલી રહી છે. જેમાં આજે બી. કોમ. સેમેસ્ટર-૪માં બિઝનેસ કોમ્યુનિકેશનનું પેપર હતું. જોકે તેને બદલે વિદ્યાર્થીઓને અંગ્રેજીનું પેપર આપી દેવામાં આવતા પરીક્ષા કેન્દ્રો ઉપર હોબાળો મચી ગયો હતો. જેથી આ અંગે પરીક્ષા કેન્દ્રોના સંચાલકો દ્વારા પરીક્ષા નિયામકને ફરિયાદ કરવામાં આવી હતી. જેને પગલે તાત્કાલિક ઈમેલ ઉપર સુધારેલું બિઝનેસ કોમ્યુનિકેશનનું પેપર મોકલી દેવામાં આવ્યું હતું.આ અંગે પરીક્ષા નિયામક નિલેશ સોનીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬ના બી. કોમ. સેમ. ૪ના રિપીટર ૯૬ વિદ્યાર્થીની આજે પરીક્ષા હતી. જેમાં બિઝનેસ કોમ્યુનિકેશનના પેપરમાં ૨ સવાલો અંગ્રેજીના હતા. જેથી પેપર બદલી નાખવામાં આવ્યું હતું. મોડું પેપર આપવામાં આવતા વિદ્યાર્થીઓને પણ પેપર લખવા માટે વધુ સમય આપવામાં આવ્યો હતો. પેપર સેટરની ભૂલના કારણે ગોટાળો થયેલું જાણવા મળી રહ્યું છે.

# અમરેલી જિલ્લામાં ૨૪ સ્થળેથી દારૂ, ૧૨ નશાની હાલતમાં ઝડપાયા

અમરેલી::અમરેલી જિલ્લામાં જુદા જુદા ૨૪ સ્થળેથી પોલીસે દેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. આ ઉપરાંત ૫ વાહન ચાલકો મળી કુલ ૧૨ લોકો નશાની હાલતમાં પોલીસની ઝપટે ચડ્યા હતા. બગસરાના નટવરનગર, ડુંગર, દામનગરના ધામેલ, ખાંભાના નવામાલેક નેશ, સાવરકુંડલાના મોટા ભમોદ્રા, મફતપરા, જનતાબાગ પાસે, ગોરડક, જાફરાબાદના લુણસાપુર, પટવા, કડીયાળી, વઢેરા, સામાકાંઠા ફશરીઝ પોલીસ ચોકી, બાબરાના ચમારડી, ધારીના દલખાણીયા, લાઠીના આસોદર, લીલીયા, અમરેલીના મોણપુર, ફતેપુર રોડ હુડકો ક્વાર્ટસ, ભંડારીયા અને હનુમાનપરા રોડ સહજાનંદનગર મળી કુલ ૨૪ સ્થળેથી દેશી દારૂ ઝડપાયોઉપરાંત સાવરકુંડલાના હાથસણી રોડ, ચલાલા, ખાંભાના ખડાધાર ચેકપોસ્ટ, રાજુલાના વડલી રોડ અને નાગેશ્રીના ટીંબી ચેકપોસ્ટ પરથી ૫ વાહન ચાલક મળી કુલ જિલ્લામાં જુદા જુદા ૧૨ લોકો નશાની હાલતમાં ઝડપાયા હતા. પોલીસે આ તમામ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**બે બાઈક વચ્ચે ટક્કર, આધેડને ઈજા**

અમરેલીના ફતેપુરના પુલ પાસે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં અમરેલીના ૪૪ વર્ષિય આધેડને પગ અને શરીરે ઈજા પહોંચી હતી. આ અંગે બાઈક ચાલક સામે ગુનો નોંધાયો હતો.અમરેલીના ચક્કરગઢ રોડ સરદારનગરમાં રહેતા અમિતભાઈ કનૈયાલાલ જોષીએ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમની બાઈક લઈને પીઠવાજાળ ખાતે મહાદેવના મંદિરે દર્શન અર્થે ગયા હતા. ત્યાથી અમરેલી પરત ફરતા હતા. ત્યારે ફતેપુરના પુલ પાસે બાઈક નંબર જી.જે.૧૪.બી.એફ-૧૩૮૮ના ચાલકે પોતાની બાઈક પુરઝડપે અને બેફિકરાય ભરી રીતે ચલાવી હતી. તેમની બાઈક સાથે ભટકાવી હતી.અકસ્માતની આ ઘટનામાં અમિતભાઈ જોષીને પગના ભાગે છ ફેકચર અને શરીરે ઈજા પહોંચી હતી. આ અંગે બાઈક ચાલક સામે ગુનો નોંધાતા તાલુકા પોલીસના હેડ કોન્સ્ટેબલ એસ.જે.ગોંડલીયાએ વધુ તપાસ હાથ ધરી હતી.

**૫૫ વર્ષિય આધેડ રાજકોટ જવાનું કહી ગુમ થયા**

અમરેલીના જિલ્લા પંચાયત રોડ પરથી ૫૫ વર્ષિય આધેડ રાજકોટ જવાનું કહી ગુમ થયા હતા. આ અંગે સીટી પોલીસને જાણ કરવામાં આવી હતી. આધેડને ગુમ થવાની આ ઘટનાથી પોલીસ વધુ તપાસ હાથ ધરી હતી.અમરેલીના માણેકપરા મધુવન કોમ્પ્લેક્ષ પાસે રહેતા જયશ્રીબેન જયસુખભાઈ લુહારે સીટી પોલીસ મથકમાં જણાવ્યું હતું કે જયસુખભાઈ નાનાલાલ લુહાર ( ઉ.વ.૫૫) ૧૩ એપ્રીલના રોજ સાંજના ૫ વાગ્યે રાજકોટ જવાનું કહી અમરેલીના જિલ્લા પંચાયત રોડ પરથી ગુમ થયા હતા.આ અંગે અમરેલી સીટી પોલીસ મથકમાં જાણ કરવામાં આવતા એએસઆઈ એન.કે.જાડેજાએ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલામાં પુત્રોની યાદમાં જનેતાએ એસિડ ગટગટાવ્યું

અમરેલી:સાવરકુંડલામાં તુ દિકરાનું ધ્યાન રાખતી નથી તેમ પતિ બંને દિકરાને લઈ સુરત જતો રહ્યો હતો. બાદમા દિકરાની યાદ આવતા પરણિતાએ એસીડ ગટગટાવી લીધું હતું. તેમને સારવાર માટે દવાખાને ખસેડાયા હતા. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.સાવરકુંડલાના ઘોબાના વતની અને હાલ સુરત ખાતે રહેતા રવિનાબેન પ્રકાશભાઈ ચુડાસમાએ સાવરકુંડલા ટાઉન પોલીસને જણાવ્યું હતું કે સુરતથી તેમના પતિ અને બંને દિકરા સાથે કુંટુબીક કામકાજ અર્થે સાવરકુંડલા તેમના પિતાના ઘરે આવ્યા હતા. તેમનો મોટો દિકરો અગાશી ઉપરથી પડી જતા તેમના પતિ ખીજાયા હતા.તુ દિકરાનું ધ્યાન રાખતી નથી તેમ કહી બંને દિકરાને લઈ પ્રથમ ઘોબા અને બાદમાં સુરત જતો રહ્યો હતો. જેથી બંને દિકરાની યાદ આવતા તેને લાગી આવ્યું હતું. તેમણે એસીડ ગટગટાવી લીધું હતું. મહિલાને સારવાર માટે દવાખાને ખસેડવામા આવી હતી. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસને જાણ કરવામાં આવી હતી.